वर्ष : 8 ◆ અંક : 3
મે-જૂન 2018
સળંગ અંક : 45

कर भला होगा भला
- છગનભા



માત્ર સંસ્થાકીય
પ્રસાર માટે

# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત

કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર

સંપાદક : મણિભાઈ પ્રજાપતિ




'મનુભાઈ પંચોળી 'દર્શક' ફાઉન્ડેશન'નો 'સાહિત્ય અવોર્ડ' શ્રી ચંદ્રકાન્ત શેઠ અને 'ગ્રામપુનરુત્થાન અવોર્ડ' શ્રી હસમુખભાઈ પટેલને એનાયત કરવામાં આવ્યો તે પ્રસંગની તસવીર.






સર્વ વિદ્યાલય પરિસર, સેક્ટર-૨૩, ગાંધીનગરમાં તા. ૨૨ જૂન, ૨૦૧૮ના રોજ આયોજિત 'કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ' સમારોહમાં ઉપસ્થિત મહાનુભાવો : ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી વિજય રૂપાણી, ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોર, મંડળના પ્રમુખશ્રી ડૉ. કનુભાઈ પટેલ અને ચેરમેન શ્રી વલ્લભભાઈ પટેલ, વિશ્વવિદ્યાલયનાં ડાયરેક્ટર ડૉ.ગાર્ગી રાજપરા, જિલ્લા કલેક્ટરશ્રી એસ. કે. લાંગા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી હિતેશ કોયા વગેરે દ્રશ્યમાન થાય છે.






કડીમાં આયોજિત 'જળ એ જ જીવન અભિયાન'નાં બે દ્રશ્યો.



એચ.વી. અને વી.એમ. પટેલ બાલમંદિરમાં પ્રવેશોત્સવનું એક દ્રશ્ય.



મેઘના નિરંજન શિશુ વિદ્યા વિહારમાં આયોજિત 'શિક્ષક સજ્જતા તાલીમ શિબિર'નું દ્રશ્ય.

માત્ર સંસ્થાકીય પ્રસાર માટે

**कर भला होगा भला**

– છગનભા

# સર્વ વિશ્વવિદ્યાલય-વૃત્ત


કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું વૃત્તપત્ર

વર્ષ : ૮, અંક : ૩, મે-જૂન, ૨૦૧૮; સળંગ અંક : ૪૫

સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**


## અનુક્રમ


● સંપાદકીય : 'શ્રી મનુભાઈ પંચોળી 'દર્શક' ફાઉન્ડેશન'ના 'સાહિત્ય અવોર્ડ'થી વિભૂષિત શ્રી ચંદ્રકાન્ત શેઠ — મણિભાઈ પ્રજાપતિ ૧

૧. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી - ગાંધીનગર ઈતિહાસની અટારીએથી 'પ્રિય સર્વ વિદ્યાલય સોહે...' — ભોળાભાઈ પટેલ ૬

૨. દર્શક અવોર્ડના સ્વીકાર પ્રસંગે... — ચંદ્રકાન્ત શેઠ ૮

૩. વિવેચક ઉમાશંકર જોશી — તુલસીભાઈ પટેલ ૧૦

૪. દ્વારકાનાં નવાં સંશોધનો — નરોત્તમ પલાણ ૧૩

૫. ન્યાયિક સક્રિયતા : વાસ્તવિક મૂલ્યાંકન — ડૉ. કમલેશ પી. જોશીપુરા ૧૬

૬. ભારતના યુવાનોમાં વેલેંટાઈન ડે કેમ લોકપ્રિય બનતો જાય છે? એક સમાજશાસ્ત્રીય અર્થઘટન — પ્રવીણ જ. પટેલ ૧૮

૭. ગિજુભાઈ બધેકા — અજય પાઠક ૨૬

૮. સ્ટીવન હૉકિંગ — વિઠ્ઠલભાઈ અં. પટેલ ૩૩

૯. ગ્રંથસૌરભ — મણિભાઈ પ્રજાપતિ

– પ્રતિભા વંદના : ચાણસ્માનું ગૌરવ-૨ સંપા. મનુભાઈ જે. પટેલ અને ચંદુલાલ હી. પટેલ ૪૧

– તમારા બાળકને ઓળખો : સંપાદક : મનસુખ સલ્લા ૪૩

૧૦. સંસ્થા સમાચાર ૪૬



**પત્રવ્યવહારનું સરનામું :**

**મણિભાઈ પ્રજાપતિ :** ડાયરેક્ટર ઑફ પબ્લિકેશન્સ,

**કડી સર્વ વિશ્વવિદ્યાલય,**

એલ.ડી.આર.પી. એન્જિનિયરિંગ કૉલેજ કેમ્પસ,

સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૫

e-mail : manibhaiprajapati@gmail.com

ફોન : ૦૭૯-૨૩૨૪૪૬૯૦, મો. ૯૬૦૧૨૭૩૮૩૬


## સંપાદકીય

### 'શ્રી મનુભાઈ પંચોળી 'દર્શક' ફાઉન્ડેશન'ના 'સાહિત્ય અવોર્ડ'થી વિભૂષિત શ્રી ચંદ્રકાન્ત શેઠ

સાહિત્ય, શિક્ષણ અને ગ્રામપુનરુત્થાન ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન કરનાર પ્રતિભાઓ કે સંસ્થાઓને પુરસ્કૃત કરવાના હેતુથી રચાયેલા 'શ્રી મનુભાઈ પંચોળી 'દર્શક' ફાઉન્ડેશન'નો વર્ષ ૨૦૧૭નો 'સાહિત્ય અવોર્ડ' બહુમુખી પ્રતિભાસંપન્ન સર્જક **શ્રી ચંદ્રકાન્ત શેઠ**ને અને 'ગ્રામપુનરુત્થાન અવોર્ડ' પ્રતિબદ્ધ લોકસેવક **શ્રી હસમુખ પટેલ**ને બનાસકાંઠાના આદિવાસી વિસ્તારમાં શિક્ષણ, લોકજાગૃતિ અને લોકસંગઠનનું વિશિષ્ટ કાર્ય કરવા બદલ મ. ગ. પટેલ સર્વોદય કેન્દ્ર વીરમપુર (તા. અમીરગઢ, જિ. બનાસકાંઠા)માં અગ્રણી સર્વોદય કાર્યકર શ્રીયુત ડૉ. મિહિરભાઈ જોશીની અધ્યક્ષતામાં આયોજિત સમારોહમાં તા. ૧૨ મે, ૨૦૧૮ના રોજ એનાયત કરવામાં આવ્યો. આ પ્રસંગે સાહિત્ય, શિક્ષણ, ગ્રામસેવા વગેરે ક્ષેત્રોના અગ્રણીઓ પૈકી જ્ઞાનપીઠ અવોર્ડ વિજેતા શ્રી રઘુવીર ચૌધરી, પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ, શ્રી પ્રકાશ શાહ, શ્રી મનસુખ સલ્લા, સર્વોદય કાર્યકર ડૉ. મિહિરભાઈ જોશી વગેરેની ઉપસ્થિતિ રહી હતી. ઉલ્લેખનીય છે કે આ પૂર્વે 'સાહિત્ય અવોર્ડ' શ્રી નારાયણ દેસાઈ, શ્રી રઘુવીર ચૌધરી, શ્રી ભોળાભાઈ પટેલ, શ્રી મોહનલાલ પટેલ, શ્રી ગુણવંત શાહ વગેરેને, 'શિક્ષણ અવોર્ડ' શ્રી નવલભાઈ શાહ, શ્રી રામલાલ પરીખ, શ્રી નાગજીભાઈ દેસાઈ, શ્રી માલજીભાઈ દેસાઈ, લોકનિકેતન (રતનપુર), તથા 'ગ્રામપુનરુત્થાન અવોર્ડ' શ્રી ચુનીભાઈ વૈદ્ય, શ્રી મોતીભાઈ ચૌધરી, શ્રી કનુભાઈ કળસરિયા વગેરેને

એનાયત કરવામાં આવ્યો હતો.

આ ગૌરવશીલ અવોર્ડથી અલંકૃત થયેલા શ્રી ચંદ્રકાન્ત શેઠ અને શ્રી હસમુખ પટેલને સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગરના ચેરમેન અને કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરના પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ એમ. પટેલ અને સર્વ વિદ્યાલય પરિવાર સાહિત્ય અને સમાજસેવા ક્ષેત્રના આ બંને અગ્રણીઓને સાદર અભિનંદન પાઠવતાં ગર્વની લાગણી અનુભવે છે.

*

## 'વાગ્યોગધર્મી' સારસ્વત ચંદ્રકાન્ત શેઠ

ઉમાશંકર જોશીએ 'સર્જનનો ચહેરો ઓળખવા'ના હેતુસર 'સર્જકની આંતરકથા' (૧૯૮૪) ગ્રંથનું સંપાદન કર્યું છે. આ ગ્રંથમાં સર્જક ચંદ્રકાન્ત શેઠની કેફિયત 'મારો વાગ્યોગ' (પૃ.૮-૧૪) શીર્ષક હેઠળ ગ્રંથસ્થ છે, જેમાં તેમણે પોતાને મન શબ્દ સંદર્ભે નોંધેલ મંતવ્ય : ''શબ્દ જેના સંકેત તરીકે કામ કરે છે એ સાંસ્કૃતિક સંદર્ભમાંની અનેક બાબતો મને ગમે છે. કયારેક બધું સ્વચ્છ હોય, વ્યવસ્થિત ને રૂપાળું હોય ત્યારે મને તે સરસ્વતીના શુચિ શીલ માટે સૌથી વધુ અનુકૂળ લાગે છે. શબ્દનો આ સાંસ્કૃતિક સંદર્ભ કે પરિવેશથી વિચ્છેદ મને લેશ પણ માન્ય નથી. અનુભવની પ્રક્રિયામાં નહીં મુકાતા શબ્દ માટે મને કશી દિલચસ્પી નથી, એવા શબ્દમાં મારી કોઈ શ્રદ્ધા નથી. ઉત્કૃષ્ટ પ્રકારની સર્જકતા ઉત્કૃષ્ટ પ્રકારની અંતરતમ મનુષ્યતા વિના શકય જ નથી ને તેથી સાચી સર્જકસાધના અનિવાર્યતયા આધ્યાત્મિક સાધના બને છે. સાચી શબ્દસાધના અનિવાર્યતયા આત્મસાધના - જીવનસાધના બને છે'' દ્રષ્ટવ્ય બની રહે છે. આ મંતવ્યનો તેમના સાહિત્યમાંથી પસાર થનારને કે તેમનાં કાર્ય અને રીતિ-નીતિથી પરિચિત વ્યકિતને સહજમાં સંસ્પર્શ થયા વિના ન રહે. અને તેથી જ શેઠ સાહેબનાં આ ઉભય પાસાંઓથી સુપરિચિત તથા જીવનપોષક સાહિત્યના સર્જક - ચિંતક અને ખરા અર્થમાં આચારવિચારમાં જૈનધર્મ-દર્શનથી અનુપ્રાણિત પદ્મશ્રી કુમારપાળ દેસાઈ તેમને ''જેવા સાચા શિક્ષક એવા જ સાચા સર્જક'' તરીકે ઓળખાવે છે. શબ્દની ઉપાસનાની સાથે સાથે કર્તવ્યપરાયણતા, પુરુષાર્થ અને સચ્ચાઈએ તેમના વ્યકિતત્વનો પર્યાય બની ગયેલા ગુણો જોવા મળે છે. આ સંદર્ભે શેઠસાહેબનાં વિદ્યાર્થિની રહી ચૂકેલાં અને 'બાલવિશ્વકોશ'નાં સહકાર્યકર અને જાણીતાં બાલસાહિત્યકાર પ્રા. ડૉ. શ્રદ્ધા ત્રિવેદીનું અનુભવજન્ય મંતવ્ય : 'સત્ય પણ પ્રિય બોલો' એ સૂત્ર જાણે ખરા પણ સચ્ચાઈની બાબતમાં તો તે અપ્રિય લાગે તેવી કડવી રીતે પણ વાત કરે. સાહિત્યિક સત્યો અને સત્ત્વોની મુલવણી વખતે નર્મદ અને નિરંજનીય આવેશ તેમનામાં સંક્રાંત થઈ જાય. પ્રતિષ્ઠા ખરડાય કે સંબંધ તરડાય તે પોસાય, પણ સત્ય અને શબ્દ સાથેની મૂલ્યવત્તા માટે એકના બે ન થાય. ખુદવફાઈ ત્યાં વિજયી બને'' પણ તેમના વ્યક્તિત્વની જાણકારી હેતુ ધ્યાનાર્હ બની રહે છે. આવા મૂલ્યનિષ્ઠ સારસ્વતપુંગવ, તેમજ શીલ અને શબ્દના ઉપાસક તેમજ ગુજરાતી કવિતા માટેના સર્વોચ્ચ મહિમાસંપન્ન અવોર્ડ પૂજ્ય મોરારિબાપુ પ્રેરિત **'આદ્યકવિ નરસિંહ મહેતા એવોર્ડ'**થી અલંકૃત અને નરસિંહને અભિપ્રેત એવા ખરા અર્થમાં 'પરમ વૈષ્ણવ' કવિ ચંદ્રકાન્ત શેઠ (ઉપનામ : 'નંદ સામવેદી', 'આર્યપુત્ર', 'દક્ષ પ્રજાપતિ', અને 'બાલચંદ્ર') નું ગુજરાતી સાહિત્યનાં વિવિધ સ્વરૂપો જેમ કે કવિતા, બાળકવિતા, પ્રૌઢકવિતા, નિબંધ, એકાંકી, ચરિત્ર, સંસ્મરણ, હાસ્ય, વિવેચન - સંશોધન, બાળસાહિત્ય, અનુવાદ, સંપાદન વગેરેમાં પોતાની આગવી ઓળખ પ્રસ્થાપિત કરે તેવું સત્વશીલ અને બળૂકું પ્રદાન રહયું છે. ખાસ નોંધપાત્ર બાબત એ કે આ બધાં સ્વરૂપો પૈકી ઘણાંખરાં સ્વરૂપોની તેમની કૃતિઓ પુરસ્કૃત છે. આ બધા વિષયોના મૌલિક, અનુવાદિત અને સંપાદિત - અન્યોના સહયોગમાં સંપાદિત સહિત - તેમના ૧૨૫ જેટલા ગ્રંથો પ્રકાશિત થયા છે.

સાહિત્યસર્જનનો પ્રારંભ કવિતાથી કર્યો. પ્રારંભિક તબકકામાં જ તેમને 'બુધસભા'ના ખમતીધર કવિ તરીકે તેમ જ 'કુમારયુગની કવિતાના છેલ્લા શિખર' તરીકે નવાજવામાં આવ્યા હતા. વર્ષ ૧૯૭૨થી ૨૦૧૭ સુધી તેમના ૧૪ કાવ્યસંગ્રહો પ્રગટ થયા છે. આ પૈકી 'પવન રૂપેરી' (૧૯૭૨) 'ઉઘડતી દીવાલો' (૧૯૭૪), 'પડઘાની પેલે પાર' (૧૯૮૭), 'ગગન ખોલતી બારી' (૧૯૯૦), 'ઊંડાણમાંથી આવે ઊંચાણમાં લઈ જાય' (૨૦૦૪), 'હદમાં અનહદ' (૨૦૧૬) વગેરેનો સમાવેશ થાય છે. તેમણે છાંદસ, અછાંદસ, ગીત, ગઝલ, દીર્ઘ કવિતા વગેરે ક્ષેત્રે ઉત્તમોત્તમ કાવ્ય-રચનાઓ આપીને કવિપોતને પ્રોજ્જવલિત રીતે ઉદ્‌ઘાટિત કર્યું છે. તેઓશ્રી આધુનિક ગુજરાતી કવિતાની આગલી હરોળના પ્રતિભાસંપન્ન કવિ તરીકે ખ્યાતિપ્રાપ્ત છે. ગુજરાતી કવિતાનું એક ગૌરવશિખર છે.

તેમની સુચિંતનીય કાવ્યકંડિકાઓ પૈકી કેટલીક જોઈએ :

''તું છે મારી અંદર, તેથી ભર્યોભર્યો છું લાગું ! / તું લીલોછમ અંદર, તેથી હર્યોભર્યો હું લાગું ! // તું ઊંડાણમાંથી આવે ને ઊંચાણમાં લઈ જાય; તું પથ્થરમાંથી પ્રગટે ને પ્હાડ ઉપર લઈ જાય !... // અજિબ ઈલમ હૈ હમરે અંદર; કણ કણ દેખો મસ્ત કલંદર ! / ભીતર ઐસી લગી ફૂંક કિ / સસ્સા ભયા સિકંદર ! // ઊંડું જોયું, અઢળક જોયું; / મનમાં જોયું, મબલખ જોયું. / કયાં છે મારો દેશ ? અહીં માટીમાં ક્યાં છે ? / ક્યાં છે મારો દેશ ? અહીં મારામાં ક્યાં છે ? // ચંદ્રકાન્તનો ભાંગી ભુક્કો કરીએ. / એના મનમાં ખાલી સમય સડે છે. / ચંદ્રકાન્ત ઝટપટ હળથી ભાંગી ખેતર સપાટ કરીએ, ચંદ્રકાન્ત ભાંગી કણ કણ ખલાસ કરીએ...//

શેઠસાહેબ એક પ્રશિષ્ટ ગીતકાર તરીકે પણ આગવું ઓજસ ધરાવે છે. તેમણે કેટલીક વિદ્યાસંસ્થાઓનાં ગીતો રચેલાં છે, જેમાં 'ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ' માટેના ગીત કે જેના શબ્દો : 'અહીં જ્ઞાનસૂર્ય સંચરે, આપણું ચિત્ત પ્રકાશિત કરે...' તેમજ 'ગૂજરાત વિદ્યાપીઠ'ના 'પ્રૌઢશિક્ષણ અભિયાન' સંદર્ભે રચેલ ગીત કે જેના શબ્દો : આંખો છે તેજદાર, વાંચી જો જાણે ના ! તો તે કેટલી શરમ !' છે. આ ગીતોમાં અભિવ્યક્ત ચિંતન-દર્શન, ધ્વનિ અને લયની પ્રભાવકતા એ છે કે તેને સતત સાંભળતા રહીએ અને મમળાવતા રહીએ.

શેઠસાહેબ કવિ અને ગીતકાર તરીકે જેટલા ખ્યાત છે, તેટલા જ નિબંધકાર અને વિવેચક તરીકે પણ. તેમના વિવિધ પ્રકારના નિબંધો અને હાસ્ય-નિબંધો 'નંદ સામવેદી' (૧૯૮૦), 'ચહેરા ભીતર ચહેરા' (૧૯૮૬), 'વાણીનું સત વાણીની શક્તિ' (૧૯૯૬) 'હેત અને હળવાશ' (૧૯૯૦) વગેરે ૧૨ સંગ્રહોમાં ગંથસ્થ થયા છે. આ નિબંધોમાં તેમની સંવેદનશીલતા અને સર્જનાત્મક ગદ્યનો સુપેરે નિખાર પ્રસ્ફુટિત થયેલો જોવા મળે છે. લેખકને વેદ-ઉપનિષદોની જે સૂકિતઓ 'સાગર-સભર ગાગરો સમી લાગી' તેનું વર્તમાન યુગને અભિપ્રેત તેવું અર્થઘટન - મૌલિક ચિંતન -ભાષ્ય 'વાણીનું સત, વાણીની શકિત' (૧૯૯૭) માં રજૂ કર્યું છે. ચરિત્રો તેમ જ સંસ્મરણોમાં જે તે ચરિત્રના સમગ્ર વ્યક્તિત્વને ઉપસાવવામાં લેખક સિદ્ધહસ્ત પુરવાર થયા છે. લેખકે તેમનાં ચરિત્ર-ચિત્રણોને કલ્પનોત્થ કહીને નોંધ્યું છે કે, 'આ ચહેરાઓને અંધારે ખૂણેથીય જોવાય, એમના અંધારા ખૂણાઓ પણ જોવાય. કોણ જાણે કેમ, મને એમ કરવાનું ન ગમ્યું. મેં ઊજળે ખૂણેથી એમને જોયા, એમના ઊજળા ખૂણા જોયા, માણ્યા અને એની વાતો માંડી' અહીં લેખકના માનવીય અભિગમનાં અને ગુણગ્રાહી વ્યક્તિત્વનાં દર્શન થાય છે. આ જ રીતે 'સારસ્વત વંદના' (૨૦૦૯) માં સારસ્વતધર્મી મહાનુભાવો, સર્જકો, વિવેચકો તથા કર્મશીલોનું ચરિત્રાલેખન કરતાં સંબંધિત ક્ષેત્રોમાં તેમના પ્રદાનનું ઝીણવટપૂર્વક સાધાર અવલોકન કરીને સરસ રીતે ઉજાગર કરી આપવામાં આવ્યું છે. કેન્દ્રીય સાહિત્ય અકાદેમી, નવી દિલ્હી દ્વારા પુરસ્કૃત 'ધૂળમાંની પગલીઓ' (૧૯૮૪) તેમની યશોદાયી કૃતિ છે કે જેને હીરાબહેન પાઠક 'કવિતાની જોડિયા પેદાશ' અને આ જ ભાવને રઘુવીર ચૌધરી 'કવિતાનો હકીકત સાથે વિરલ સંયોગ' તરીકે ઓળખાવે છે. અહીં સંગૃહીત બાલ્યવયનાં સ્મૃતિચિત્રોથી ગુજરાતી સાહિત્ય જગત ન્યાલ થઈ ગયું છે. અહીં 'નિબંધકળાનું રૂડું દર્શન' જોવા મળે છે. તેમાં હૃદયની સચ્ચાઈનો રણકો સંભળાય છે. હાસ્યકાર તરીકે પણ તેમણે મોટું ગજું કાઢ્યું છે.

વિવેચક તરીકે પણ હંમેશાં તેમણે તટસ્થપૂર્ણ રહીને જે તે કૃતિને મૂલવવાનો પ્રયાસ કર્યો છે. સાહિત્યિક મૂલ્યોના જતન સાથેની તેમની નિસબત, નિષ્પક્ષતા અને નીડરતા તેમ જ સંશોધકીય અભિગમ - સ્વાધ્યાયપૂત પરિશીલન પ્રકૃતિ ધ્યાનાર્હ બની રહે છે. તેમણે 'કાવ્યપ્રત્યક્ષ' (૧૯૭૬) 'અર્થાન્તર' (૧૯૭૮), 'રામનારાયણ વિ. પાઠક' (૧૯૭૯), 'આયૂરનીનું સ્વરૂપ' (૧૯૮૪), સ્વામિનારાયણ સંતકવિતા (૧૯૮૪), 'સાહિત્ય : પ્રાણ અને પ્રવર્તન' (૧૯૯૮), 'ભક્તકવિ શ્રી નરસિંહ મહેતા' (૨૦૧૫), 'પ્રેમાનંદનું ભાષાકર્મ', (૨૦૧૬) વગેરે ૨૮ જેટલા વિવેચનગંથો આપ્યા છે. તેમનો શોધપ્રબંધ ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા **'ઉમાશંકર જોશીનો વાગ્વૈભવ'** (૨૦૦૮) શીર્ષક હેઠળ ત્રણ દળદાર ગ્રંથોમાં પ્રગટ કરવામાં આવ્યો છે. આ શોધકાર્ય પીએચ.ડી. ડિગ્રી માટેના માર્ગદર્શક અધ્યાપકો અને પદવીવાંચ્છુ સંશોધકો માટે બહુવિધ રીતે પ્રેરણાદાયી, અનુકરણીય અને નમૂનેદાર હોવા ઉપરાંત શોધકાર્યનો સીમાચિહ્નરૂપ આદર્શ પ્રસ્તુત કરે છે. ગુજરાતી શોધકાર્ય અને વિવેચનક્ષેત્રનું આ એક યુગકાર્ય છે. આ શોધપ્રબંધના અંતમાં આપવામાં આવેલી વિસ્તૃત શાસ્ત્રીયસૂચિ અને પદ્ધતિસરના ૧૦૭૨ સંદર્ભોની નોંધ પણ દ્રષ્ટવ્ય બની રહે છે. વેદની ઋચાઓના અંતઃસ્તલ સુધી પહોંચવા માટે જેમ સાયણાચાર્ય અનિવાર્ય છે તેમ ઉમાશંકર જોશીના સમગ્ર કૃતિત્વના હાર્દને પામવા યા કહો કે ઉમાશંકરને અભિપ્રેત

એવા અર્થને ઉદ્‌ઘાટિત કરવા માટે ચંદ્રકાન્ત શેઠ ઉપયોગી છે. ઉમાશંકરના 'સાયણાચાર્ય' કે સારસ્વતો જેમને 'ઉમાશંકર-પંડિત'ના હુલામણા નામથી સંબોધે છે તેવા ચંદ્રકાન્ત શેઠને શત શત વંદના. પ્રસ્તુત શોધકાર્યની મહત્તાને ઉજાગર કરતા રઘુવીર ચૌધરીના શબ્દો : 'પીએચ.ડી.ના સ્વાધ્યાય તરીકે ઉમાશંકરની કવિતા, ગદ્યસાહિત્ય કે વિવેચન - ત્રણમાંથી એક પર્યાપ્ત ગણાય. પણ આ એમના ગુરુવર્ય અગ્રણી સાહિત્યકારના સમગ્ર લેખનનો સ્વાધ્યાય કરવો એ એક સર્જક તરીકે પણ ચંદ્રકાન્તની આવશ્યકતા હતી. પીએચ.ડી.ની પદવી મળ્યા પછી આ સ્વાધ્યાય વધુ સતેજ બન્યો છે અને ત્રણ ત્રણ દાયકા સુધી એમણે આ ત્રણ ખંડનું સેવન કર્યું છે. સતત ચાલેલ શોધન-વર્ધનને કારણે આ ગ્રંથ મહાનિબંધ કરતાં કંઈક વધુ હોવાની પ્રતીતિ કરાવશે. અભ્યાસના વિષયને સાદ્યંત તપાસ્યા પછી એને વિશે નિઃશેષ કથન કરવું એ ચંદ્રકાન્તની વિવેચનાની ખાસિયત છે. વિવેચનનું વિવેચન અને સંશોધનનું શોધન-વર્ધન કરવાની ક્ષમતા અને તિતિક્ષાનું દૃષ્ટાંત પણ આ ગ્રંથ ગણાશે. ઉમાશંકર જોશીની ૯૭મી જન્મતિથિએ એમના આજીવન અભ્યાસી ચંદ્રકાન્ત શેઠનો મહાગ્રંથ પ્રગટ થાય છે એ એક સાહિત્યિક ઘટના છે. અગાઉ થયેલા સ્વાધ્યાયો અને મૂલ્યાંકનોમાં આ ગ્રંથ માગ મુકાવશે' ધ્યાનાર્હ બની રહે છે.

તેમણે વ્યક્તિગત રીતે તેમજ અન્યના સહયોગમાં વિવિધ વિષયક ૪૫થી અધિક ગ્રંથોનું સંપાદન કર્યું છે, જેમાં તેમની સજ્જતા અને ભાવકપ્રતિભાનાં સહજમાં દર્શન થાય છે. સંપાદિત ગ્રંથોમાં 'યુગદ્રષ્ટા ઉમાશંકર' (૧૯૯૫), ગૂર્જર કાવ્યવૈભવ (૨૦૦૪), 'વીસમી સદીની ગુજરાતી કાવ્યમુદ્રા' (૨૦૦૭), 'ગુજરાતી બાલવિશ્વકોશ' વગેરે સમાવિષ્ટ છે. સાહિત્યસૂચિ નિર્માણ ક્ષેત્રે તેમના દ્વારા સંપાદિત રા. વિ. પાઠક કૃત 'બૃહત પિંગળ'ની અને 'ઉમાશંકર જોશી : વાઙ્મયસૂચિ' (ઉમાશંકરનો વાગ્વૈભવ, ખંડ-૩. પૃ. ૨૩૯-૩૨૨)ની સૂચિઓ આ ક્ષેત્રમાં રસ ધરાવતાં અને સવિશેષતઃ પીએચ.ડી. ડિગ્રી હેતુ સંશોધન કર્તાઓ માટે ઉદાહરણસ્વરૂપ છે. ઉમાશંકર જોશીના બહુઆયામી વ્યક્તિત્વ અને પ્રદાનને આવરી લેતી આ સૂચિનો વ્યાપ અને વિષય-વર્ગીકરણ દ્રષ્ટિપૂત જોવા મળ્યું છે. સવિશેષતઃ ઉમાશંકર વિષયક સાહિત્યની આ સૂચિ વિશેષ સમૃદ્ધ છે. આમ છતાં આ સૂચિની બે મર્યાદાઓ એ છે કે અહીં નિર્દેશિત કોઈ ગ્રંથના પ્રકાશક અને પ્રકાશન સ્થળનો તથા ઉમાશંકર જોશી કૃત લેખોનો સમાવેશ કરવામાં આવ્યો નથી. આ સૂચિ શોધપ્રબંધના ભાગ તરીકે તૈયાર કરવામાં આવી હોવાથી સંભવતઃ અતિવિસ્તાર ભયે તેનો સમાવેશ ન કરવાનું મુનસિબ ગણ્યું હશે. તેમના ગુરુ મોહનભાઈ શં. પટેલના સહયોગમાં તૈયાર કરવામાં આવેલ 'ગુજરાતીમાં વિરામચિહ્નો' (૧૯૭૩) ખૂબ જ ઉપયોગી અને અનોખું પુસ્તક છે. આ જ રીતે ભાષાકીય પરિપ્રેક્ષ્યમાં વિશ્લેષણ અને વર્ગીકરણ સહિતની 'ગુજરાતી ગામ નામ - સૂચિ' (૧૯૯૬) પણ તેમની આગવી દ્રષ્ટિ અને રસવૈવિધ્યશીલ પ્રકૃતિનો દ્યોતક ગ્રંથ બની રહે છે. આ ઉપરાંત તેમણે 'ભાષાવિમર્શ' અને 'પરબ' સામયિકોનું સંપાદનકાર્ય પણ કેટલાક સમય સુધી કર્યું હતું.

ચંદ્રકાન્ત શેઠના સમગ્ર સાહિત્ય તેમ જ તેમના વ્યકિતત્વને ધ્યાને લેતાં સ્પષ્ટ પ્રતીત થાય છે કે તેઓ જે કોઈ કાર્ય હાથમાં લે છે તે પૂરી ગંભીરતાથી, સજ્જતાથી અને જવાબદારીની સભાનતા સાથે પૂર્ણ કરે છે, જેની પ્રતીતિ 'ગુજરાતી સાહિત્યકોશ', 'ગુજરાતી બાલવિશ્વકોશ', 'ગુજરાતી વિશ્વકોશ' જેવા સંદર્ભગ્રંથોની સંપાદકીય કામગીરી તેમ જ તેમનાં પોતાનાં અન્ય મૌલિક પ્રકાશનો તેમજ સંપાદનો જોતાં સહજમાં થાય છે.

ઉલ્લેખનીય છે કે આ બહુમુખી પ્રતિભાસંપન્ન સર્જકનો જન્મ વૈષ્ણવ પરિવારમાં તા. ૩ ફેબ્રુઆરી, ૧૯૩૮ના રોજ કાલોલ (જિ. પંચમહાલ)માં થયો હતો. વતન આણંદ જિલ્લાનું ઠાસરા. તેમના પિતા સ્વ. શેઠ ત્રિકમલાલ (ભગત) અને માતા સ્વ. સરસ્વતીબહેન પુષ્ટિસંપ્રદાયનાં ચુસ્ત અનુયાયી હતાં. પ્રાથમિક - માધ્યમિક શિક્ષણ હાલોલ અને કણજરીમાં અને ઉચ્ચ શિક્ષણ અમદાવાદમાં મેળવ્યું. સ્વ. પ્રો. મોહનભાઈ શં. પટેલના માર્ગદર્શન હેઠળ પોતાના ગુરુવર્ય તથા ગુજરાતી સાહિત્યના લબ્ધપ્રતિષ્ઠ સર્જક-વિવેચક ઉમાશંકર જોશી વિશે શોધપ્રબંધ તૈયાર કરીને ગૂજરાત વિદ્યાપીઠમાંથી ૧૯૭૯માં વિદ્યાવાચસ્પતિ (Ph.D.) ની પદવી મેળવી હતી.

કારકિર્દીનો પ્રારંભ થોડોક સમય હાઈસ્કૂલમાં શિક્ષકથી કર્યા બાદ સેંટ ઝેવિયર્સ કૉલેજ (૧૯૬૧-૬૨), આર્ટ્સ-સાયન્સ કૉલેજ, કપડવણજ (૧૯૬૨-૧૯૬૩), ગુજરાત વિદ્યાપીઠ (૧૯૬૩-૬૬), ભક્ત વલ્લભ ધોળા કૉલેજ (૧૯૬૬-૭૨) માં અધ્યાપક તરીકે સેવાઓ આપ્યા બાદ પુનઃ ગૂજરાત વિદ્યાપીઠમાં જોડાયા અને નિવૃત્તિપર્યંત સેવાઓ આપી ઈ.સ. ૧૯૯૮માં ગુજરાતી અનુસ્નાતક વિભાગના પ્રોફેસર અને અધ્યક્ષપદેથી વયમર્યાદાના કારણે સેવાનિવૃત્ત થયા. વિદ્યાપીઠમાં સેવા દરમિયાન ગુજરાતી

સાહિત્યકોશના પ્રકલ્પમાં સંપાદક તરીકે તેમને નિમંત્રણ આપવામાં આવતાં ૧૯૭૯થી ૧૯૮૪ સુધી તેઓ લિયન લઈને ગુજરાતી સાહિત્ય પરિષદમાં જોડાયા અને ત્યાં ૧૯૮૨થી ૧૯૮૪ સુધી ક.લા. સ્વાધ્યાય મંદિરમાં નિયામક તરીકે સેવાઓ આપી. નિવૃત્તિ બાદ (૧૯૯૮થી) ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટમાં જોડાયા અને 'ગુજરાતી વિશ્વકોશ'ના સહસંપાદક તરીકે હાલ તેઓ સેવાઓ આપી રહ્યા છે. તેમના મુખ્ય સંપાદકપણા હેઠળ ટ્રસ્ટ દ્વારા વર્ષ ૨૦૧૮ સુધીમાં 'ગુજરાતી બાલવિશ્વકોશ'ના ૮ ખંડો પ્રકાશિત કરવામાં આવ્યા છે. સમગ્ર વ્યવસાયિક કારકિર્દી દરમિયાન અનેકવિધ વિદ્યાસંસ્થાઓને તેમની સેવાઓ સાંપડી છે, જેમ કે સાહિત્ય અકાદમી, નવી દિલ્હીના સભ્ય, ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળના ગુજરાતી વિભાગના સલાહકાર, ગુજરાતી સાહિત્ય પરિષદની મધ્યસ્થ સમિતિના સન્માન્ય સભ્ય, ગુજરાતીનો અધ્યાપક સંઘના મંત્રી અને પ્રમુખ, ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા પ્રકાશિત ગુજરાતી સાહિત્યકોશના સહસંપાદક અને સંપાદક, ગુજરાત સાહિત્ય સભાના મંત્રી, 'સાર્થ ગુજરાતી જોડણીકોશ' માટેની પરામર્શક સમિતિના સભ્ય, વગેરેની હેસિયતથી તેમણે કામગીરી કરી હતી. યુજીસી દ્વારા વર્ષ ૧૯૮૯-૯૦ દરમિયાન રાષ્ટ્રીય પ્રાધ્યાપક તરીકે પણ મનોનીત કરવામાં આવ્યા હતા. ગુજરાતી સાહિત્ય પરિષદના ૩૩મા અધિવેશનની સર્જનાત્મક સાહિત્યની બેઠકના વિભાગીય પ્રમુખ તરીકે પણ તેમણે સેવાઓ આપી હતી.

## પારિતોષિકો - અવૉર્ડો

આવા ગૌરવશીલ વિદગ્ધ સર્જક ચંદ્રકાન્ત શેઠની ઘણી કૃતિઓ તેમજ તેમના બહુઆયામી સમગ્ર પ્રદાનને ધ્યાને લઈને બહુવિધ વિદ્વત્ત સંસ્થાઓએ તેમને બહુમૂલ્ય ચંદ્રક, પારિતોષિક, અવૉર્ડ વગેરેથી વિભૂષિત કરવામાં આવ્યા છે, જેની સંખ્યા ૩૦થી અધિક છે. આ પૈકી પ્રાપ્ત કેટલાક નોંધપાત્ર અવૉર્ડ નીચે દર્શાવ્યા છે.

❒ 'કુમાર' ચંદ્રક (૧૯૬૪) - કવિતા માટે.

❒ ઉમા - સ્નેહરશ્મિ પારિતોષિક, 'ધૂળમાંની પગલીઓ' માટે (૧૯૮૪-૮૫)

❒ રણજિતરામ સુવર્ણચંદ્રક (૧૯૮૫)

❒ સાહિત્ય અકાદેમી, નવી દિલ્હી - નેશનલ અવૉર્ડ, 'ધૂળમાંની પગલીઓ' માટે (૧૯૮૬).

❒ 'કવિલોક' તરફથી બલવંતરાય ઠાકોર પારિતોષિક, કવિતા માટે (૧૯૮૬).

❒ ધનજી કાનજી ગાંધી સુવર્ણચંદ્ર 'પડઘાની પેલે પાર' માટે (૧૯૮૬-૮૭).

❒ જ્યોતિન્દ્ર હ. દવે (હાસ્ય) પારિતોષિક, 'હેત અને હળવાશ' માટે (૧૯૯૦-૯૧).

❒ નર્મદ સુવર્ણચંદ્રક 'પડઘાની પેલે પાર' માટે (૧૯૮૩-૮૭).

❒ રામપ્રસાદ પ્રેમશંકર બક્ષી (સાહિત્યશાત્ર) પારિતોષિક, 'સાહિત્ય : પ્રાણ અને પ્રવર્તન' માટે (૧૯૯૮-૯૯).

❒ શ્રી અનંતરાય રાવળ વિવેચન અવૉર્ડ (૨૦૦૦).

❒ શ્રી નટવરલાલ માલવી (બાલસાહિત્ય) પારિતોષિક, 'હું તો ચાલું મારી જેમ' માટે (૨૦૦૧).

❒ આદ્યકવિ શ્રી નરસિંહ મહેતા અવૉર્ડ (પૂ. મોરારિબાપુ પ્રેરિત, ૨૦૦૫).

❒ ગુજરાત સાહિત્ય અકાદમીનો ગૌરવ પુરસ્કાર (૨૦૦૬).

❒ સારસ્વત ગૌરવ પુરસ્કાર (વિદ્યાવિકાસ ટ્રસ્ટ તરફથી, ૨૦૦૭).

❒ સચ્ચિદાનંદ સન્માન (ગુજરાતી સાહિત્ય પરિષદ તરફથી, ૨૦૧૦).

❒ પ્રેમાનંદ અવૉર્ડ (પ્રેમાનંદ સાહિત્યસભા તરફથી, ૨૦૧૬).

❒ લાઈફ ટાઈમ એચિવમેન્ટ અવૉર્ડ (હ્યુમન સોસાયટી ઓફ ઈંડિયા - નડિયાદ, ૨૦૧૬),

❒ વિનોદ નિઓટિઆ કાવ્યમુદ્રા અવૉર્ડ (૨૦૧૬).

❒ મનુભાઈ પંચોળી 'દર્શક' ફાઉન્ડેશન 'સાહિત્ય અવૉર્ડ' (૨૦૧૭).

શેઠસાહેબના વ્યક્તિત્વ અને સર્જન વિષયક અભ્યાસગ્રંથો : ૧. સારસ્વતયોગના ઉપાસક ચંદ્રકાન્ત શેઠ / શ્રદ્ધા ત્રિવેદી (૨૦૦૭), ૨. ચંદ્રકાન્ત શેઠની નિબંધસૃષ્ટિ / ડૉ. અશોક ચૌધરી (૨૦૧૬) ૩. ચંદ્રકાન્ત શેઠની કાવ્યસૃષ્ટિ / ડૉ. અશોક ચૌધરી (૨૦૧૬)

સરનામું : ૯ બી, પૂર્ણેશ્વર ફ્લેટસ, ગુલબાઈ ટેકરા, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન ૦૭૯ - ૨૬૩૦૦૯૨૮, મો. ૯૪૨૮૧૦૧૭૯૭.

**મણિભાઈ પ્રજાપતિ**

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી - ગાંધીનગર

# ઈતિહાસની અટારીએથી

## `પ્રિય સર્વ વિદ્યાલય સોહે...'

ભોળાભાઈ પટેલ

સર્વ વિદ્યાલય વિશે સદ્‌ગત ઉમેદભાઈ પટેલે લખેલા ગાનની આ પહેલી પંક્તિના બે શબ્દો 'પ્રિય' અને 'સોહે' કોઈ સ્તોત્રગીતમાં આવતા લયાન્વિત કર્ણમધુર શબ્દો જ નથી રહેતા, પણ હૃદયની સાચી અભિવ્યક્તિરૂપે અનુભવું છું. સર્વ વિદ્યાલય પ્રિય છે, આજે પણ – અનેક શિક્ષણ સંસ્થાઓના પરિચયમાં આવ્યા પછી પણ – સર્વ વિદ્યાલય ચિત્તમાં સોહી રહી છે – આજે પણ અનેક શિક્ષણ સંસ્થાઓના કૅમ્પસ જોયા પછી પણ. કદાચ કિશોરાવસ્થાના ભાવનાભર્યાં વર્ષોનો લાગેલો રંગ હજીય એવો જ ગાઢ રહ્યો છે. મારી જેમ સર્વ વિદ્યાલયના અનેક છાત્રોના જીવનનો પણ આ જ અનુભવ હશે.

સર્વ વિદ્યાલયની જે વિશિષ્ટતા તે તેની આશ્રમિક શિક્ષણ રીતિ. કડવા પાટીદાર આશ્રમ સાથે જ સર્વ વિદ્યાલયનું સ્મરણ હોય. એ બંને અભિન્ન છે. સર્વ વિદ્યાલય કહો એટલે આશ્રમ પણ આવી જ જાય. કંઈ નહિ તો હું એ બંનેને અલગ જોઈ શકતો નથી. આ આશ્રમિક જીવનમાં માત્ર શિક્ષણાર્થી ન રહેતાં વિદ્યાર્થી સભાનપણે, ક્યારેક અભાનપણે પણ જીવનાર્થી બની રહેતો.

આજે જ્યારે વિચારું છું ત્યારે લાગે છે કે કેટલી બધી ભાવનાઓ, આદર્શો કે ખ્યાલો જે અંકુરરૂપે તે દિવસોમાં – સર્વ વિદ્યાલયના છાત્રજીવનના દિવસોમાં – ફૂટ્યા હતા, તેમાંથી જ આજે જાણે કેટલાક પલ્લવિત પુષ્પિત થયા છે. પછીના જીવનની અનેક વિદ્યાકીય કે અન્ય ઉપલબ્ધિઓ તે સર્વ વિદ્યાલયના જીવનકાળની જ વિસ્તૃતિ છે.

એ આશ્રમિક દિવસોમાં પ્રભાત ઊગતું ઘંટના રવ સાથે. વહેલી સવારના પ્રફુલ્લિત થઈ ખુલ્લા મેદાનમાં વ્યાયામ અને પછી અધ્યયનના શાંત કલાકો હજીય સ્મરણમાં છે. વર્ગોની દીવાલો કરતાં આશ્રમના વાતાવરણમાંથી જાણે વધારે પામતા. સાંજે અંધારું ઊતર્યે આશ્રમના અંદરના પ્રાંગણમાં પ્રાર્થનાની મિનિટો જીવનનું અમૂલ્ય પાથેય બની ગઈ છે. આજે પણ એ પ્રાર્થનાની પંક્તિઓ રહી રહીને ગુંજી ઊઠે છે.

આશ્રમમાં અમને રહેતાં આવડ્યું સમૂહમાં. માણસ સાથે માણસનો વ્યવહાર અમે શીખતા હતા. ગામડાગામના થોડાક મિત્રોના વર્તુળમાંથી આવી આ વિશાળ છાત્રવૃન્દ વચ્ચે જીવવામાં એક તાલીમ મળી જતી હતી. સાથે ઊઠવું, સાથે જમવું, સાથે ભણવું, સાથે પ્રાર્થવું, સાથે છાત્રજીવનના અનેક પ્રસંગો માણવા એ ઓછું પામવાનું નહોતું. કેટલા બધા મિત્રો સાથે નાતો બંધાયો, કેટલાક સાથે જીવનભરનો. કેટલાક ક્યારે ક્યારે હૃદયના એકાંતોમાં ક્યારેક ડોકિયાં કરી જાય. મૈત્રી એ તો પરમધન. એ પરમધન જીવનમાં ઘણું બધું સર્વ વિદ્યાલયના દિવસોમાં એકઠું કરી લીધું છે.

માણસ સાથે જીવવાની તાલીમ મળી, એની સાથે પ્રકૃતિ સાથે પણ. સર્વ વિદ્યાલયના પરિસરમાં પ્રવેશતાં જ તેનાં ઊંચાં લીમડાનાં ઝાડ સ્વાગત કરે છે. પછી તો એ ઝાડ સાથે એક જીવનભરનો નાતો બંધાઈ જાય છે. એ લીમડાનાં ઝાડ આ વિસ્તારના કાગડાઓનો નિવાસ છે. સવારમાં જ તેમના અવાજથી આશ્રમ ભરાઈ જાય છે. આશ્રમની આસપાસનાં આંબાવાડિયાં કે ખેતરો નિસર્ગ સાથેનો સંપર્ક સતત રાખે છે. આમ તો કડીની

આસપાસ કોઈ નદી નથી, પહાડ નથી તેમ છતાં તેની તળ ભૂમિનો સંપર્ક અને તેની સભાનતા છાત્રોને સર્વ વિદ્યાલયના કૅમ્પસ પરથી મળી રહે છે.

વૃક્ષોની વિવિધતા અવશ્ય ઓછી છે, તેમ છતાં ચુપચાપ પુષ્પો ખેરવતાં પારિજાતનું અને કવિ કાલિદાસનેય પ્રિય એવાં ફૂલો ધરાવતાં શિરીષનું આજેય સ્મરણ છે. એય સ્મરણ છે જ્યારે પહેલો વરસાદ પડે ત્યારે આશ્રમના પ્રકૃતિપ્રિય ગૃહપતિ સાથે વરસાદ ઝીલતા, ખેતરો ખૂંદતા બહાર નીકળી પડ્યા હોઈએ.

પણ શું માનવમાનવ સંબંધોની અભિજ્ઞતા કે શું માનવપ્રવૃત્તિ સંબંધોની અભિજ્ઞતા–એ અભિજ્ઞતા કેળવાતી રહી અહીંના છાત્રવત્સલ અધ્યાપકવૃંદ અને ગૃહપતિવૃંદથી. એક રીતે તેમનાં જીવન આદર્શરૂપ બની રહે તેવાં હતાં. સતત અધ્યયન પરાયણ અધ્યાપકવૃંદ છાત્રોને તેમના અધ્યયનમાં પ્રત્યક્ષ અને પરોક્ષરૂપે પ્રેરક બની રહે. શાળાના જીવનમાં તો છાત્ર પામતા જ હોય, પણ આશ્રમજીવનમાં પણ સાંજના પ્રાર્થના પ્રવચનોમાં કે ગૃહપતિના ઓરડે ઓરડે થતા ભ્રમણ સંલાપમાં એથીય વિશેષ અનૌપચારિક પણે પામતા.

સર્વ વિદ્યાલયના દીર્ઘ – દાયકાઓ વ્યાપી જીવનમાં (એક સંસ્થાને પણ 'જીવન' હોય છે.) અનેક છાત્રો અને અનેક અધ્યાપકો આવી ગયા છે. દરેક છાત્રને પોતપોતાના અધ્યયનકાળના અધ્યાપકોનું વિશેષરૂપે સ્મરણ હોય. હું જ્યારે સર્વ વિદ્યાલયમાં આવ્યો ત્યારે અનેક તેજસ્વી અધ્યાપકો વિશે સાંભળતો. આદરણીય બાપુભાઈ ગામી કે ઉમેદભાઈ પટેલનાં નામ તો કેટલી વેળા ? પણ અમને જેમના સાન્નિધ્યનો લાભ મળ્યો તેમાં તો પૂજનીય નાથાભાઈ સાહેબ, શ્રી અંબાલાલ સાહેબ, શ્રી રામભાઈ સાહેબ, શ્રી મોહનભાઈ સાહેબ, શ્રી રતિભાઈ ગામી સાહેબનો કૃતજ્ઞભાવે ઉલ્લેખ કરવો જ રહ્યો. એક સંસ્થા એ માત્ર દીવાલો નથી, ઇમારતો નથી; એક શિક્ષણ સંસ્થા એટલે એના અધ્યાપકો અને એના છાત્રો – અને એમના સંબંધોથી ઊભું થતું શૈક્ષણિક વાતાવરણ. આવું એક ઇષ્ટ વાતાવરણ હોય પછી અધ્યયનનો યજ્ઞ તો લગાતાર ચાલતો રહે છે. સર્વ વિદ્યાલયમાં કંઈ નહિ તો મારા છાત્રજીવન દરમિયાન એ વાતાવરણ જોવા મળ્યું છે. અહીંના અનેક અધ્યાપકો કોઈ યુનિવર્સિટીમાંય શોભાસ્પદ સ્થાન ધરાવે તેવા જોવા મળ્યા છે.

શિક્ષણની સાથે અહીં સંગીત, વ્યાયામ, ચિત્રકલા આદિના અધ્યયનની પણ વ્યવસ્થા હતી. એટલું જ નહિ એને વધારે ઉત્તેજન આપવામાં આવતું. સર્વ વિદ્યાલયમાં ભણવામાં હોશિયાર હોવું એ ગૌરવ એટલું નહોતું જેટલું વ્યાયામવીર થવું કે સંગીતકાર થવું કે કલાકાર થવું. આવી પ્રવૃત્તિઓમાં અગ્રગણ્ય છાત્રોની હંમેશાં ચર્ચાઓ થતી. ભણે તો સૌ.

હા, ગ્રંથાલયનો જે વધારે ઉપયોગ કરતા એવા છાત્રોની પણ ચર્ચાઓ થતી. આચાર્ય નાથાભાઈ ઘણી વાર લાઇબ્રેરીનું રજિસ્ટર લઈ વર્ગમાં આવે અને કયા વિદ્યાર્થીએ કેટલી ચોપડીઓ, કેવા પ્રકારની ચોપડીઓ લાઇબ્રેરીમાં લીધી છે, તેની રસપ્રદ મોજણી કરે. સર્વ વિદ્યાલયન હસ્તલિખિતોની પણ આગવી પરંપરા રહી છે. એના 'ગુરુપત્રે' પણ ઇતિહાસ સર્જ્યો છે. પરંતુ આ સૌમાં આચાર્યઅધ્યાપક છાત્રોનું પારસ્પરિક સૌહાર્દ કારણભૂત રહ્યું છે.

સર્વ વિદ્યાલયે આ વીસમી સદીના આરંભિક દાયકાઓથી માંડી આજ સુધી એક ખૂણેથી જ્ઞાનનો પ્રકાશ સતત પાથર્યા કર્યો છે. અનેક છાત્રોના જીવનને ઉજ્જ્વળ બનાવી ગુજરાતને તો તેણે ઉજ્જ્વળ બનાવ્યું છે.

સર્વ વિદ્યાલય સાચે જ તીર્થભૂમિ છે, પ્રિય અને સુંદર તીર્થભૂમિ – સદ્ય ફ્લપ્રદાયિની તીર્થભૂમિ, જેનું સ્મરણ આનંદ જગાડી રહે છે.

**(સર્વ વિદ્યાલય કેળવણી મંડળ અને કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડી અમૃત મહોત્સવ સ્મૃતિગ્રંથ (૧૯૮૪) પૃ. ૬૮-૬૯માંથી સાભાર)**

*'શ્રદ્ધાનો હો વિષય તો પુરાવાની શી જરૂર? કુરાનમાં તો ક્યાંય પયગંબરની સહી નથી!*
*તકદીર ખુદ ખુદાએ લખી પણ ગમી નથી સારું થયું કે કોઈ આ મનુજે લખી નથી...'*

**જલન માતરી**

# દર્શક અવૉર્ડના સ્વીકાર પ્રસંગે..

**ચંદ્રકાન્ત શેઠ**

શ્રીયુત ડૉ. મિહિરભાઈ જોશીની અધ્યક્ષતામાં 'શ્રી મનુભાઈ પંચોળી – દર્શક ફાઉન્ડેશન' તરફથી સમગ્ર સર્જનાત્મક લેખન માટે આજે મને સાહિત્ય અવૉર્ડ આપવામાં આવે છે તે બદલ ફાઉન્ડેશનનો તેમ જ અવૉર્ડ માટેની નિર્ણાયક સમિતિના સૌ સભ્યોનો હું આભાર માનું છું અને મારો આનંદ પણ વ્યક્ત કરું છું. જેમણે ભારતના આત્માનો સાક્ષાત્કાર કર્યો છે, જેમણે આપણા આધ્યાત્મિક ને સાંસ્કૃતિક વૈભવ અને વારસાને આત્મસાત્ કરી, શિક્ષણ તેમ જ સાહિત્યના માધ્યમથી તેનું જીવનભર આપણને દર્શન તેમ જ રસપાન કરાવી, ગ્રામોદય, સર્વોદય ને આત્મોદય પ્રતિ પ્રેરવાનું સત્કાર્ય કરવામાં ધન્યતા અનુભવી છે તે કલાના શબ્દના મર્મજ્ઞ અને શબ્દની કલાના સમર્થ સર્જક મનુભાઈની મીઠી છાયામાં આ અવૉર્ડ નિમિત્તે ઉપસ્થિત થવાનું મને મળ્યું છે તેને મારું સદ્ભાગ્ય સમજું છું.

આપણા મહાન નવલકથાસર્જક ગોવર્ધનરામથી નવલકથા સાહિત્યમાં જે સત્ત્વનિષ્ઠ દર્શન પરંપરાનો શુભારંભ થયો તે પરંપરા આજ દિન સુધી ટકી છે અને તે 'દર્શકના દેશ'નું સબળ પ્રતિનિધાન કરનાર આપણા આધુનિક નવલકથાસર્જક રઘુવીરભાઈના અક્ષરલોકમાં પણ દેખા દેતી રહી છે તે નોંધવું જોઈએ.

આ દર્શનને અનુલક્ષીને થોડીક વાત કરું તો આજના અવસરે સમુચિત લેખાશે.

ભટ્ટ તૌતે માર્મિક રીતે કહેલું : 'कविः किल दर्शनात् ।' જેમ શબ્દ અને અર્થના યોગે સાહિત્ય તેમ દર્શન અને વર્ણનના યોગે સાહિત્યની કલાકૃતિ સિદ્ધ થાય છે. ઉત્તમ સર્જક દર્શક ન હોય એ હું સ્વીકારી શકતો નથી. દર્શન હોય જીવનસંદર્ભે, સર્જન હોય કલાસંદર્ભે. બંનેયનું હોય છે અવિયોજ્ય સાહચર્ય – સાયુજ્ય – અદ્વૈત. સાહિત્યસર્જક દ્વારા જે કંઈ વાણીમાં – શબ્દાર્થ દ્વારા આવિર્ભૂત થાય છે તેમાં જીવનની ઝલક અનિવાર્યતયા પ્રગટેલી હોવાની જ. પાકા સર્જકના કલાપુષ્પમાંથી સહજતયા જ જીવનમૂલ્યોની મીઠાશ ફોરતી હોવાનો આહ્લાદક અનુભવ મળવાનો જ. ઉત્તમ સાહિત્યકૃતિમાં સર્જકચેતના – શબ્દચેતના – જીવનચેતનાનું એક અનોખું રાસાયણિક રૂપ સિદ્ધ થયેલું હોય છે. તેથી જ સાહિત્યસર્જકને તેની સર્જન-કૃતિથી અલગ કરીને પામી શકાતો નથી. આપણા ઉત્તમ સાહિત્યસર્જકો જેટલા એમની સર્જનકૃતિ સાથે એકરૂપ ને એકાકાર – એટલી એમની કલાગત વિશેષતા. સત્ત્વશીલતા ને સુન્દરતાની; પ્રેમ, કરુણા ને સચ્ચાઈની ઉત્તમ કલાકૃતિમાં સર્વોચ્ચ સ્તરે એકાત્મતા સધાય છે ત્યારે જ આપણને જીવન અને જગતના મૂળભૂત રહસ્યમર્મો સુધી પહોંચવાનો રમણીય અવસર મળતો થાય છે.

સાહિત્યસર્જનનું ક્ષેત્ર મારે મન તો સાત્ત્વિકતાનો જ પ્રદેશ. એમાં અહંકાર, અસત, દંભ, દુર્ભાવ વગેરે સર્જકતાના પોષક નહીં પણ અવરોધક દુરિતો છે. એમનાથી ચેતીને ચલાય એટલો સર્જનાત્મક સત્ત્વશીલતાને લાભ. સર્જકે પોતાને પ્રદૂષિત કરે, પોતાના દર્શનને વિકૃત કે સંકુચિત કરે એવાં તત્ત્વોથી બચવાનું રહે છે. એક અદના સર્જક તરીકે મારી મથામણ પણ બને તેટલી ચોખ્ખા થઈને – રહીને સરસ્વતીના મંદિરમાં પ્રવેશ કરવાની રહી છે. જોકે એમાં કેટલી સફળતા મળી છે તે આજના તબક્કે પણ મારામાંની ગરબડોના કારણે મારાથી કહી શકાતું નથી; પરંતુ મથામણની મજા પણ માણવા જેવી તો લાગે છે ! સત્કર્મના શુભ પરિણામમાં મારી શ્રદ્ધા અવિચળ હોઈ એ દિશાની મથામણો આજેય ચાલતી રહી છે.

મારા જન્મજાત સંસ્કાર-સત્ત્વે મને ઉશ્કેર્યો, શબ્દની દુનિયામાં કામ કરવા અને એણાં સ્વાધ્યાય-પ્રવચન દ્વારા, વાચન-ભાવન દ્વારા, લેખન-સર્જન દ્વારા જે કંઈ ખેલ મારી અંદરની સૂઝ-સમજે પાડ્યા એમાં મને ઠીક-ઠીક મોજ મળતી રહી. મારું બધું શબ્દસર્જન એવા વિવિધ ખેલોનું પરિણામ. એવા ખેલોથી બીજાઓને જે લાગતું હોય તે ખરું. પણ વિના કોઈ પૂર્વગ્રહ, સ્વચ્છમુકુરીભૂત હૃદયે કોઈને મારા સર્જાયેલા શબ્દમાં સુન્દરતા લાગે – સારપ લાગે તો દેખીતી રીતે જ મને એ ગમે. આપણું કામ બેકાર ગયું નથી એવી કંઈક હૈયાધારણ મળે. મારી આજની આ વાતનેય ગમતાના ગુલાલની એક ચપટી રૂપે જોશો તો એ ઠીક થશે.

કોઈ પણ શબ્દ–સર્જકનું બધું જ સર્જન (પછી એ

પરલક્ષી સર્જન હોય તોપણ) અનિવાર્યતયા કોઈને કોઈ રૂપે, કોઈ ને કોઈ અંશમાં આત્મકથનાત્મક હોય જ છે એવી મારી સ્પષ્ટ માન્યતા. શબ્દમાંથી શબ્દ બોલનારને કોઈ રીતે ક્યારેય બાદ કરી શકાતો નથી. મારા શબ્દને હું મારા સત્ત્વથી – મારા સતથી છૂટો ન જ પાડી શકું. જેવો મારો દેહ, જેવું મારું મન, એવી મારી વાણી. દેહમાં જો આત્મા હોય તો તેનું મૂલ્ય તેમ વાણીમાં સત્ત્વ ને સત્ય હોય તો તેનું મૂલ્ય. 'ધૂળમાંની પગલીઓ' લખાયું બાળલીલાના સત્ત્વરસનો ફરીથી સ્મરણના સ્તરે સ્વાદ માણવાના ખ્યાલથી. મારામાં જે કંઈ સાચ કે સચ્ચાઈ છે તેને મારી વાણીમાં ઉઘાડવા-ઉતારવાની એક સર્જક તરીકે મારી મથામણ – મારો ધખારો હંમેશાં હોય છે અને તે 'નંદ સામવેદી'માં પણ પામી શકાશે. 'નંદ સામવેદી' મારી 'અધરસૅલ્ફ' છે. તન ને મન જુદાં પડે તો કેમ ચાલે ? સાહિત્યકૃતિમાં પણ શબ્દ અને અર્થને જુદા કેમ પડવા દેવાય ?

મારે કહેવું જોઈએ કે મારા હાડમાં છે કવિતા. એમાં જ્યારે 'એકસૂરીલાપણું' લાગે ત્યારે બીજાત્રીજા કાવ્યરૂપોમાં વળું છું. સર્જકતાની દૃષ્ટિએ, તત્ત્વાભિગમથી જોઉં તો ગદ્યપદ્યના વિવિધ સાહિત્યિક પ્રકારોનું દેહધર્મે વજૂદ છે જ, પરંતુ સર્જન-ભાવનની ચરમ કોટિએ – આત્મસંવેદનની સર્વોચ્ચ ભૂમિકાએ એ બધા પ્રકારભેદોની સભાનતા રહેતી નથી. જે વાનગી કરવી હોય તે કરો જમવી હોય તે જમો; એ પથ્ય હોવી જોઈએ, એનો સ્વાદ આવવો જોઈએ અને એ રીતે – એના થકી પ્રસન્નતા ને પુષ્ટિ પ્રાપ્ત થવાં જોઈએ.

આપ સૌએ મને અર્પેલો આ પુરસ્કાર મારા માટે પ્રસન્નતા ને પુષ્ટિ વધારનારો તો જ લાગે જો એ વ્યાપક સમાજને કલાના શબ્દની – શબ્દની કલાની નિકટ લાવવામાં નિમિત્તરૂપ થાય.

આપ સૌનો આભાર માનીને, લોકભારતીની ગ્રામોદયની ભાવનાને સર્જનાત્મક રીતે સમાજસેવાનાં ઉમદા કાર્યોમાં મૂર્ત કરી રહેલા મારા આત્મબંધુ શ્રી હસમુખભાઈ પટેલને પણ દર્શક ફાઉન્ડેશનના પુરસ્કાર બદલ અભિનંદન આપીને વિરમું. (દર્શક અવૉર્ડ નિમિત્તે તૈયાર કરેલું વક્તવ્ય)

**૧૨ મે, ૨૦૧૮,**
વીરમપુર,
જિ. બનાસકાંઠા

**ચંદ્રકાન્ત શેઠ**
**૯બી, પૂર્ણેશ્વર ફ્લેટ્સ, ગુલબાઈ ટેકરા,**
**અમદાવાદ - ૩૮૦૦૧૫**
**M. ૯૪૨૮૧૦૧૭૯૭**

સૌજન્ય, સ્વાતંત્ર્ય-પ્રીતિ અને સર્જકતાના ત્રણ નિર્મળ-પ્રબળ પ્રવાહોનો ત્રિવેણી-સંગમ અટલે ચંદ્રકાન્ત શેઠ. વીસમી સદીના ઉત્તરાર્ધની ગુજરાતી કવિતામાં, વિવેચન-સંપાદન-સંશોધનમાં, લલિત ગદ્યમાં એમનું જ માતબર અર્પણ છે, તે આ શક્તિ-ત્રયીના સમુદયની નીપજ રૂપે સમજી શકાય. એમની કલમ અને અમનાં ચિત્તતંત્રમાં એક સહજ અને સશક્ત સોષ્ઠવ છે. જીવનની અને સાહિત્યની કટોકટીઓમાં એમને આ સૌષ્ઠવ, દાન્તેના વર્જિલ જેવું, પાર ઉતારે છે, એવું જણાય છે. સાહિત્ય-વિચાર, સંસ્કૃતિ-ચિંતન અને કૃતિ-રચનામાં એમનું વલણ જો મધ્ય-માર્ગી હોય તો એ એમના વ્યક્તિત્વની સુજનતાનો જ નહીં, એમના હાડમાં પડેલી પેલી સ્વાતંત્ર્ય-પ્રીતિનો પણ એમાં ભાગ છે. વહેવારુ અંતિમો તરફથી આવતાં દબાણોને એ વશ નથી થતા. એમની કવિતાના મૂળને એક શોધક ચેતના અને એક શોધન પ્રક્રિયાનું સંયુક્ત રસાયણ પોષણ આપતું જણાય છે. જાતને અને જગતને આ કવિ ફંફોસ્યા કરે છે, શોધતો ફરે છે. સાથે જ એ પોતાનું શોધન કરતો રહે છે, નિર્મળ થતો રહે છે. ''ચંદ્રકાન્તનો ભાંગી ભૂક્કો કરીએ'' અને ''ઊંડું જોયું, અઢળક જોયું'' બંને પંક્તિઓના કવિ એક જ છે. જળ અને જાળ, બંનેને એ જાણે છે અને જાળવે છે. વિવેચન, સંપાદન અને સંશોધનમાં ચંદ્રકાન્ત શેઠે વિશ્વસનીયતાને રસિકતા સાથે સાંકળી આપતું કામ કરી બતાવ્યું છે. ''સાહિત્યકોશ'' અને ''વિશ્વકોશ'' એમની હકીકતો અંગેની ચીવટ અને સાહિત્ય અંગેની મર્મજ્ઞતાથી ભર્યા કામથી શોભે છે. નરસિંહ મહેતા અને ઉમાશંકર જોશી વિશેનું એમનું કામ કવિતાને ભીતરથી જાણનાર વિદ્વાનનું કામ છે. રસાનુભવની બાબતમાં અંગત પણ સાહિત્ય-વિવેકની બાબતમાં બિનઅંગત એવા આ વિવેચક ગુજરાતની ભાવક ચેતનાને નરવી રાખે છે. ચંદ્રકાન્તનું લલિત ગદ્ય સિમેન્ટમાં પડેલી પગલીઓ જેવું ચિરંજીવ છે, એમ કહેવામાં એમના નિબંધોની કોમળતા રોકે. અતીતરાગમાં સપડાયા વગર સમય સાથે, બલ્કે ત્રિકાલ સાથે કેમ જોડાવું, એ જે તે કામ નથી, એટલું તો આપણા નિબંધકારોને આ ગદ્ય કહી જાય છે. લાગણીવશ ન થવું, તોપણ લાગણીઓના સ્વરૂપને તપાસવું, એ નિબંધકારની કસોટી ગણાય. ચંદ્રકાન્તના નિબંધો એ કસોટીએ ખરા ઊતરે એવા છે. શેઠસાહેબની દોસ્તી આજકાલ કરતાં મને અડધી સદીથી મળી છે. અડગ છે. કોમળ છે. નિર્મળ છે. એમના જેવી જ. ને મારો એક વિસામો છે.

**– સિતાંશુ યશશ્ચંદ્ર**

# વિવેચક ઉમાશંકર જોશી

**તુલસીભાઈ પટેલ**

ઉમાશંકર જોશીનું સર્જક-વ્યક્તિત્વ પાસાદાર હીરા સમાન છે. તેઓ મુખ્યતઃ પ્રથિતયશ કવિ છે. ઉપરાંત નાટક, નિબંધ, વાર્તા, નવલકથા વગેરે સાહિત્યપ્રકારો પર એમણે સફળતાપૂર્વક કલમ ચલાવી છે. વિવેચક તરીકે એમનું પ્રદાન વિશિષ્ટ અને મહિમામય છે, પરંતુ સર્જકપ્રતિભાની તેજસ્વી આભા પાછળ વિવેચક તરીકેની એમની પ્રતિભા બહુધા અણપ્રીછી રહેવા પામી છે. ઉમાશંકર ગુજરાતી સાહિત્યનું મોંઘેરું આભૂષણ છે.

ઉમાશંકરે ગુજરાતી સાહિત્યને ચરણે કુલ પંદર વિવેચન-ગ્રંથ ધર્યા છે. એની સૂચિ અને પ્રકાશનસાલ નીચે પ્રમાણે છે : ૧. અખો : એક અધ્યયન (૧૯૪૧), ૨. સમસંવેદન (૧૯૪૮), ૩. અભિરુચિ (૧૯૫૯), ૪. શૈલી અને સ્વરૂપ (૧૯૬૦), ૫. નિરીક્ષા (૧૯૬૦), ૬. કવિની સાધના (૧૯૬૩), ૭. શ્રી અને સૌરભ (૧૯૬૩), ૮. પ્રતિશબ્દ (૧૯૬૭), ૯. કવિની શ્રદ્ધા (૧૯૭૨), ૧૦. શબ્દની શક્તિ (૧૯૮૨), ૧૧. નિશ્નેના મહેલમાં (૧૯૮૬), ૧૨. સર્જકપ્રતિભા-૧ (૧૯૯૪), ૧૩. સર્જકપ્રતિભા-૨ (૧૯૯૪), ૧૪. કવિતાવિવેક (૧૯૯૭) અને ૧૫. કાવ્યાનુશીલન (૧૯૯૭).

પંદર ગ્રંથો પૈકી અગિયાર ગ્રંથ ઉમાશંકરની હયાતીમાં પ્રાપ્ત થયા છે. શેષ ચાર ગ્રંથ એમના નિધન પછી પ્રગટ થયા છે.

સૌપ્રથમ આપણે ઉમાશંકરની વિવેચન-વિભાવના પર દૃષ્ટિપાત કરીએ. પોતાના સાહિત્યિક સામયિક ''સંસ્કૃતિ''ના વિવેચન-વિશેષાંક (૧૯૬૩)માં સમીક્ષાના પ્રયોજન વિશે સ્પષ્ટતા કરતાં તેઓ લખે છે :

''સમીક્ષાનું મુખ્ય પ્રયોજન કલાકૃતિને કલાકૃતિરૂપે ઉપલબ્ધ કરાવવી તથા એના આનંદનો અનુભવ કરાવવામાં સહાય કરવી તે છે. પોતે કલાકૃતિનો આસ્વાદ માણ્યો છે, એને અનુલક્ષીને અવબોધની વિવૃત્તિ કરવી એ વિવેચકનું કર્તવ્ય છે. સમીક્ષાનો અર્થ જ છે : આસ્વાદમૂલક અવબોધ કથા.''

ઉમાશંકર પ્રથમ કવિ-સર્જક છે, પછી વિવેચક છે. આથી સ્વાભાવિક રીતે જ એમના વિવેચન પર સર્જકતાની છાપ સ્પષ્ટ રીતે દૃષ્ટિગોચર થાય છે. વિવેચન પણ અંતતોગત્વા સાહિત્યનો જ એક પ્રકાર છે. ઉમાશંકરનું વિવેચન પણ પ્રબુદ્ધ સર્જકની પ્રતિભામુદ્રાથી અંકિત છે.

'અખો : એક અધ્યયન' ઉમાશંકરનો પ્રથમ વિવેચન-ગ્રંથ છે. અખાએ સ્વયં કહ્યું : 'જ્ઞાનીને કવિતા ન ગણેશ.' (અખાની કાવ્યકૃતિઓ, ભાગ-૧, શિવલાલ જેસલપુરા, ત્રીજી આવૃત્તિ ૧૯૯૯ : ઉપોદ્‌ઘાત : ભૂમિકા અને ઉદ્દેશ, પૃ. ૪૨) અર્થાત્ જ્ઞાનીને કવિ માનીશ નહીં. સંત સાહિત્યના મર્મજ્ઞ આચાર્ય હજારીપ્રસાદ દ્વિવેદીએ જ્ઞાનમાર્ગી સંત કબીરની કવિ તરીકે પ્રતિષ્ઠા કરી. એવી જ રીતે ત્રીસ વર્ષના યુવાન અધ્યાપક ઉમાશંકરે જ્ઞાનમાર્ગી અખાને ગુજરાતી સાહિત્યમાં કવિ તરીકે પ્રતિષ્ઠિત કર્યો. તેઓ લખે છે :

''અખાની કવિતામાં દર્શન અને કવિતાનો સુભગ સમન્વય છે. રસ નિષ્પન્ન કરવામાં અખાની કાવ્યપદ્ધતિ ઉપમા વગેરે અલંકારોનો પ્રયોગ તથા બિંબોના નિરૂપણમાં છે. અનેક સૂક્ષ્મ મનોભાવોને અખો જાદુઈ સરળતાથી પ્રત્યક્ષ કરી આપે છે.''

અખાની આ પ્રકારની સમીક્ષા દ્વારા ઉમાશંકરે મધ્યકાલીન ભક્તિ કવિતાના મૂલ્યાંકનનો અભિગમ જ બદલી નાખ્યો.

ઉમાશંકર ગતિશીલ વિવેચક છે. એમની વિવેચન-વિભાવના સમયની સાથે પરિવર્તિત થતી રહી છે. એમની વિવેચનદૃષ્ટિ અને વિવેચનનાં ઉપકરણો પણ બદલાતાં રહ્યાં છે. વીસમી સદીના ચોથા દશકમાં યુવાનવર્ગ કાર્લ માર્ક્સના વિચારોથી સવિશેષ પ્રભાવિત થયો. ગાંધીજીના આહ્‌વાન પર જેઓ જેલમાં જતા, તેઓ માર્ક્સવાદી બનીને બહાર આવતા. સન ૧૯૩૫માં યુરોપમાં સ્થાપિત

પ્રોગેસિવ રાઈટર્સ એસોસિએશનથી પ્રભાવિત થઈને ભારતમાં પણ 'પ્રગતિશીલ લેખક સંઘ'ની સ્થાપના થઈ. સન ૧૯૩૬માં લખનૌમાં આયોજિત એના પ્રથમ અધિવેશનના અધ્યક્ષ હિન્દીના સુપ્રસિદ્ધ લેખક પ્રેમચંદજી હતા. આ સમયે ગુજરાતમાં પણ 'પ્રગતિશીલ લેખક મંડળ'ની રચના થઈ. ઉમાશંકર પણ કેટલાક સમય માટે ઉગ્ર માર્ક્સવાદી રૂપે દ્દષ્ટિગોચર થાય છે. ૩૧ જુલાઈ ૧૯૩૬ના રોજ પ્રગતિશીલ લેખક મંડળે 'ગોર્કી દિવસ' ઊજવ્યો હતો. તે સમયે ઉમાશંકરે પોતાના વક્તવ્યમાં શુદ્ધ કલાવાદીઓની કઠોર આલોચના કરી હતી. શૃંગારનું ચિત્રણ કરનાર કાલિદાસને પણ બક્ષ્યા ન હતા. એમણે ગોર્કીની નવલકથાઓને નૂતન યુગનાં મહાકાવ્યો તરીકે બિરદાવી તથા સ્ટાલિનને રશિયાનો કર્ણધાર કહ્યો. યુવાન ઉમાશંકરની રશિયાપરસ્તી યૌવનસહજ લાગે છે.

પોતાના માર્ક્સવાદી અભિગમનો પરિચય એમણે ૧૯૩૬માં પ્રકાશિત ''કવિતા અને પ્રાગતિકતા' નામના નિબંધમાં આપ્યો છે. શુદ્ધ કવિતાની ટીકા કરતાં તેઓ લખે છે :

''કાવ્ય... જીવનાવલંબી જીવનનિર્ભર છે, જીવન મર્યાદિત છે, જીવનનિષ્ઠ છે, જીવન સાપેક્ષ છે... કાવ્યત્વ પ્રાપ્તિ માટે કૃતિએ જીવન પ્રતિ વફાદાર રહેવું જોઈએ.... પ્રગતિત્વનું પ્રથમ લક્ષણ એ છે કે મનુષ્યના પ્રાથમિક અધિકારોથી કોઈ વ્યક્તિ વંચિત ન રહે.'' તેઓ સત્યમ્, શિવમ્, સુંદરમ્ પૈકી 'શિવ'ને સવિશેષ મહત્ત્વ આપે છે.

પરંતુ તેઓ માર્ક્સવાદના પ્રભાવથી ક્રમશઃ મુક્ત થયા. પ્રગતિશીલ વિવેચનનો આગ્રહ પણ મોળો પડતો ગયો. સન ૧૯૪૦માં પ્રહ્લાદ પારેખના ''બારી બહાર'' કાવ્યસંગ્રહની એમણે લખેલી પ્રસ્તાવના એનું દૃષ્ટાંત છે. તેઓ લખે છે :

''કલાકારની કૃતિની પરીક્ષા કરતી વખતે આપણે ઘણી વાર આપણી આસપાસના ઇતિહાસનું દર્શન કરવાની જરૂરત અનુભવીએ છીએ. આ કાવ્યસંગ્રહને જોતાં એવું લાગે છે કે તત્કાલીન પરિવેશના અધ્યયન વડે કલાકારની કૃતિનું મૂલ્યાંકન કરવાનો આગ્રહ હંમેશ માટે ઉચિત નથી.''

આ રીતે ઉમાશંકર કાવ્ય-પ્રવાહની બદલાતી દિશાનું ઉચિત રીતે જ સ્વાગત કરે છે. આ પણ પ્રગતિશીલ વિવેચકનું લક્ષણ ગણાય.

'સમકાલીન કવિતાનું વિવેચન'માં તેઓ નવી પ્રયોગશીલ કવિતાને આવકારે છે. તેઓ લખે છે :

''વિવેચક પ્રાચીન શિષ્ટ ગ્રંથોની ઉત્તમ આલોચનામાં જ પ્રવૃત્ત હોય એટલું પર્યાપ્ત નથી; એની શક્તિની કસોટી સમકાલીન સાહિત્યના સર્જનને તારતમ્ય બુદ્ધિ વડે તપાસીને પોતાની રુચિના આધારે એમાં રહેલી સંભાવનાઓ અને સિદ્ધિઓને અવગત કરીને એનું સાચું મૂલ્યાંકન કરવામાં આવે છે.''

પાશ્ચાત્ય વિવેચનના વિવિધ પ્રવાહોથી ઉમાશંકર સુપરિચિત છે. યુરોપ-અમેરિકાની સાહિત્યિક કૃતિઓ વિશે એમણે અધિકારપૂર્વક લખ્યું છે. એલિયટ તથા એઝરા પાઉન્ડ વગેરે દ્વારા પ્રવર્તિત નૂતન વિવેચન (New criticism) દ્વારા પ્રતિપાદિત કૃતિનિષ્ઠ વિવેચન પર તેઓ ભાર મૂકે છે. આધુનિક પાશ્ચાત્ય વિવેચકોમાં ઉમાશંકર, ટી. એસ. એલિયટથી વિશેષ પ્રભાવિત છે. 'કવિતા વિવેક' નામે આપેલાં વ્યાખ્યાનોમાં તેઓ ''કવિ-કર્મ એ જ કવિધર્મ'' જેવું સૂત્ર આપે છે. મહાકવિ નાનાલાલની 'શરદપૂનમ' કવિતાનું વિવેચનના નવા આદર્શોના આધારે તેઓ માર્મિક વિશ્લેષણ કરે છે. એક રીતે આપણે એને રૂપવાદી વિવેચન (Formalist) કહી શકીએ. ઉમાશંકર પણ કલાકારને નહીં, પરંતુ કલાકૃતિને કેન્દ્રમાં રાખીને એનું મૂલ્યાંકન કરે છે. તેમ છતાં, કલાકૃતિની ''મહાનતા'' માટે તેઓ અન્ય સંદર્ભોની પણ અપેક્ષા રાખે છે.

ઉમાશંકરે સંસ્કૃત સહિત ભારતની અન્ય ભાષાઓની સાહિત્યિક કૃતિઓ વિશે લખ્યું છે; સાથે પાશ્ચાત્ય સાહિત્યની શિષ્ટ કૃતિઓનું વિવેચન પણ કર્યું છે. એમની વિવેચન-પદ્ધતિમાં ખાસ કરીને સાહિત્યનો તુલનાત્મક અભિગમ મહત્ત્વપૂર્ણ રહ્યો છે. વ્યાસ કે મહાભારતની ચર્ચા કરતી વખતે હોમર વગેરેના પાશ્ચાત્ય મહાકાવ્યો દ્દષ્ટિસમક્ષ રાખ્યાં છે; પરિણામે એમની વિવેચન પદ્ધતિમાં સહૃદય ભાવકને વિસ્તારની સાથે ગહનતાનો પણ અનુભવ થાય છે. કાલિદાસ અને ભવભૂતિનાં નાટકોનું આંતરરહસ્ય રજૂ કર્યું અને નાટ્યકૃતિ તરીકે એમનું આસ્વાદમૂલક વિવેચન કર્યું. એમનું આ સંસ્કૃતિ-વિવેચન ''શ્રી અને સૌરભ''માં સંગૃહીત છે.

ઉમાશંકર મહાભારતને એક 'ધર્મકાવ્ય' તરીકે જુએ છે. હોમરના મહાકાવ્ય ઇલિયડ-ઓડેસીને તેઓ

કલામંડિત વીરરસનું કાવ્ય કહે છે. એની તુલનામાં મહાભારતને 'જીવનના સૌથી મોટા પરાક્રમ – ધર્મજીવનનું ચિત્રણ કરનાર ધર્મકાવ્ય કહે છે. મહાભારત આપણને આદર્શ ધર્મચર્યા વિશે વિચારવા વિવશ કરે છે. મહાભારતને તેઓ પુરાણ-ઇતિહાસ નહીં; પરંતુ 'કાવ્ય' માને છે. એક રસજ્ઞ વિદ્વાન અને સર્જકના અભિનવ દૃષ્ટિકોણથી તેઓ સંસ્કૃત કૃતિઓનું વિવેચન કરે છે, તેથી તે રસપર્યવસાયી સિદ્ધ થાય છે.

ઉમાશંકર કાલિદાસને 'ભારતના રાષ્ટ્રકવિ', 'ભારતીય સંસ્કૃતિના કવિ'રૂપે જુએ છે. રવીન્દ્રનાથને તેઓ વ્યાસ, વાલ્મીકિ અને કાલિદાસના સગોત્ર માને છે. તેઓ કહે છે કે ભારતીય સંસ્કૃતિમાં જે કાંઈ ઉત્તમ છે એનું હાર્દ રવીન્દ્રનાથની કવિતામાં પ્રગટ થયું છે. ગુજરાતમાં ગાંધીજીની સાથે રવીન્દ્રનાથ પણ કવિઓ માટે પ્રેરણાદાતા રહ્યા છે. સન ૧૯૬૧માં રવીન્દ્ર શતાબ્દીના પ્રસંગે એમણે પ્રવચન આપ્યું હતું : Tagore's Poetic Vision; જે 'કવિની સાધના' ગ્રંથમાં 'વિશ્વમાનવના ઉદ્‌ગાતા' શીર્ષકથી પ્રગટ થયું છે.

'નવલકથાકારની ભારતની શોધ' લેખમાં ઉમાશંકર હિન્દીના નવલકથાકાર ફણીશ્વરનાથ રેણુની 'મૈલા આંચલ', બંગલા નવલકથાકાર વિભૂતિભૂષણની 'આરણ્યક', મરાઠી નવલકથાકાર ના. સી. પેંડસેની 'ગારંબીચા બાપુ', ગુજરાતી નવલકથાકાર પન્નાલાલ પટેલની 'માનવીની ભવાઈ' : આ ચારેય જાનપદી નવલકથાઓનું તુલનાત્મક પરીક્ષણ કરે છે. નિષ્કર્ષ રૂપે તેઓ કહે છે કે આ બધી જાનપદી નવલકથાઓ ભારતની વિવિધતા અંતર્ગત જે એકતા છે, એના પર સવિશેષ પ્રકાશ પાડે છે. ઉપરાંત આ કથાઓના લેખકો પોતાની ભૂમિનાં મૂળિયાં વિશે આત્મવિશ્વાસ પેદા કરે છે.

ગાંધીવાદી કાવ્યધારા પછી આવનાર સૌંદર્યવાદી કાવ્યધારાનું ઉમાશંકર સ્વાગત કરે છે. રાજેન્દ્ર શાહનો 'ધ્વનિ' (૧૯૫૨) કાવ્યસંગ્રહ સૌંદર્યવાદી ધારાને પુષ્ટ કરે છે. આ સંકલનને ઉમાશંકર આવકારે છે, પરંતુ સાથે સાથે ઇચ્છે છે કે રાજેન્દ્ર શાહની કવિતામાં તત્કાલીન યુગ-બોધનું નિરૂપણ કરવામાં આવ્યું હોત તો વધુ સારું ગણાત.

ઉમાશંકર સમયની સાથે ચાલનાર કવિ-સમીક્ષક છે. ગુજરાતીની બદલતી નવીન કાવ્યધારાનું તેઓ પોતાના વિવેચનમાં સ્વાગત કરે છે. વિષ્ણુપ્રસાદ ત્રિવેદી જેવા મૂર્ધન્ય સમીક્ષકે ગુજરાતીની પ્રયોગશીલ કવિતાની કઠોર આલોચના કરી, ત્યારે એનો પ્રત્યુત્તર ઉમાશંકરે પોતાના પ્રસિદ્ધ વિવેચન સંગ્રહ ''સમકાલીન કવિતાનું વિવેચન''માં આપ્યો. એમણે પ્રયોગશીલ કવિતા અને કવિઓની પ્રશંસા કરી, તેઓ લખે છે :

''પ્રાચીન શિષ્ટ ગ્રંથોની ઉત્તમ સમીક્ષામાં જ વિવેચક પ્રવૃત્ત થાય, એટલું પર્યાપ્ત નથી. એમની શક્તિની કસોટી સમકાલીન સાહિત્યસર્જનને તારતમ્ય બુદ્ધિથી તપાસીને પોતાની રુચિના આધારે એમાં રહેલી સંભાવના અને સિદ્ધિઓને ઓળખીને એનું સાચું મૂલ્યાંકન કરવામાં આવે છે.''

એક વિદેશયાત્રા દરમિયાન ઉમાશંકરે ત્યાંના લેખકોને પોતાનો પરિચય આપતા કહ્યું હતું : I am an Indian writer writing in Gujarati એમની એક કાવ્યપંક્તિ છે : હું ગુર્જર ભારતવાસી.'' આપણા બહુભાષી ભારતદેશમાં પ્રાદેશિક ભાષાઓમાં રચાતા સાહિત્યમાં આગવી ઓળખ ઉપરાંત કેટલીક એવી બાબતો છે, જે વિભિન્ન સાહિત્યોને ''ભારતીય''ની ઓળખ આપે છે. એટલા માટે ઉમાશંકર તુલનાત્મક સાહિત્યિક અધ્યયન પર ભાર મૂકે છે.

નિષ્કર્ષરૂપે કહીશું કે ઉમાશંકરની વિવેચનપદ્ધતિ કોઈ એક વાદ (Ism)માં કેદ નથી. સમયાનુસાર એણે ઉચિત પરિવર્તનો ઝીલ્યાં છે. સંસ્કૃત અને અંગ્રેજીના અનુશીલનને પરિણામે એમની વિવેચનામાં પ્રાચીન અને અર્વાચીનનો સુભગ સમન્વય તથા પ્રૌઢતા જોવા મળે છે. ગાંધીજીની વ્યાપક માનવતા અને રવીન્દ્રનાથની સૌંદર્યદૃષ્ટિનો ઇષ્ટ પ્રભાવ એમના વિવેચનમાં દૃષ્ટિગોચર થાય છે. પોતે ઉચ્ચ કોટિના સર્જક હોઈ એમના વિવેચનમાં પણ લાલિત્ય અને સર્જકતાનો અભિરામ સ્પર્શ સ્પષ્ટ રીતે જોઈ શકાય છે. પોતાના વિવેચન દ્વારા આપણી માતૃભાષા ગુજરાતીને વૈશ્વિક ધરાતલ મૂકી આપનાર ઉમાશંકરના આપણે સદૈવ ઋણી રહીશું.

**આધાર : ઉમાશંકર જોશી : ભોળાભાઈ પટેલ**

**તુલસીભાઈ પટેલ ૧,**
**ઉદયનગર સોસાયટી,**
**પ્રશાંત સિનેમા પાસે, મહેસાણા-૩૮૪૦૦૨**
**M. ૯૯૯૮૦૮૯૬૩૩**

# દ્વારકાનાં નવાં સંશોધનો

**નરોત્તમ પલાણ**

આપણી પૌરાણિક માન્યતાનુસાર આજથી ૫૨૦૦ વર્ષ પહેલાં શ્રીકૃષ્ણ પોતાના યાદવ પરિવાર સાથે મથુરા છોડીને આજના ગુજરાત રાજ્યના 'દેવભૂમિ દ્વારકા' જિલ્લાના દ્વારકા ગામે સ્થાયી વસવાટ માટે આવેલા. શ્રીકૃષ્ણ-બલરામ સહિત યાદવોએ અગાઉની ઉજ્જડ પડેલી 'કુશસ્થલી' નામની નગરીનાં ખંડેરોનું પુનઃસર્જન કરી, આજુબાજુની ખાડીઓને પૂરીને આજના 'ઓખામંડળ' તાલુકાનું નવનિર્માણ કરેલું.

આશરે પાંચ-સવાપાંચ હજાર વર્ષ પૂર્વેની આ માન્યતાની લિખિત સામગ્રી છેલ્લા અઢી હજાર વર્ષથી આપણને મળતી થાય છે. શ્રી અરવિંદ જેવા મહાયોગી કહે છે કે શ્રીકૃષ્ણ કલ્પના નથી, ઐતિહાસિક વ્યક્તિ છે. ભારતના પ્રાચીન ઇતિહાસમાં તેમણે અતિ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે.

શ્રીકૃષ્ણ મથુરા છોડીને ગુજરાત – સૌરાષ્ટ્રમાં આવ્યા છે અને દ્વારકા નગરી વસાવી છે. – આટલી માહિતી સંખ્યાબંધ પૌરાણિક ગ્રંથોમાં મળે છે. આમાંથી 'મહાભારત', 'હરિવંશ', 'વિષ્ણુપુરાણ' અને 'શ્રીમદ્ ભાગવત' મુખ્ય છે. આ ગ્રંથોમાં પણ પ્રાચીનતમ અને પ્રથમ વિસ્તૃત માહિતી 'મહાભારત'માંથી મળે છે. આ માહિતીના આધારે છેલ્લાં બસો વર્ષથી આપણા વિદ્વાનો 'દ્વારકા'ની શોધ કરે છે. સમય જતાં આ વિદ્વાનોમાં સામસામી ખેંચતાણ કરતા બે વર્ગો ઊભા થઈ ગયા છે. આ મતભેદનું મૂળ મહાભારતમાં રહેલું છે. 'મહાભારત'માં મુખ્ય બે સ્થળે દ્વારકા વિશેની માહિતી મળે છે. 'સભાપર્વ'માં એમ કહેવામાં આવ્યું છે કે દ્વારકા ડુંગરની ગોદમાં વસેલી છે, જ્યારે 'મૌસલપર્વ'માં એવું વર્ણન છે કે દ્વારકા દરિયાકિનારાના એક બેટ ઉપર છે. આવાં બે જુદાંજુદાં વર્ણનોના આધારે ઘણા વિદ્વાનો આજના ગિરનારની ગોદમાં વસેલા જૂનાગઢને મૂળની દ્વારકા હોવાનું માને છે અને બીજો વર્ગ 'ઓખામંડળ' તાલુકાના આજના યાત્રાધામ દ્વારકાને જ અસલની દ્વારકા માને છે.

આ વાત પણ દરેક સ્થળે કહેવાયેલી છે કે શ્રીકૃષ્ણની દ્વારકા, શ્રીકૃષ્ણના દેહોત્સર્ગ સાથે દરિયામાં ડૂબી ગઈ હતી. ઉમાશંકર જોશી 'પુરાણોમાં ગુજરાત' (બી. આ. ૨૦૧૧, પૃ. ૧૦૦ વગેરે)માં દ્વારકાનો દાવો કરતા કુલ મુખ્ય પાંચ સ્થળોને ગણાવી, તેની સાધકબાધક ચર્ચા કર્યા પછી 'હાલની દ્વારકાની આજુબાજુ પ્રાચીન દ્વારકા હશે' એવું જણાવે છે.

લગભગ આખી વીસમી સદી 'દ્વારકા'ના મૂળ સ્થળ વિશે વિમર્શ થતો રહ્યો છે. એકવીસમી સદીના આરંભે જે 'મરિન આર્કયોલોજી' અમલમાં આવી અને દરિયામાંથી જે પુરાવશેષો મળ્યા તેનાથી સ્પષ્ટ થઈ ગયું છે કે આજની આદ્ય શંકરાચાર્યજીની 'શારદાપીઠ'વાળી દ્વારકા જ, શ્રીકૃષ્ણની અસલ દ્વારકા છે.

'પુરાતત્ત્વ' પ્રમાણમાં અર્વાચીન શાસ્ત્ર છે. આપણા દેશમાં તેનો આરંભ ૧૭૮૪માં કોલકતામાં સ્થપાયેલી 'રોયલ એશિયાટિક સોસાયટી'થી થાય છે. આરંભે મૌખિક પરંપરાને લિપિબદ્ધ કરવાની કામગીરી હતી પછી મંદિર મૂર્તિ પાળિયા અને ૧૮૩૪થી શિલાલેખો, તામ્રપત્રો, તાડપત્રો ઉકેલવાની કામગીરીનો આરંભ થયો. ૧૮૮૮થી ખોદકામ કરીને પુરાવશેષોને પ્રકાશમાં મૂકવાનું કામ શરૂ થયું. આ પછી દરિયામાં રહેલા પુરાવશેષોની શોધખોળ ચાલી અને હવે ઑસ્ટ્રેલિયાની યુનિવર્સિટી દ્વારા 'સાયબર આર્કયોલોજી' અમલમાં આવી છે, જેના પરિણામે હિન્દુ પૌરાણિક પરંપરાનો 'મહેન્દ્ર પર્વત' શોધી કાઢ્યાના સમાચાર છે !

આપણે ત્યાં દરિયાઈ સંશોધનાર્થે ગોવાનું કેન્દ્ર કાર્યરત છે. આ કેન્દ્ર દ્વારા દ્વારકા, બેટદ્વારકા આદિ સ્થળે શોધખોળ ચાલે છે. ૨૦૦૪ સુધીમાં જે પુરાવશેષો નજરમાં આવ્યા તેના આધારે દ્વારકા-બેટદ્વારકાનો

વિસ્તાર અતિ પ્રાચીન અવશેષો ધરાવતો સિદ્ધ થાય છે. શ્રીકૃષ્ણના પૌરાણિક કાળ કરતાં પણ વિશેષ પ્રાચીન અવશેષો આ કિનારેથી તેમજ દરિયામાંથી ઉપલબ્ધ થયા છે. એસ. આર. રાવ જેવા પુરાવત્ત્વવિદો તો આજની દ્વારકા જ શ્રીકૃષ્ણની અસલ દ્વારકા હોવાનું ભારપૂર્વક જણાવે છે.

૧૬૦૦ કિ.મી.ના આપણા સમગ્ર દરિયાકિનારા વિશે અજબગજબની ઘણી રસિક વાતો છે. * હાલ તો આપણે માત્ર દ્વારકા ગામ વિશેના શોધકાર્યોની ચર્ચા કરીએ.

જુદીજુદી સંસ્થાઓ અને સરકારો દ્વારા દ્વારકા વિસ્તારનાં નાનાં-મોટાં સંખ્યાબંધ ખોદકામો થયાં છે, જેમાંથી ૧૯૬૩માં ડેક્કન કૉલેજ, પૂના દ્વારા અને ૧૯૭૯માં કેન્દ્ર સરકારના પુરાતત્ત્વ વિભાગ દ્વારા થયેલાં - બે ખોદકામો દ્વારકા વિશેની પાયાની હકીકતો જણાવતાં મહત્ત્વનાં – ઉત્ખનનો છે. ૧૯૬૩ના ખોદકામે એવું પુરવાર કર્યું કે આજની દ્વારકા તે મૂળના સ્થાને વસેલી સાતમી દ્વારકા છે. આની નીચેની બીજી છ દ્વારકા કુદરતસર્જિત કે માનવસર્જિત આક્રમણોનો ભોગ બનીને નાશ પામેલી છે. મૂળની પ્રથમ દ્વારકા ઉપર છ-છ ફૂટનો રેતીનો થર મળ્યો હોય તે દ્વારકા ઉપર દરિયાનાં પાણી ફરી વળ્યાનું પુરવાર થાય છે. બીજી દ્વારકા પણ દરિયાની કુદરતી આફતથી નાશ પામી છે, જ્યારે ત્રીજી, ચોથી, પાંચમી અને છઠ્ઠી દ્વારકાના નાશનું કારણ જાણવા માટે વધુ વિસ્તારમાં ખોદકામ કરવું ઘટે. પ્રથમ દ્વારકાના અવશેષમાં ચિત્રિત લાલ અને કાળી ઠીકરીઓ મળી છે તેનો અંદાજિત સમય અઢી હજાર વર્ષનો થાય છે.

દ્વારકાની પ્રથમની બે વસાહતોમાં મંદિરમૂર્તિના કોઈ અવશેષો મળ્યા નથી. ત્રીજી દ્વારકા, જે આશરે દોઢેક હજાર વર્ષની છે તેમાંથી મંદિરનું આમલક (શિખર ઉપરનો ગોળ-વિશાળ પથ્થર) મળ્યું છે. ઈ. સ.ની છઠ્ઠી સદીમાં અહીં મંદિર હોવાનું જણાવતું એક તામ્રપત્ર પણ વલભીના ખોદકામમાંથી મળેલું છે. આ ખોદકામના મુખ્ય માર્ગદર્શક ડૉ. હસમુખ સાંકળિયા પોતાનો અનુભવ કહેતાં કહે છે કે 'આ ખોદકામ માટે બહુ જ સાંકડી જગ્યા મળેલી અને ૪૫ ફૂટ સુધી જ ઊંડું ઊતરી શકાય, પણ જો વિશાળ જગ્યામાં વિશાળ પાયે ખોદકામ થાય તો પૌરાણિક સમયની દ્વારકા વિશે વિશેષ પ્રકાશ થઈ શકે.'

૧૯૭૯માં બીજું ખોદકામ એસ. આર. રાવ દ્વારા થયું. હાલના મંદિર અને ગામ વચ્ચેના ચોકના ખૂણા ઉપર આપેલી ગ્રામ પંચાયતની કચેરી ઉખેડી નાખવામાં આવી અને તેની નીચે મોટા પાયે તથા પૂરતી તૈયારી સાથે ખોદકામ થયું. આ ખોદકામથી એવું પુરવાર થયું કે હાલની દ્વારકા તે આઠમી દ્વારકા છે અને સૌથી પહેલી મૂળની દ્વારકા હડપ્પિય સભ્યતાના અવશેષો ધરાવે છે.

આ અવશેષો ઓછામાં ઓછા ચાર હજાર વર્ષ જૂના છે. પૌરાણિક ગણતરી શ્રીકૃષ્ણને પાંચ હજાર વર્ષ પૂર્વે મૂકે છે અને આ અવશેષો ચાર હજાર વર્ષના છે એટલે આ ખોદકામથી શ્રીકૃષ્ણથી વધુ નજીક પહોંચી શકાયું એમ માનવામાં આવે છે. આ ખોદકામમાં પણ પ્રથમ દ્વારકા દરિયામાં ડૂબી તે ઘટના સિદ્ધ થઈ શકે છે અને મંદિરના અવશેષો પ્રથમની ત્રણ દ્વારકામાં નથી તે પણ નજરમાં આવે છે. એસ. આર. રાવે એવી સંભાવના રજૂ કરી કે દરિયામાં શોધખોળ કરવામાં આવે તો – આ સમયથી પણ વિશેષ પ્રાચીનકાળના અવશેષો મળી શકે તેમ છે.

એસ. આર. રાવની આ સંભાવના ૨૦૦૦થી શરૂ થયેલા દરિયાઈ પુરાતાત્ત્વિક શોધ અભિયાનથી સિદ્ધ થયેલી છે. સુન્દરેશ, ગૌરે અને શીલા ત્રિપાઠી દ્વારા 'અંડર વૉટર' જે શોધયાત્રાઓ થઈ તેનાથી આશરે આઠ હજાર વર્ષ જૂની, સિન્ધુ સભ્યતાથી પણ પૂર્વેની સભ્યતાના અવશેષો નજરમાં આવ્યા છે. જોકે આ અવશેષો 'દ્વારકા' કે 'શ્રીકૃષ્ણ'ને ઐતિહાસિક ઠેરવી શકતા નથી ! શક્ય છે આ અવશેષો 'દ્વારકા' સિવાયની કોઈ પ્રાચીન વસાહતના હોય, તેમજ આમાંથી કોઈ અવશેષ 'શ્રીકૃષ્ણ'નું કોઈ નામ કે કામ સૂચવતા નથી ! આ અવશેષો સ્વતંત્ર એવી કોઈ નગરીના છે – એટલું જ.

'ઓખા મંડળ' આખું પ્રાચીન છે. અહીંની લુણાઈની ધાર ઉપરથી તથા પિંડારા પાસેથી ૫૦ હજાર

* શ્રી હસમુખભાઈ શાહ 'દર્શક ઇતિહાસ નિધિ', વડોદરા તરફથી એક મૂલ્યવાન પ્રકાશન થયું છે. 'ગુજરાત ઍન્ડ ધ સી' (૨૦૧૧) સં. લોતિકા વરદરાજન. અહીં જળશાસ્ત્રથી માંડીને પુરાવિદ્યા અને વેપારવાણિજ્ય, વહાણ-પરિવહન આદિની શાસ્ત્રીય ચર્ચા છે.

વર્ષ જૂના અંત્ય પાષાણયુગનાં ઓજારો મળ્યાં છે, પણ શ્રીકૃષ્ણ-બલરામ કે રુક્મિણી-રેવતીની કોઈ નિશાની અદ્યાપિ પ્રાપ્ત થઈ નથી. શ્રીકૃષ્ણે વસાવેલી 'દ્વારકા' ખુદ સો વર્ષ હયાત રહી નથી. એટલે અહીં હોય તોય કેવું અને કેટલું હોય ? આમ છતાંય આ છેલ્લા બે-અઢી હજાર વર્ષોનું હિન્દુ ધર્મનું પ્રાચીન ધર્મધામ છે તે નિશ્ચિત છે. આઠમી સદીમાં આદ્ય શંકરાચાર્યજી ખુદ અહીં પોતાની એક પીઠની સ્થાપના કરે તે પણ ઐતિહાસિક છે.

આ વિસ્તારના સૌથી મોટા વિદ્વાન અને સાહિત્યકાર કલ્યાણરાયભાઈ જોશી, શક અને ગુપ્ત વચ્ચે બનેલો ધ્રુવસ્વામિનીનો કિસ્સો આ વિસ્તારમાં બન્યાનું નોંધે છે. ઈ. સ.ની બીજી સદીથી મળતા શિલાલેખોની ક્રમવાર નોંધ પણ તેઓ લે છે. આ બધું ભવિષ્યના વધુ સંશોધનો શ્રીકૃષ્ણ ઉપર વિશેષ પ્રકાશ ફેંકશે એમ માનવાને પ્રેરે છે.

સાહિત્યિક અને પુરાતાત્ત્વિક સંશોધનોથી અહીંનું જે ચિત્ર ઊપસે છે તે ખાસ નોંધપાત્ર છે. અહીં 'દ્વારકા' ગામ આઠમી વાર સર્જન પામેલું છે, જ્યારે જગતમંદિર પ્રથમની બે કે ત્રણ દ્વારકામાં નથી ! આમ આજે ઊભેલું મંદિર પાંચમી વારનું મંદિર છે અને 'શ્રીદ્વારકાધીશ' તરીકે બિરાજતી પ્રતિમા ૧૫૬૦માં જામ રાવળ દ્વારા સ્થાપિત થયેલી પ્રતિમા છે. ૧૫૬૦ પૂર્વેની પ્રતિમાઓનું શું થયું, તે ક્યાં ગઈ ? કોણ લઈ ગયું કે કોના હાથે તેનો ભંગ થયો – આ પણ એક વિચારણીય મુદ્દો છે અને એના વિશે પણ સંખ્યાબંધ અભ્યાસો થયા છે. આ અભ્યાસોમાં બેટદ્વારકાના વિદ્વાન સાહિત્યકાર મથુરેશ પીતાંબર જોશી પ્રથમ છે. તેમણે 'શ્રી દ્વારકા માહાત્મ્ય' (૧૮૮૩)માં આ મુદ્દાની પ્રથમ ચર્ચા કરી છે. આ પછી ભાઈલાલ પટેલ 'શ્રીદ્વારકા - બેટ દર્પણ' (૧૯૧૦), પુષ્કર ગોકાણી 'દ્વારકા સર્વસંગ્રહ' (૧૯૭૩), મોહનપુરી ગોસ્વામી 'અતીતની આંખે' (૧૯૭૯), નરોત્તમ પલાણ 'વિસાવાડા' (૨૦૦૦) અને 'જામનગરનો પૌરાણિક ઇતિહાસ' (૨૦૧૬) તથા ચિત્રકાર સવજી છાયા 'દ્વારકા : ઐતિહાસિક અને સાંસ્કૃતિક' (૨૦૧૨) છે.

એક માન્યતા એવી છે કે ૧૦૨૬માં મહમદ ગઝની દ્વારા સોમનાથ ભંગ થયો તે સમયે ડરના માર્યા અહીંના પૂજારીઓએ શ્રી દ્વારકાધીશની પ્રતિમા એક કૂંડમાં સંતાડી દીધી હતી. આ જ પ્રતિમા ૧૫૬૦માં જામનગરની સ્થાપના કરનાર જામરાવળના હાથે પુનઃ પ્રતિષ્ઠા પામી અને આજનું જગતમંદિર ૧૬૦૦ સુધીમાં નવનિર્માણ પામ્યું. આજની આઠમી દ્વારકા ક્રમશઃ ૧૬૦૦ પછી વિકસતી રહી છે.

ભારતની સાત પાવન પુરીઓમાં દ્વારકા એક છે, હિન્દુ ધર્મના ચાર મુખ્યધામોમાં એક દ્વારકા છે. આવું દ્વારકા આજે દરિયાઈ વેપાર, રાજકીય સરહદી વ્યવસ્થા, ધર્મસંપ્રદાયો, મંદિર-મૂર્તિ-પાળિયા અને તેની કલાપરંપરા તેમ જ ખાસ તો ઇતિહાસ-પુરાતત્ત્વની દૃષ્ટિએ અભ્યાસનું એક મહાન ક્ષેત્ર છે. ચાલો, દ્વારકા જઈએ અને એનો ભિન્ન-ભિન્ન વિદ્યાશાખાના પરિપ્રેક્ષમાં અભ્યાસ કરીએ. ધર્મ અને ઇતિહાસ દરેક રાષ્ટ્રની કરોડરજ્જુ છે.


**નરોત્તમ પલાણ**
**૩/વાડી પ્લોટ, પોરબંદર-૩૬૦૫૧૫**
**ફોન (૦૨૮૬) ૨૨૪૭૭૦૭**


કુલપતિ હોવું એ હકીકતમાં to be અને to have વચ્ચે કશ્મકશ છે. કુલપતિ હોવું અલગ વાત છે, ને કુલપતિ બનવું સદંતર નોખી વાત છે. To have is easy, but to be is difficult. કુલપતિનું પદ હાથીની અંબાડીએ બેસવા જેવું. ત્યાં બેસી તો જવાય, સ્થાન પણ માભા અને મોભાનું; પરંતુ ત્યાં બેસીને હાથીની ચાલે પ્રગતિ કરી શકાય; વળી નીચે તો ત્યારે જ ઊતરી શકાય કે જ્યારે હાથી નીચે બેસે! હાથીની અંબાડીએ બેસવાની વિડંબના પણ લગભગ હાથીના કદ જેવડી જ!! સીધી ઉત્પાદકતા (Direct Productivity) કંઈ નહીં; ફૂટપટ્ટી લઈને માપી શકાય તેવું કોઈ કામ નહીં, છતાં સમાજના ઉદ્ધારની જવાબદારીનું પોટલું માથે ને માથે... કુલપતિ તો વિદ્યાપીઠના 'સાંવેગિક નેતા' છે. સર્વાંગીણ વિકાસની જવાબદારી તેની ભૂજાઓ છે. નાવીન્યને નિમંત્રણ એ કુલપતિનાં કદમો છે. સારું અને સાચું ગ્રહણ કરવું તે ચકોર નજરોની મૂડી છે, અને તેથી જ તો કુલપતિ હોવું સહેલું છે, કુલપતિ બનવું કઠિન છે. **ભદ્રાયુ વછરાજાની**

# ન્યાયિક સક્રિયતા : વાસ્તવિક મૂલ્યાંકન

ડૉ. કમલેશ પી. જોશીપુરા

ભારતીય સંસદીય લોકતાંત્રિક વ્યવસ્થામાં ત્રણ આયામો કેન્દ્ર સ્થાને રહેલા છે, આ ત્રણ આયામો એટલે ધારાગૃહ, કારોબાર અને ન્યાયતંત્ર – આ ત્રણેય આયામોનાં કાર્યો, જવાબદારીઓ અને સીમા મર્યાદાઓ ભારતીય બંધારણમાં સુનિશ્ચિત થયેલ છે. ધારાગૃહ – સંસદ કે વિધાનગૃહો કાયદો ઘડવાનું કામ કરે છે, કારોબારીનું ઉત્તરદાયિત્વ તેના અમલીકરણનું છે અને ઘડાયેલા કાયદાના અર્થઘટન કે બંધારણમાં પ્રયોજાયેલી પ્રત્યેક બાબતોનું બંધારણીય સિદ્ધાંત મુજબનું અર્થઘટન તે ન્યાયતંત્રનું કામ છે. સંસદ સર્વોચ્ચ સ્થાન ઉપર છે; કારણ કે, ભારતીય બંધારણના આમુખમાં સત્તાનું આખરી મૂળ પ્રજામાં નિહિત થયેલ છે અને પ્રજા સર્વોચ્ચ સ્થાને હોવાને કારણે પ્રજા દ્વારા ચૂંટાયેલા પ્રતિનિધિઓને બનેલા ગૃહો એટલે કે સંસદ કે અન્ય ધારાગૃહો ભારતીય સંસદીય લોકતાંત્રિક વ્યવસ્થામાં સર્વોચ્ચ સ્થાન ધરાવે તે સ્વાભાવિક છે.

તાજેતરમાં ભારતીય ન્યાયતંત્રમાં સિમાચિન્હરૂપ કેશવાનંદ ભારતીનો ઐતિહાસિક કેસ ૪૫ વર્ષ પૂર્ણ થતાં ખાસ ચર્ચા આયોજિત કરવામાં આવી હતી. કેશવાનંદ ભારતી વિરુદ્ધ સ્ટેટ ઑફ કેરાલાના કિસ્સામાં ભારતીય બંધારણના મૂળભૂત માળખાને વિપરીત અસર કરે તેઓ કોઈ કાયદો વિધાનતંત્ર ન ઘડી શકે તેવા મતલબનો સર્વોચ્ચ અદાલતે આપેલો ચુકાદો આજે પણ માર્ગદર્શક રૂપ ગણાય છે. એક પ્રકારે જસ્ટીસ એચ. આર. ખન્નાએ નેતૃત્વ લઈ અને ઘડી કાઢેલો આ ચુકાદો ભારતીય બંધારણનો મહત્ત્વનો સિદ્ધાંત બની ચૂક્યો છે. આ ચુકાદા અંતર્ગત બંધારણમાં સુધારો કરવા સંદર્ભે ભારતીય બંધારણના અનુચ્છેદ ૩૬૮ અંતર્ગત સંસદ દ્વારા એવો કોઈ બંધારણીય સુધારો કરવામાં આવે કે જે ભારતીય બંધારણના મૂળભૂત માળખાને વિપરીત અસર કરે એ સ્થિતિમાં સર્વોચ્ચ અદાલતને ન્યાયિક પુનરાવલોકન કરવાની સત્તા છે. અલબત્ત, આ ચુકાદો પણ સાત વિરુદ્ધ છ મતોથી બંધારણીય બેંચે એટલે કે ખૂબ જ પાતળી બહુમતીથી બંધારણીય બેંચે પસાર કરેલ હતો પરંતુ ચુકાદાનું સ્વરૂપ જોતાં આજે પણ આ સિદ્ધાંત ખૂબ જ મહત્તા ધરાવે છે.

વર્તમાન સમયમાં ન્યાયતંત્ર ખુદ ચર્ચાની એરણે ચડેલ છે. કદાચ સંસદમાં મતભેદપૂર્ણ વાતાવરણ વચ્ચે ચર્ચા થાય તેના કરતાં પણ કદાચ વધારે આપસી મનમુટાવ અને મતભેદો સરાજાહેર આવ્યા. એટલું જ નહીં પરંતુ ન્યાયતંત્રની આબરૂના ધજાગરા થાય તે રીતે અને કંઈક અંશે પ્રસ્થાપિત શિસ્તનાં ધોરણોના લીરા ઉડાડે તે પ્રકારે ચાર ન્યાયધીશોએ સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિશ્રી દ્વારા કેસોની ફાળવણી સામે નારાજગી વ્યક્ત કરી અને ખરેખર તો બંધારણીય નિષ્ણાતોમાં ચર્ચાતી વિગત મુજબ આવી ગેરશિસ્ત કોઈ પણ સંજોગોમાં ચાલી શકે નહીં. અને ખાસ કરીને કોઈ પણ આ પ્રકારે પોતાના પદની ગરીમા મુજબ કામ ન કરે અને પોતાના પદને પ્રતિબદ્ધ ન રહે તેની સામે તત્કાલ મહાઅભિયોગનો ખટલો શરૂ કરવો જોઈએ, પરંતુ સરકારના નેતૃત્વએ ખૂબ જ શાણપણ અને ધૈર્ય રાખી પીઢતાનાં દર્શન કરાવ્યાં છે તે ખાસ અભિનંદનને પાત્ર છે. સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિશ્રીએ પણ મોટું મન રાખી ખેલદિલીનાં દર્શન કરાવેલ છે. આ સ્થિતિમાં ભારતીય પ્રજા જેની પાસેથી સૌથી વધારે વિશ્વસનીયતાની અપેક્ષા રાખે છે તે ન્યાયતંત્રે ખૂબ જ આત્મમંથન કરવું અનિવાર્ય છે. દેશના રાજનૈતિક નેતાઓ, અને લગભગ દરેક ક્ષેત્રમાં કેવી રીતે કામ થવું જોઈએ – કેવું વર્તન કરવું જોઈએ – પ્રત્યેક વર્તનની ટીકા-ટિપ્પણ – તેમજ દરેક નિર્ણયો માટે અભિપ્રાય વ્યક્ત કરનારે હવે સ્વયં પોતાનામાં ડોકિયું કરવાની જરૂર છે તેવું લાગ્યા વગર રહેતું નથી.

૨૦૧૭ના અંતમાં દેશ માટે મહત્ત્વના એવા વિષયો ઉપર ખૂબ જ રસપ્રદ અને કંઈક અંશે આગામી સમયમાં કઈ ચર્ચા-રાષ્ટ્રીય ફલક ઉપર હશે તેનો ખ્યાલ 'રાષ્ટ્રીય કાનૂન દિવસ'નાસમારોહમાં ઉપસ્થિત મહાનુભાવો, ચાર મુખ્ય વિષયો (Subject Theme) ઉપરથી આવે છે. મહામહીમ રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદજી, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજી અનુક્રમે ઉદ્‌ઘાટન અને પૂર્ણાહુતિ સમારોહમાં ઉપસ્થિત રહેવા ઉપરાંત સર્વોચ્ચ અદાલતના

મુખ્ય ન્યાયમૂર્તિ શ્રી દીપક મિશ્રા, કાનૂનમંત્રી શ્રી રવિશંકર પ્રસાદ, વરિષ્ઠ ધારાશાસ્ત્રી – નાણામંત્રી શ્રી અરુણ જેટલી સહિત ટોચના બંધારણવિદો હાજર રહ્યા.

આટલા મહત્ત્વપૂર્ણ કાર્યક્રમમાં જે ચાર આયામો સુનિશ્ચિત કરવામાં આવેલ, તે આપણને ન્યાયતંત્ર – કારોબારીની સીમામર્યાદાઓના સંદર્ભમાં દેશમાં ચાલી રહેલ ચર્ચામાં શેની ચિંતા સેવાઈ રહેલ છે તે સૂચવી જાય છે. પ્રથમ એટલે ''ન્યાયિક પુનરાવલોકન અને સંસદીય લોકશાહી'', બીજું એટલે ''ન્યાયમૂર્તિઓની નિમણૂકની પ્રક્રિયા', ત્રીજું એટલે ''ન્યાયના વિલંબ સંદર્ભ'' અને છેલ્લું સૌથી મહત્ત્વનું એટલે ''ન્યાયતંત્રની સત્તા મર્યાદા અને ન્યાયિક સક્રિયતા''.

વિષયો અને થયેલી ચર્ચામાં ન્યાયતંત્રની સક્રિયતા ક્યાં સુધી હોવી જોઈએ, આવી સક્રિયતા સરકાર કે સંસદના કાર્યક્ષેત્રમાં હસ્તક્ષેપ સમાન છે કે કેમ ? તેમજ સવિશેષ રીતે જાણ્યે-અજાણ્યે ન્યાયતંત્રની સક્રિયતા સીમોલંઘન કરી રહેલ છે કે કેમ ? તે કેન્દ્રસ્થાને ચર્ચાયેલી બાબત છે.

તાજેતરમાં સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયમૂર્તિશ્રી અને તેના પછીના ક્રમના ન્યાયધીશ વચ્ચે કોઈ મુદ્દો બંધારણીય (કે) બેંચને સોંપવો કે કેમ ? તેની સત્તા માત્ર મુખ્ય ન્યાયમૂર્તિને જ છે તે બાબત જાહેર ચર્ચામાં આવી એટલું જ નહીં દેશભરમાં ખાસ કરીને અંગ્રેજી અખબારોમાં વિસ્તૃત આલેખનો થયાં.

ભારતના ન્યાયતંત્રએ ન્યાયિક સક્રિયતા દ્વારા સામાજિક ન્યાયના ક્ષેત્રમાં અનેકવિધ ઉદાહરણરૂપ અને સીમાચિન્હરૂપ ચુકાદાઓ આપ્યા છે તેનો ઇન્કાર થઈ શકે તેમ નથી પરંતુ હવે ન્યાયતંત્રની સીમા મર્યાદા ક્યાં સુધી તે વિચાર કરવાનો સમય પાકી ગયો છે અને કારોબારી એટલે કે સરકારે કરવાનાં કાર્યો નિયમિત રીતે ન્યાયતંત્ર દ્વારા જ નક્કી કરી આપવામાં આવશે તો સરકારની ઉપયોગિતા શી ?

ભારતીય બંધારણના અનુચ્છેદ-૧૪૨ અંતર્ગત સર્વોચ્ચ અદાલતને સમગ્ર ભારતવર્ષમાં પોતાના દ્વારા અપાયેલ ચુકાદાના સંદર્ભમાં તેના અમલીકરણ માટે જાણે કે કાયદો પ્રસ્થાપિત કરવામાં આવ્યો હોય તેટલી સત્તા છે અને આ સત્તાના આધારે પર્યાવરણ રક્ષા, સમાજ કલ્યાણ, શ્રમિક કલ્યાણ સહિતનાં અનેક ક્ષેત્રોમાં ન્યાયિક સક્રિયતાના માધ્યમથી સર્વોચ્ચ અદાલતે સીમાચિન્હરૂપે કામગીરી કરી છે તેનો ઇન્કાર ન થઈ શકે, પરંતુ જ્યાં રાજકીય નિર્ણયો કે વહીવટી બાબતો સ્પષ્ટ થવી જોઈએ ત્યાં આગળ ધારાગૃહો અને સરકાર વધુ સારી રીતે કામ કરી શકશે તે કાયદા દ્વારા પ્રસ્થાપિત સ્વીકૃત સિદ્ધાંત છે તે ભૂલવા જેવું નથી.

ભારતમાં જસ્ટીસ ભગવતીના સમયથી સવિશેષ રીતે બાળ અધિકાર, શોષણ સામે રક્ષણથી લઈ જાહેર હિતની અનેક બાબતોમાં ઉચ્ચ અને સર્વોચ્ચ અદાલતોએ શ્રેષ્ઠ અને સીમાચિન્હરૂપ ચુકાદાઓ આપી મહત્ત્વપૂર્ણ પ્રદાન કર્યું છે – પર્યાવરણ રક્ષા, કુપોષણ સહિત ઘણા બધા વિષયોમાં સર્વોચ્ચ અદાલતે મહત્ત્વના ચુકાદાઓ આપેલ છે.

છેલ્લા દોઢ દાયકામાં આ સક્રિયતા વધતી ગઈ અને જાહેર હિતની અરજીઓની સંખ્યા વધવાની સાથે ઘણા બધા વિષયો ન્યાયિક સક્રિયતાએ આવરી લીધા. મૂળભૂત રીતે ભારતમાં સંસદ (ધારાગૃહ) કારોબારી અને ન્યાયતંત્ર એમ ત્રિઆયામી વ્યવસ્થા સુનિશ્ચિત થઈ છે. દરેકની સીમા અને કાર્યક્ષેત્ર સીમામર્યાદા ઓળંગી કાર્યરત થાય તો લાંબાગાળે તેની સારી-નરસી શી અસર થઈ શકે તેની ચર્ચા વ્યાપક સ્વરૂપે શરૂ થયેલ છે અને ૨૬મી નવેમ્બરે તો ત્રણેય આયામનું નેતૃત્વ ઉપસ્થિત હતું અને તંદરસ્ત ગંભીર ચર્ચા પણ થઈ.

ન્યાયતંત્રનું કાર્ય દેશમાં વિદ્યમાન કાયદાઓની યોગ્યતા ચકાસવી તથા સવિશેષ રીતે બંધારણની રક્ષા અને કોઈ વિષયની બંધારણની યોગ્યતા કે તેનું કાયદેસરપણું ચકાસવું અને તેનું અર્થઘટન કરવા અર્થેનું છે ત્યારે ન્યાયતંત્ર, ધારાગૃહ અને કારોબારી એમ બધાનાં કાર્યો ભારતીય બંધારણમાં સુનિશ્ચિત થયેલાં છે અને જો એકબીજાનાં કાર્યોમાં ભારતીય બંધારણનું કોઈ પણ અંગ હસ્તક્ષેપ કરવાનું શરૂ કરશે કે સીમા મર્યાદા ઓળંગશે તો આખરે તેની સીધી અસર સંસદીય લોકતાંત્રિક વ્યવસ્થા ઉપર થશે.

સરકાર કે કારોબારી દ્વારા જ રચાયેલા કાયદાની યોગ્યતા અને તેનું અર્થઘટન એ ન્યાયતંત્રનું પ્રમુખ કાર્ય છે, પરંતુ રોજબરોજના વહીવટી નિર્ણયો લેવામાં અને કાયદો ઘડવાનું કામ માત્ર સરકારનું જ છે તે પ્રકારની પરિસ્થિતિ ભારતીય બંધારણમાં સુસ્પષ્ટ છે.

**મેમ્બર, સ્ટેટ સિક્યુરિટી કમિશન,**
**ગૃહ વિભાગ, ગુજરાત રાજ્ય.**
**પૂર્વ કુલપતિ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,**
**રાજકોટ તથા આઈ. આઈ. ટી. ઈ. ગાંધીનગર.**
**સેવાનિવૃત્ત, અધ્યક્ષ અને પ્રોફેસર,**
**લો વિભાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ**
**નિવાસ : 'નિવૃત્તિ નિવાસ'**
**૭/૧ જાગનાથ પ્લોટ, રાજકોટ-૧**

# ભારતના યુવાનોમાં વેલેંટાઈન ડે કેમ લોકપ્રિય બનતો જાય છે? એક સમાજશાસ્ત્રીય અર્થઘટન[1]

પ્રવીણ જ. પટેલ


## ટૂંક સાર

*ઓગણીસો એંસીના દાયકાના મધ્યભાગથી શરૂ થયેલ આર્થિક ઉદારીકરણની સાથે જ ભારતના શહેરી યુવાનોમાં શરૂ થયેલ વેલેંટાઈન દિવસની ઉજવણી ઊડીને આંખે વળગે તેટલી પ્રચલિત થઈ ગઈ છે. અને તેની સાથે જ તેનો વિરોધ પણ શરૂ થઈ ગયો છે. પરંતુ યુવાનો દ્વારા થતી વેલેંટાઈન દિવસની આ ઉજવણી અંગે કઢાપો કરવાને બદલે તેને ભારતીય સમાજમાં આવતાં પરિવર્તનોના સંદર્ભે સમજવાની જરૂર છે. તેથી આ લેખમાં દલીલ કરવામાં આવી છે કે આ ઘટના ભારતીય સમાજના આધુનિકકરણને કારણે યુવાનોમાં વધતા જતા વ્યક્તિવાદ તથા મા-બાપ દ્વારા ગોઠવાતાં લગ્નો જેવી પુરાણી પરંપરાઓમાં આવી રહેલાં પરિવર્તનનોને ઉજાગર કરે છે. આમ, વેલેંટાઈન દિવસની ઉજવણી અને તેના જેવી બીજી ઉજવણીઓ દ્વારા આજનો ભારતીય યુવાન સમાજને જાણે-અજાણે એક સંદેશ આપી રહ્યો છે કે સમાજ તરફથી તેને સમજવાની અને મદદની તાતી જરૂર છે.*


ફરી એક વાર ચૌદમી ફેબ્રુઆરીએ વેલેંટાઈન ડેની ઉજવણી ભારતના યુવાનોએ રંગેચંગે કરી. કૉલેજ કે યુનિવર્સિટી પરિસરોમાં યુવક-યુવતીઓ આનંદ-ઉલ્લાસના હિલોળે ચઢ્યાં અને સર્વત્ર ગુલાબ અને કાર્ડ્સના ઢગલા પથરાઈ ગયા. મૂળ પશ્ચિમના દેશોનો આ તહેવાર છેલ્લાં ઘણાં વર્ષોથી ભારતનાં શહેરોમાં અનેરા ઉત્સાહથી નિયમિત રીતે ઊજવાઈ રહ્યો છે. અને ખાસ કરીને કૉલેજ કે યુનિવર્સિટી પરિસરોમાં વાતાવરણ રોમૅન્ટિક અને રસિક બની જાય છે. ઘણાં યુવક-યુવતીઓ વિવિધ રંગનાં ગુલાબ કે ભેટ-સોગાદ કે ચળકતાં અને ચમકતાં કાર્ડ્સની આપલે કરીને આ દિવસ ઊજવે છે. કેટલાંક યુવક-યુવતીઓ આ દિવસે પોતપોતાના પ્રેમની ખાનગી કે જાહેરમાં કબૂલાત પણ કરે છે. પશ્ચિમના આ તહેવાર પાછળના ઇતિહાસ કે પરંપરાથી કેટલા યુવાનો પરિચિત હશે તે તો એક સંશોધનનો વિષય છે. પરંતુ અનેક લોકોના વિરોધની પરવા કર્યા વિના આપણાં યુવક-યુવતીઓ મક્કમતાથી અને જોરશોરથી આ દિવસને નિયમિત રીતે પ્રેમોત્સવ તરીકે ઊજવે છે તે એક નક્કર હકીકત છે.

**વેલેંટાઇન ડેનો ઇતિહાસ**

ફેબ્રુઆરીની ૧૪મી તારીખે સંત વેલેંટાઈનના નામે ફૂલ, ભેટ-સોગાદ, કાર્ડ્સ, કે ચૉકલેટની આપલે દ્વારા પોતાનો પ્રેમ વ્યક્ત કરનારા લોકોને જો પૂછવામાં આવે કે કોણ હતા આ સંત વેલેંટાઈન ? અને શા માટે પ્રેમની અભિવ્યક્તિ કરવા માટે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે ? તો બહુ ઓછા લોકો આ પ્રશ્નોનો સાચો જવાબ આપવા જેટલી જાણકારી ધરાવતા હશે.

હકીકતમાં સંત વેલેંટાઈનના નામે અનેક દંતકથાઓ પ્રચલિત છે અને તેમાંથી કઈ સાચી અને કઈ ખોટી તે અંગે ઇતિહાસકારો પણ એકમત નથી.[2] કેથલિક ચર્ચમાં પ્રચલિત માન્યતાઓ મુજબ વેલેંટાઈન (Valentine or Valentinus) નામના ત્રણ જુદા જુદા સંત થઈ ગયા. એક કિંવદંતી મુજબ પ્રાચીન રોમન સામ્રાજ્યમાં ઈ.સ. ત્રીજી સદીમાં વેલેંટાઈન ઓવ ટર્ની (Valentine of Terny) નામના એક ધર્મગુરુ થયા હતા. તે વખતના રોમન સમ્રાટ ક્લાઉડિયસ બીજા (Claudius II ) એમ માનતા હતા કે પરણેલા કે કુટુંબ-કબીલાવાળા સૈનિકો

કરતાં કુંવારા સૈનિકો વધુ સારું યુદ્ધકૌશલ્ય ધરાવતા હોય છે. તેથી તેમણે રોમન યુવાનોનાં લગ્નને ગેરકાનૂની જાહેર કર્યાં હતાં. પરંતુ સંત વેલેંટાઈન ઓવ ટર્નીને સમ્રાટનું આ ફરમાન અન્યાયી લાગ્યું હતું. તેથી તેમણે ખાનગીમાં રોમન યુવાનોનાં લગ્ન કરાવવાની વિધિ ચાલુ રાખી હતી. જ્યારે સમ્રાટ ક્લાઉડિયસને આ વાતની ખબર પડી ત્યારે તેમણે સંત વેલેંટાઈનને ઈ.સ. ૨૭૮માં મોતની સજા ફરમાવી હતી.

બીજી એક વાર્તા એવી છે કે રોમન સામ્રાજ્યની જેલોમાં ખ્રિસ્તી ધર્મ પાળનારા લોકો ઉપર શારીરિક જુલમ અને ત્રાસ ગુજારવામાં આવતો હતો. પરંતુ તે સમયે થઈ ગયેલ સંત વેલેંટાઈન આવા ખ્રિસ્તીઓને બચાવતા હતા અને તેમ કરતાં તેમણે શહાદત વહોરી હતી.

ત્રીજી એક દંતકથા મુજબ વેલેન્ટાઈન નામના એક ધર્મગુરુને કેદની સજા કરવામાં આવી હતી. અને તેમના જેલવાસ દરમિયાન તેઓ તે જ જેલના જેલરની દીકરીના પ્રેમમાં પડ્યા હતા. અને તેમણે તેમના મૃત્યુ પહેલાં તેમની પ્રેમિકાને 'તારા વેલેંટાઈન તરફથી' એમ લખીને એક પ્રેમપત્ર મોકલ્યો હતો. ત્યારથી પ્રેમીઓ એકબીજાને આ રીતે અભિવાદન કરતા આવ્યા છે.

જોકે આ બધી દંતકથાઓની સત્યતા વિષે ખાતરીપૂર્વક કંઈ કહી શકાય તેમ ન હોવા છતાં મધ્યયુગીન યુરોપના ઇંગ્લંડ અને ફ્રાંસ જેવા દેશોમાં સંત વેલેંટાઈન એક રોમેન્ટિક વ્યક્તિ હતા તેવી છાપ પડી હતી. અને તે છાપ લગભગ આજપર્યંત કાયમ રહી છે. ઈંગ્લંડમાં સત્તરમી સદી દરમિયાન વેલેંટાઈન દિવસની ઉજવણી વધુ પ્રચલિત થઈ હતી. અઢારમી સદી દરમિયાન પ્રેમના પ્રતીક તરીકે હસ્તલિખિત સંદેશા મોકલવાનો રિવાજ પણ સામાન્ય થઈ ગયો હતો. અને ઓગણીસમી સદીમાં પ્રિંટિંગ પ્રેસના પ્રચલન પછી છાપેલાં કાર્ડ્સ મોકલવાની શરૂઆત થઈ હતી. પ્રેમની અભિવ્યક્તિ માટે હસ્તલિખિત સંદેશા મોકલતાં સંકોચ અનુભવતા લોકોને માટે આવા છાપેલા સંદેશાવાળા તૈયાર કાર્ડ્સ સગવડરૂપ બન્યાં અને ટપાલના સસ્તા દરોને લીધે તે વધુ અનુકૂળ પણ લાગવાથી તેનું પ્રચલન જોતજોતામાં વધી ગયું.

હવે તો વેલેંટાઈન દિવસની ઉજવણી એક વૈશ્વિક ઘટના બની ગઈ છે. યુ.કે., યુ.એસ.એ., ફ્રાંસ, કેનેડા, ઑસ્ટ્રેલિયા, મેક્સિકો જેવા અનેક દેશોમાં તો તે રંગેચંગે ઊજવાય છે. પરંતુ વધતા જતા વૈશ્વિકરણને લીધે વેલેંટાઈન દિવસની ઉજવણી માત્ર પશ્ચિમના દેશો પૂરતી જ મર્યાદિત રહી નથી. રૂઢીચૂસ્ત પરંપરાઓ માટે જાણીતા જપાન, ચીન, સિંગાપોર, કોરીઆ, ફિલિપિન્સ, થાઈલેન્ડ, ઇજિપ્ત, ઈરાન, ઈઝરાએલ, સાઉદી એરેબિયા, ભારત, અને પાકિસ્તાન જેવા એશિયા અને પશ્ચિમ એશિયાના ઘણા દેશોમાં તે હવે પ્રચલિત ઉત્સવ થઈ ગયો છે.

### વેલેંટાઈન દિવસનું અર્થકારણ

એક અંદાજ મુજબ દુનિયાના લગભગ ૫૦ ટકા કરતાં વધુ લોકો આ ઉત્સવ ઊજવે છે. અને તેની ઉજવણી જ એક મોટો ઉદ્યોગ બની ગઈ છે. એક ગણતરી મુજબ ઈ.સ. ૨૦૧૮ના ફેબ્રુઆરી મહિનામાં એકલા અમેરિકાના લોકોએ જ વેલેંટાઈન દિવસની ઉજવણી નીમિત્તે લગભગ ૨૦ અબજ ડૉલર ખર્ચ્યા હતા. તેમાં પોતાના વિશેષ પ્રીતિપાત્ર વ્યક્તિ ઉપરાંત માતા-પિતા, કુટુંબીજનો, સાથી કાર્યકરો, પોતાનાં બાળકોના શિક્ષકો કે સહાધ્યાયીઓ વગેરેને આપવામાં આવતી ભેટસોગાદ કે કાર્ડ્સ ઉપરાંત ચૉકલેટ, પુષ્પગુચ્છો, સોના-ચાંદીનાં ઘરેણાં, કપડાં, ખાણીપીણી વગેરે પાછળ થતા ખર્ચાનો પણ સમાવેશ થાય છે.[૩]

ભારતમાં પણ ઈ.સ. ૨૦૧૪ના વેલેંટાઈન દિવસે લગભગ ૧૬૦૦૦ કરોડ રૂપિયા ખર્ચાયા હતા. ત્યાર પછીના વર્ષે એટલે કે ઈ.સ. ૨૦૧૫માં તેમાં ૪૦ ટકાનો વધારો થયો હતો અને ખર્ચનો આંકડો ૨૨૦૦૦ કરોડ ઉપર પહોંચ્યો હતો. આમ વેલેંટાઈન દિવસની ઉજવણીના ખર્ચમાં વર્ષોવર્ષ વધારો થતો જાય છે.[૪]

આ ઉત્સવ પાછળ આટલો બધો ખર્ચ થવાનું એક કારણ એ પણ છે કે વેલેંટાઈન દિવસની ઉજવણી માત્ર એક દિવસ પૂરતી મર્યાદિત ન રહેતાં આખું અઠવાડિયું ચાલે છે. તેની શરૂઆત સાતમી ફેબ્રુઆરીના રોજ ગુલાબ દિવસ (Rose Day) થી થાય છે. પછી પ્રપોઝલ ડે (Proposal Day), ચૉલકેટ દિવસ (Chocolate Day), ટેડ્ડી દિવસ (Teddy Day), વચન દિવસ (Promise Day), ચુંબન દિવસ (Kiss Day), આલિંગન દિવસ (Hug Day), અને છેલ્લે ૧૪મી ફેબ્રુઆરીના રોજ વેલેંટાઈન દિવસ (Valentine's

Day)થી તેની પૂર્ણાહુતિ થાય છે.[૫]

તદ્દુપરાંત, કાર્ડ્સ અને ભેટસોગાદ માટે સોના-ચાંદીનાં ઘરેણાં કે ઘડિયાળ, ઇલેક્ટ્રોનિક સાધનો, કે મોબાઈલ ફોન જેવી વસ્તુઓના ઉત્પાદકો અને વિક્રેતાઓ પણ આ પ્રસંગે પોતાનું વેચાણ વધારવા માટે ખાસ કિંમતો કે સેલની સ્કિમો જાહેર કરતા હોય છે. ટૂર ઑપરેટર્સ કે હૉસ્પિટાલિટિ ઇંડસ્ટ્રી દ્વારા કેરાલા, ગોવા, નૈનીતાલ, માઉંટ આબુ, દેહરાદુન, મસૂરી, શીમલા, બેંકોક, સીંગાપોર વગેરે સ્થળોના પ્રવાસ માટે રૂપિયા પાંચ હજારથી લઈને પચાસ હજાર સુધીના ખાસ પેકેજ ઓફર કરતા હોય છે. વળી, આ પ્રસંગે ફૂલોનું વેચાણ પણ વધતું હોવાથી તેના ઉત્પાદકો અને વિતરકો પણ ખાસ્સી કમાણી કરતા હોય છે. વેલેંટાઈનના ઉત્સવ નિમિત્તે ભારતમાંથી સીંગાપોર, મલેશિયા, લેબેનોન, સાઉદી એરેબિયા, અને બ્રિટન જેવા દેશોમાં ફૂલોની મોટા પાયા ઉપર નિકાસ થાય છે. વળી આ નિકાસમાં વર્ષોવર્ષ વૃદ્ધિ થતી રહે છે. દાખલા તરીકે ૨૦૧૭માં ભારતમાંથી લગભગ ૨૦ કરોડ રૂપિયાનાં ફૂલોની નિકાસ થઈ હતી તેમાં આ વર્ષે લગભગ ૧૫ ટકાનો વધારો થયો હોવાનો એક અંદાજ છે. અને તેથી જ કેટલાક ટીકાકારો આ ઘટનાને આધુનિક બજાર-આધારિત મૂડીવાદી અર્થવ્યવસ્થાનું એક અનિષ્ટ પરિણામ કહીને વગોવે છે.[૬]

## ભારતમાં વેલેંટાઈન દિવસના વિરોધનું રાજકારણ

ભારતમાં પણ ૧૯૮૦ના દાયકાના મધ્યભાગથી શરૂ થયેલ આર્થિક ઉદારીકરણની સાથે જ જોગાનુજોગ વેલેંટાઈન દિવસની ઉજવણી શરૂ ગઈ હતી. ઉદારીકરણને લીધે ખાસ કરીને શહેરી મધ્યમવર્ગ ઊભો થયો જેની ખરીદશક્તિ વધી હતી. વળી આજ અરસામાં આ મધ્યમ વર્ગ રંગીન ટેલિવિઝન તથા કાર્ડ્સની નવી સંસ્કૃતિના પરિચયમાં આવ્યો. અને આ નવા ઊભા થયેલા મધ્યમ વર્ગના યુવક-યુવતીઓમાં વેલેંટાઈન દિવસ પોતાના પ્રેમ, હેત, અને પ્રીતને અભિવ્યક્ત કરવાનો એક મહત્ત્વનો અને હાથવગો પ્રસંગ બની ગયો.

સ્વાભાવિક રીતે જ અંગત પ્રેમની આવી જાહેર અભિવ્યક્તિએ અંતિમવાદી દૃષ્ટિબિંદુ ધરાવતા ભારતના કેટલાક લોકોને હચમચાવી મૂક્યા છે. આવા લોકો બે પ્રકારના છે. એક તો પોતાને પ્રગતિશીલ ગણતા ડાબેરીઓ અને બીજા રૂઢીચુસ્ત જમણેરીઓ. વેલેંટાઈન ડેની ઉજવણીના આ બંને પ્રકારના ટીકાકારો તેને પશ્ચિમીકરણ અને વૈશ્વિકરણનું અનિચ્છનીય પરિણામ માને છે. ડાબેરીઓ માને છે કે આ દિવસને ઊજવવા માટે ભારતના યુવાનોને પ્રોત્સાહિત કરવા પાછળ પશ્ચિમી મૂડીવાદનું કાવતરું છે. તેઓના મતે દરેક બાબતનું બજારીકરણ કરીને મૂડીવાદીઓ પોતાના ફાયદા માટે ભારતના ઊભરતા મધ્યમવર્ગની વધતી જતી ખરીદશક્તિનો ફાયદો ઉઠાવવા માગે છે.

જ્યારે ધર્માંધ રૂઢિચુસ્ત લોકો ડાબેરીઓ કરતાં જુદા કારણસર વેલેંટાઈન દિવસની ઉજવણીનો વિરોધ કરે છે. તેઓ એમ માને છે કે વિદેશી પરિબળો દ્વારા ફેલાવાતી પશ્ચિમની સંસ્કૃતિ દ્વારા ભારતના યુવાધનને ભ્રષ્ટ કરીને બરબાદ કરવામાં આવી રહ્યું છે. આવા રૂઢિચુસ્ત લોકોમાં ધર્માંધ હિંદુઓ અને મુસલમાનોનો સમાવેશ થાય છે. તેઓ તેમના વિરોધમાં ડાબેરીઓ કરતાં પ્રમાણમાં વધુ ઝનૂની અને આક્રમક હોય છે. અને તેઓ ક્યારેક વેલેંટાઈન ડેનાં કાર્ડ વેચતી દુકાનો કે પ્રેમી યુગલો ઉપર હિંસક હુમલા કરીને પોતાનો રોષ વ્યક્ત કરતા હોય છે. ક્યારેક તો આ દિવસે જાહેરમાં પ્રેમની અભિવ્યક્તિ કરતાં યુવક-યુવતીઓનાં જોડાંઓ ઉપર હિંસક હુમલા કરીને અથવા તેમનું મુંડન કરીને કે તેમના મોં ઉપર કાળો રંગ ચોપડીને હેરાન કરવામાં આવે છે. તો વળી કેટલાક ઝનૂની લોકો આવા યુવક-યુવતીઓને લગ્ન કરવાની પણ ફરજ પાડતા હોય છે.

## ભારતમાં વેલેંટાઈન દિવસની વધતી જતી લોકપ્રિયતાનું સમાજશાસ્ત્રીય અર્થઘટન

જોકે, ભારતમાં પ્રેમની અભિવ્યક્તિને ક્યારથી ધિક્કારપૂર્વક જોવાની શરૂઆત થઈ એ એક સંશોધનનો વિષય છે. કારણ કે, ભારતની પુરાણી સંસ્કૃતિમાં પ્રેમના દેવતા કામદેવ અંગે અનેક કથાઓ પ્રચલિત છે. અને એમ માનવામાં આવે છે કે કામદેવ પોતાના પુષ્પથી સજ્જ ધનુષ્ય વડે જે વ્યક્તિ ઉપર બાણ ચલાવે તે પ્રેમમાં પડે. તે જ રીતે શ્રી કૃષ્ણની રાસલીલાની ઉજવણી હજારો વર્ષોથી થતી આવે છે. તે ઉપરાંત ખજુરાહો અને કોણાર્કનાં કેટલાંક ધાર્મિક સ્થાનોમાં કામક્રિડાને કંડારતાં શિલ્પો પ્રખ્યાત છે. એટલું જ નહીં કામશાસ્ત્ર નામનો રતિક્રીડા અંગેનો જ એક અગત્યનો ગ્રંથ પ્રાચીન

ભારતમાં લખવામાં આવ્યો હતો.

પરંતુ, એ પણ એક હકીકત છે કે ઇતિહાસના કોઈ એક તબક્કે ભારતમાં પોતાના પ્રેમને જાહેરમાં વ્યક્ત કરવો તે એક પ્રકારની ધૃષ્ટતા, અપરિપક્વતા, કે ઉછાંછળાપણાની નિશાની ગણાવા લાગી. તેથી કોઈ પણ પુરુષ પોતાની પત્ની કે બાળકો પ્રત્યે પણ પોતાનો સ્નેહ જાહેરમાં વ્યક્ત કરતાં શરમાતો. લાગણીશીલતા એ પોચકાપણાની કે મર્દાનગીના અભાવની નિશાની ગણાતી ? એટલું જ નહીં, આધુનિક સમયનાં શરૂઆતનાં ઘણાં હિંદી ચલચિત્રોમાં પણ નાયક અને નાયિકાના પ્રણયદશ્યોમાં નાયકની પુરુષ સહજ રૂક્ષતાને જ પ્રાધાન્ય અપાતું.

જોકે, ધીમે ધીમે હવે તેવી માન્યતા જુનવાણી ગણાવા લાગી છે. ખાસ કરીને શહેરી યુવક-યુવતીઓ તો પોતાના પ્રેમની અભિવ્યક્તિ કરવામાં પહેલાં કરતાં ઓછી શરમ અનુભવે છે. વળી બજાર-આધારિત અર્થતંત્રમાં સમૂહ સંચારનાં ઇલેક્ટ્રોનિક માધ્યમો, તૈયાર સંદેશાઓ સાથે છપાયેલાં કાર્ડ્સના ધમધોકાર વ્યવસાય, તથા આતિથ્યને ધંધાધારી સ્વરૂપ આપનારી હોટલો યુવાનોની પ્રેમની આવી ખુલ્લેઆમ અભિવ્યક્તિમાં પોતાનું ધંધાકીય હિત જુએ છે. અને તેથી તેને વાજબી ઠેરવવામાં અને બહેકાવવામાં મોટો ફાળો આપે છે.

તેથી, ભારતમાં થતી વેલેંટાઈન દિવસની ઉજવણી અંગે ઊહાપોહ કરવાને બદલે વિશ્વભરના યુવાનોમાં આવી રહેલા સાંસ્કૃતિક પરિવર્તનના એક ભાગ રૂપે જોવાની જરૂર છે. એટલું જ નહીં પણ ભારતના પરિવર્તન પામતા અને ઝડપથી આધુનિક બનતા સમાજના સંદર્ભે તેને વસ્તુલક્ષી (objectively) રીતે તપાસવી જરૂરી છે. કારણ કે જ્ઞાતિ, ગ્રામસમુદાય, સંયુક્ત કુટુંબ, અને સગાંસંબંધીઓને મહત્ત્વ આપતો ભારતનો ખેતીપ્રધાન પારંપરિક સમાજ આધુનિકકરણને લીધે ધરમૂળથી બદલાઈ રહ્યો છે. વ્યક્તિવાદ, સ્વતંત્રતા, મુક્ત અભિવ્યક્તિ, સમાનતા, અને ધર્મનિરપેક્ષતા જેવાં મૂલ્યો તથા હરીફાઈ, ઉપભોક્તાવાદ, ઔદ્યોગિક મૂડીવાદ, સામૂહિક સ્થળાંતર, તથા શહેરીકરણ જેવી પ્રક્રિયાઓને કારણે જૂની પરંપરાઓનું મોટા પાયે ધોવાણ થઈ રહ્યું છે. અતિ ઝડપથી થઈ રહેલ ઔદ્યોગિકરણ અને તેના પરિણામ રૂપે ગામડાંઓમાંથી શહેરો તરફ થઈ રહેલા સ્થળાંતરને લીધે શહેરી વસ્તીમાં આસ્તે આસ્તે વધારો થઈ રહ્યો છે. દાખલા તરીકે, ૧૯૦૧માં ભારતની શહેરી વસ્તી ૧૧ ટકા જેટલી હતી. તે ૧૯૫૧માં ૧૭ ટકા, અને ૨૦૦૧માં ૨૮ ટકા થઈ હતી.[૭] અને ૨૦૧૧ની છેલ્લી વસ્તી ગણતરી મુજબ શહેરી વસ્તી ૩૧ ટકા જેટલી થઈ હતી.[૮]

સામાન્ય રીતે ગામડાંઓમાં રહેતા લોકો એકબીજાને સારી રીતે જાણતા હોય છે અને સામાજિક જીવન પ્રમાણમાં મોકળું હોય છે. ગ્રામસમાજમાં જ્ઞાતિ, સંયુક્ત કુટુંબ, સગાંસંબંધી, તથા પડોશીઓનું મહત્ત્વ ઘણું હોય છે. અને મોટે ભાગે જ્ઞાતિબંધુઓ તથા સગાંસંબંધીઓ પડોશમાં રહેતાં હોય છે. તેથી અડોશી-પડોશી એકબીજાને ઘેર કોઈ પણ સમયે કોઈ પણ રોકટોક વગર અવરજવર કરતા હોય છે. તેમની વચ્ચે સતત વાડકીવ્યવહાર ચાલતો રહેતો હોવાથી તેઓ એકબીજાના અંગત જીવનથી સુપરિચિત હોય છે. તેમની વચ્ચે ખાસ કશું ખાનગી હોતું નથી. સાજે-માંદે કે સારા-ખરાબ પ્રસંગે એકબીજાની ખબર લેતા હોય છે અને મદદરૂપ થતા હોય છે. આવા ઘનિષ્ઠ સંબંધોને કારણે ગામડાંઓમાં સામાજિક ઐક્ય હજુ પણ વધુ જોવા મળે છે. અને સૌ એકબીજાને ઓળખતા હોવાથી લોકો એકબીજાની શરમના માર્યા પણ સામાજિક નિયમો તથા ધોરણોનું (norms) પાલન કરતા હોય છે. તેને કારણે અનૌપચારિક (informal) સામાજિક નિયંત્રણ (social control) પણ ત્યાં વધુ મજબૂત હોય છે. અને ગ્રામ્ય સામાજિક જીવનમાં પ્રમાણમાં સ્થિરતા પણ વધુ જોવા મળે છે.

જ્યારે શહેરોમાં અંગતતા (privacy) અને અજ્ઞાતતા (impersonality) પ્રમાણમાં વધુ હોય છે. ઘણી વખત તો શહેરની સોસાઈટી કે એપાર્ટમેંટમાં રહેતા લોકો પોતાના પડોશી વિષે પણ બિલકુલ અજાણ હોય છે. વળી, વધતા જતા શહેરીકરણને લીધે અંગતતા અને અજ્ઞાતતાનાં મૂલ્યોમાં વધારો થઈ રહ્યો છે. શહેરોમાં જીવન-જરૂરિયાતની ચીજ-વસ્તુઓ પ્રમાણમાં ઘણી મોંઘી હોય છે. મકાનોની તંગી હોવાથી તેમનાં ભાડાં કે કિંમત ખૂબ ઊંચાં હોય છે. તેથી ગામડામાંથી આવીને શહેરમાં વસેલા લોકોને નાનાં મકાનોમાં રહેવાની ફરજ પડતી હોય છે. આવી પરિસ્થિતિમાં સ્વાભાવિક રીતે જ મોટા સંયુક્ત

કુટુંબ સાથે રહેવાનું શક્ય બનતું નથી. તેથી શહેરોમાં કુટુંબ નાનું અને વિભક્ત થતું જાય છે.

વધુમાં, વિશાળ વસ્તી ધરાવતાં મોટાં શહેરોમાં એક સ્થળેથી બીજા સ્થળે જવા માટે લાંબું અંતર કાપવું પડતું હોવાથી વાહન-વ્યવહાર ઉપરનો ખર્ચ પણ વધતો હોય છે. તદુપરાંત, માંદગી વખતે દવાદારૂ અને હૉસ્પિટલના ખર્ચા પણ વધી જતા હોય છે. બાળકોનું શિક્ષણ પણ મોંઘું હોય છે. આ બધા ખર્ચાઓને પહોંચી વળવા માટે પતિ-પત્ની બંનેને કમાવાની ફરજ પડતી હોય છે. અને શહેરોમાં સ્ત્રીઓ માટે નોકરીની તકો વધુ હોવાથી તે શક્ય પણ બને છે. આવાં બધાં કારણોને લીધે ગ્રામ્ય સમાજમાં જોવા મળતી સામાજિક સંબંધોમાં ઉષ્મા અને ઘનિષ્ઠતા શહેરોમાં ઓછી થતી જાય છે. ગામડામાં જોવા મળતી એકબીજાની આંખની શરમ શહેરોમાં લગભગ ઓછી થઈ ગઈ છે. તેથી શહેરોમાં કુટુંબવ્યવસ્થા, સગાંસંબંધીઓ વચ્ચેના સંબંધો, તથા જ્ઞાતિપ્રથા વગેરે સામાજિક સંસ્થાઓ નબળી પડતી જાય છે. તેનું એક આડ પરિણામ એ આવ્યું છે કે સામાજિક નિયમો તથા ધોરણોનું પાલન કરવા માટે જવાબદાર સામાજિક નિયંત્રણ પણ નબળું પડ્યું છે.

ભારતીય સમાજના આધુનિકકરણની શરૂઆત થઈ તે પહેલાં લોકો મોટે ભાગે ગ્રામસમુદાયોમાં રહેતા હતા અને સામજિક જીવન પ્રમાણમાં મજબૂત અને ધબકતું હતું. ત્યારે જ્ઞાતિપ્રથા, સંયુક્ત કુટુંબવ્યવસ્થા, અને સગાંસંબંધી તથા અડોશપડોશના લોકો સાથેના સંબંધો મજબૂત હોવાને લીધે માતા-પિતા કે સગાંસંબંધીઓ દ્વારા ગોઠવાતાં લગ્નોની પ્રથા સુસંગત અને અનુકૂળ હતી. કારણ કે ઉંમર લાયક છોકરા-છોકરીનાં લગ્ન મોટે ભાગે પોતાની જ્ઞાતિમાં જ પરંપરા મુજબ થતાં અને જેમની વચ્ચે લગ્ન થતાં તે યુવક-યુવતીનાં મા-બાપ અને સંબંધીઓ એકબીજાને ઓળખતા હોવાથી આવાં લગ્નો ગોઠવવાં પ્રમાણમાં સહેલાં હતાં. અને સુગ્રથિત સમાજની જાળવણી માટે આવાં ગોઠવેલાં લગ્નો હિતાવહ પણ ગણાતાં.[૯] તેથી સગાંસંબંધી ઉપરાંત ગામના વડીલો, શાળાના શિક્ષકો, કુટુંબના ગોર મહારાજ, કે વાળંદ પણ તેમના સંપર્કોને અને જાણકારીને લીધે આવાં લગ્નો ગોઠવવા માટે કુટુંબને લાયક છોકરા કે છોકરીને શોધવામાં મદદરૂપ થઈ પડતા હતા.

પરંતુ હવે વધતા જતા શહેરીકરણને લીધે ગામડાં તૂટવા માંડ્યાં છે. લોકો ગામડાંમાંથી નોકરી ધંધાની તલાશમાં જુદાં જુદાં શહેરોમાં વસી રહ્યા છે. આમ એક જ ગામના કે જ્ઞાતિના લોકો દૂર દૂરનાં શહેરોમાં વીખરાઈ જવાથી અને શહેરોની મોંઘી જીવનશૈલીને લીધે તેમના માટે એકબીજા સાથે સતત સંપર્કમાં રહેવાનું મુશ્કેલ બની રહ્યું છે. પરિણામે માત્ર જ્ઞાતિપ્રથા તથા સગપણના સંબંધો જ નબળા નથી પડ્યા પણ પહેલાં લગ્નો ગોઠવવામાં જે મદદરૂપ થતા હતા તેવા વચેટિયાઓની ભૂમિકા પણ નબળી પડી છે. જેને પરિણામે હવે મા-બાપ દ્વારા ગોઠવેલાં લગ્નોની પ્રથા ચાલુ રાખવી અત્યંત મુશ્કેલ બની રહી છે. ઉંમરલાયક યુવક કે યુવતી માટે પોતાની જ્ઞાતિમાંથી કે ગોળમાંથી યોગ્ય લગ્નસાથીની શોધ દુષ્કર બની ગઈ છે. ટૂંકમાં, ગોઠવેલાં લગ્નોની પરંપરા જાળવવી હવે મુશ્કેલ બની ગઈ છે.

જોકે જ્ઞાતિના આગેવાનો આ પ્રથાને ટકાવવાની મથામણ કરી રહ્યા છે. અને તે વાસ્તે નવા નવા રસ્તાઓ અજમાવી રહ્યા છે. દાખલા તરીકે છાપાંઓમાં લગ્નવિષયક જાહેરાતો આપીને કે ઉંમરલાયક છોકરા-છોકરીઓના બાયોડેટા ધરાવતી માહિતીપુસ્તિકાઓ છાપીને કે પોતાની જ્ઞાતિના લગ્નોત્સુક યુવક-યુવતીઓના લગ્નમેળા યોજીને તેમને પોતાની જ્ઞાતિમાંથી જ યોગ્ય જીવનસાથી શોધવામાં મદદરૂપ થવાના પ્રયત્નો હવે ઠેર-ઠેર જોવા મળે છે. અને હવે તો ઈંટરનેટના જમાનામાં આ માટે જાત-જાતની વેબસાઈટસ પણ અસ્તિત્વમાં આવી છે. આ બધા જ પ્રયત્નો લગ્ન ગોઠવવામાં પહેલાં મદદરૂપ થનારા વચેટિયાઓની ખોટ પૂરવા માટે શોધાયેલા વૈકલ્પિક ઉપાયો (functional alternatives) છે. અને તે ભારતીય સમાજમાં આવી રહેલાં પરિવર્તનોને ઉજાગર કરે છે.

પરંતુ, આધુનિક ભારતમાં જન્મેલાં અને મોટા થયેલાં તથા આધુનિક કેળવણી પામેલાં યુવક-યુવતીઓ લગ્નસાથીની પોતાની પસંદગી માટે વ્યક્તિગત અખત્યાર અને અંગતતાને વધુ પ્રાધાન્ય આપતાં થયાં છે. તેથી ધરમૂળથી બદલાઈ ગયેલી સામાજિક પરિસ્થિતિમાં તેમને મા-બાપ દ્વારા ગોઠવેલાં લગ્નો માટે વચેટિયાની અવેજીમાં શોધયેલી લગ્નમેળાવડા જેવી વૈકલ્પિક વ્યવસ્થાઓ તેમને પ્રમાણમાં કૃત્રિમ, કઢંગી,

અને અણઘડ લાગે છે.

તો, બીજી બાજુ પશ્ચિમના કેટલાક દેશોમાં લગ્નસાથીની પસંદગી માટે જે ડેટિંગની પ્રથા અસ્તિત્વમાં છે તેવી વ્યવસ્થા આપણે ત્યાં ઊભી થઈ નથી. પશ્ચિમના ઘણાબધા દેશોમાં તો શાળા-કૉલેજમાં ભણતાં કિશોર-કિશોરીઓ ડેટિંગ માટે મળતા થઈ જતા હોય છે. અને તેમનાં માતા-પિતા દ્વારા તે માટે તેમને પ્રોત્સાહન પણ આપવામાં આવે છે. આ માટે આવાં યુવક-યુવતીઓ દારુનાં પીઠાં (bar) કે સિનેમા કે પિકનિક કે ડિસ્કો જેવાં સ્થળોએ એકબીજાને હળીમળીને અને એકબીજાની સાથે વારંવાર ગોષ્ઠિ કરીને પોતાને ગમતા અને યોગ્ય લાગતા સાથીને પસંદગી કરતાં હોય છે.

જોકે પશ્ચિમના દેશોમાં તો ગળથૂથીમાંથી જ વ્યક્તિવાદી મૂલ્યોને પ્રોત્સાહન આપવામાં આવે છે. અમેરિકા જેવા દેશમાં તો બાળકના જન્મથી જ અલગ ઓરડામાં સુવાડવાની સલાહ ડૉક્ટરો દ્વારા મળતી હોય છે. અને જેમ-જેમ બાળક મોટું થતું જાય તેમ-તેમ તેને કયા વિષયને અભ્યાસ માટે પસંદ કરવા, કેવા મિત્રો સાથે હરવું-ફરવું, અંગત જીવનમાં આવતી મુશ્કેલીઓનો સામનો કેવી રીતે કરવો, લગ્નસાથીની પસંદગી કેવી રીતે કરવી વગેરે બાબતો અંગેના બધા જ નિર્ણયો પોતાની જાતે લેવા માટે મા-બાપ પ્રોત્સાહિત કરતાં હોય છે અને મદદરૂપ થતાં હોય છે. આમ, બાળકો પોતાની જવાબદારી સમજે અને તે પ્રમાણે પરિપક્વ બને તે અંગેની તાલીમ નાનપણથી જ મા-બાપ આપતાં હોય છે.

જ્યારે, ભારતમાં યુવક-યુવતીઓ નાનપણથી જ માતા-પિતા ઉપર જીવનભર આધારિત રહે એવું ઘડતર (socialization) થતું હોય છે. દરેકને માટે સૂવાના અલગ ઓરડાની કલ્પના આપણે ત્યાં આજે પણ ઘણાં કુટુંબોમાં જોવા મળતી નથી. તેથી, છેક કિશોરાવસ્થા કે યુવાવસ્થામાં આવેલાં છોકરાં-છોકરીઓ માત્ર એક જ રૂમમાં નહીં પણ પોતાનાં મા-બાપ કે ભાઈ-ભાંડુ સાથે એક જ પથારીમાં સૂતાં હોય છે. બાળકને નાનપણથી જ સમૂહમાં રહેવાની અને નાની-મોટી દરેક બાબતમાં વડીલોની કે માતા-પિતાની આજ્ઞામાં રહેવાની તાલીમ આપવામાં આવતી હોવાથી અભ્યાસના વિષયો કે નોકરી-ધંધાની કે લગ્નસાથીની પસંદગીમાં પણ તે તેમની સલાહનું પાલન કરવા માટે ટેવાયેલા હોય છે. પરિણામે, તેનું ઘડતર જુનવાણી મા-બાપ દ્વારા જૂની પરંપરાઓમાં અનુકૂળ થવા કાજે થાય છે. પરંતુ, તે વ્યક્તિ જ્યારે મોટી થઈને શાળા-કૉલેજમાં જાય છે ત્યારે તેને આધુનિક વ્યક્તિવાદી સંસ્કૃતિનો પરિચય થાય છે. ત્યાં તેને જે નવી કેળવણી મળે છે તેમાં અભિવ્યક્તિની કે પસંદગીની સ્વતંત્રતા ઉપર ભાર મુકાતો હોય છે. તેથી, એક બાજુ તે પુરાણાં અને નવાં મૂલ્યો વચ્ચેના ટકરાવનો ભોગ બને છે. અને બીજી બાજુ જેને અંગ્રેજીમાં ટીનએજ (૧૩થી૧૯ વર્ષની ઉંમરનો ગાળો) કહે છે અને ભારતમાં જેને ગધ્ધાપચીસી કહે છે તેવી ઉંમરે બાળક પોતાના શરીરમાં આવતાં પરિવર્તનોને કારણે તેની માનસિકતામાં પણ અજબ જેવા ફેરફારનો અનુભવ કરે છે. વળી, આ જ સમયગાળા દરમિયાન તે નવાં મૂલ્યોને આત્મસાત કરતો હોવાથી તેનામાં જુનવાણી વિચારસરણી પ્રત્યે વિદ્રોહની ભાવના જન્મે છે. તથા આ ઉંમરે નવા-નવા મિત્રો બનાવવાનું કે મનગમતા જીવનસાથી સાથે લગ્ન કરવા વિષે વિચારવું તેના માટે સ્વાભાવિક બને છે.[૧૦]

પરંતુ, ભારતમાં દારુના પીઠામાં કે સિનેમા કે પિકનિક કે ડિસ્કો વગેરે દ્વારા ડેટીંગ કરવાની પ્રથા વિકસી નથી. તેથી તેની અવેજીમાં વેલેંટાઈન દિવસની ઉજવણી ઉપરાંત નવા વર્ષની સંધ્યા તરીકે ઊજવાતી એકત્રીસમી ડિસેમ્બરની રાત્રિ, ફ્રેંડશીપ ડે[૧૧], અને રોઝ ડે જેવા બીજા પણ નવા-નવા ઉત્સવો આજકાલ શહેરી યુવાનો જોરશોરથી ઊજવી રહ્યા છે. જોકે યુવાન પેઢી માટે તો આ બધા જ પ્રસંગો સામાન્ય રીતે દરેક સમાજમાં બને છે તેમ રોજ-બ-રોજની ઘટમાળથી ઊભા થતા તનાવમાંથી મુક્તિ મેળવવા માટે ઉપયોગી હોય છે. તેથી પણ લોકો ઉત્સાહથી તેમાં ભાગ લેતા હોય છે. તદુપરાંત, સાંપ્રત સમયમાં આવા ઉત્સવોનું મહત્ત્વ તેમના માટે ઉપર જણાવેલ વિશેષ કારણોસર પણ વધી ગયું છે. તેથી તો ભારતના નવરાત્રી, ગણેશોત્સવ, ગોકુલાષ્ટમી, હોળી-ધૂળેટી જેવા પરંપરાગત ઉત્સવો પણ પારંપરિક ભાવનાઓ ખોઈ રહ્યા છે. એટલું જ નહીં, રાત્રિ બીફોર નવરાત્રિ, પ્રી ધુળેટી, કે જુદાજુદા ડ્રેસ પહેરવાના દિવસો જેવા અવનવા ઉત્સવો નવોલ્લાસથી ઉમેરાતા જાય છે. તદુપરાંત, જુવાનિયાંઓએ પાર્ટી કલ્ચર પણ વિકસાવ્યું છે. તેમાંના કેટલાક રેવ પાર્ટી જેવી તોફાની અને મદહોશ કરતી પાર્ટીઓનું આયોજન પણ કરે છે. (રેવ શબ્દનો અર્થ

જમૈકન ભાષામાં પાર્ટી થાય છે) જોગાનુજોગ ૧૯૮૦ના દસકાના મધ્યભાગથી ભારતમાં આવી રેવ પાર્ટીઓ શરૂ થઈ હતી. તેમાં ધમાલિયા ઇલેટ્રોનિક મ્યુઝિક અને રંગીલા ડીજે (ડીસ્ક જોકી)ના સંગે દારૂ કે નશીલા પદાર્થોનું સેવન કરતાં-કરતાં જુવાનિયાંઓ રંગબેરંગી દીવાઓની રોશનીમાં રાતભર ડાન્સ કરતા હોય છે. કેટલાક જુનવાણી લોકોને આવા પ્રસંગો જૂની આંખે નવા તમાશા જોવા જેવું લાગે છે. તો વળી બીજા કેટલાક લોકોને તેમાં આપણી સંસ્કૃતિને ભ્રષ્ટ કરે એવા એક જુદા જ પ્રકારની ધમાલ અને મસ્તી દેખાય છે. પરંતુ, શહેરની યુવાન પેઢી માટે આવા પ્રસંગો નવા નવા મિત્રો અને સાથીઓ બનાવવા માટે કે પોતાની વિશિષ્ટ આવડતના પ્રદર્શન દ્વારા તેમના ઉપર પોતાનો પ્રભાવ પાડવા વાસ્તે કે મોજ-મસ્તી અને આનંદ-પ્રમોદ કરવાના મોકા બની ગયા છે.

જોકે, આવા પ્રસંગોએ કેવી રીતે વર્તવું તેનાં ધારા-ધોરણો હજુ આપણે ત્યાં પૂરેપૂરાં વિકસ્યાં નથી. માતા-પિતા, સગાં-સબંધીઓ, કે મિત્રો પાસેથી પણ પૂરતું માર્ગદર્શન મળતું હોતું નથી. વળી, ટીવી-સિનેમા-આધુનિક મ્યુઝિક-વીડીઓ વગેરેની અસર હેઠળ યુવાન છોકરા-છોકરીઓ ક્યારેક મર્યાદા ઓળંગીને પોતાના જ જીવનને બરબાદ કરે છે. અને આવા પ્રસંગોને લીધે સમાજના હિતેચ્છુ ગણાતા નીતિમત્તાના રક્ષકો આક્રમક બને છે. તેઓ આવાં જુવાનિયાંઓ ઉપર વેલેંટાઈન ડે કે એવા બીજા દિવસો ઊજવીને પશ્ચિમની સંસ્કૃતિનું આંધળું અનુકરણ કરીને ભારતીય સંસ્કૃતિને લાંછન લગાડવાનો આરોપ મૂકે છે. અને ક્યારેક તેમની ઉપર નૈતિક, શાબ્દિક, અને ક્યારેક શારીરિક હુમલા પણ કરતા હોય છે. પરંતુ, ભારતીય સંસ્કૃતિના આ જ રક્ષકો નવરાત્રિ, ગણેશચતુર્થી, જન્માષ્ટમી, કે હોળી-ધુળેટી જેવા પારંપરિક ઉત્સવો વખતે થતી આવી જ ધમાલ-મસ્તી સામે આંખ આડા કાન ધરીને નજરઅંદાજ કરે છે. તેમ છતાં, એ જગજાહેર હકીકત છે કે આવા પારંપરિક ઉત્સવો પણ હવે મહદઅંશે યુવાનો માટે હળવા-મળવાના અને આનંદ-પ્રમોદ કરવાના પ્રસંગો જ બની રહેતા હોય છે.

જોકે, હવે આધુનિક સમયમાં આપણી પ્રાચીન પરંપરાઓને ફરીથી એ જ સ્વરૂપે સાચવવી મુશ્કેલ જ નહીં લગભગ અસંભવ બની ગઈ છે એ સ્વીકારવું રહ્યું. જે સંશોધકો હજુ પણ ગોઠવેલાં લગ્નોની પરંપરાનું અસ્તિત્વ સ્વીકારે છે તેઓ પણ કબૂલ કરે છે કે ભવિષ્યમાં તો પ્રેમલગ્નો જ વાસ્તવિકતા બની રહેશે.[૧૨] તેથી આધુનિક ભારતમાં યુવાનોને વધુ ને વધુ સ્વતંત્રતા આપવા સિવાય હવે બીજો કોઈ વિકલ્પ બાકી રહેતો નથી. પરંતુ તેની સાથે-સાથે તેમને પશ્ચિમના દેશોમાં પ્રવર્તમાન બાળકોને યોગ્ય માર્ગદર્શન આપવાની તથા તેમને છાજે તેવી અને સ્વીકાર્ય હોય તેવી ગરિમાયુક્ત દેખરેખ રાખવાની વ્યવસ્થાઓ (chaperoning) પણ વિકસાવવી જરૂરી છે. જેથી તેઓ આત્મઘાતી અને વિનાશક પ્રવૃત્તિઓથી બચી શકે.

આમ, વેલેંટાઈન દિવસની ઉજવણી અને તેના જેવી બીજી ઉજવણીઓ દ્વારા આજનો ભારતીય યુવાન સમાજને જાણે અજાણે એક સંદેશ આપી રહ્યો છે કે સમાજ તરફથી તેને સમજવાની અને મદદની તાતી જરૂર છે. તેમના વર્તન દ્વારા તેઓ કહેવા માગે છે (તેઓ ભલે તે અંગે સભાન ન પણ હોય) કે આવી ઉજવણીઓ એ સામજિક સમસ્યા નથી. પરંતુ, લગ્ન અંગેની આધુનિક સમયમાં ઉભી થયેલી સમસ્યાનું તેમાં તેઓ સમાધાન શોધી રહ્યા છે. આથી યુવાનોનો આવી ઉજવણીઓ સામે હોબાળો કરવાને બદલે કે તેમને ધિક્કારવાને બદલે તેમને સમજીને મદદરૂપ થવાની સમાજની એક નવી જવાબદારી ઊભી થઈ છે. આ અંગે આપણે જેટલા જલદી જાગ્રત થઈશું તેટલા આપણા યુવાધનને અધોગતિના માર્ગે જતા બચાવી શકીશું.

**Notes and References**

1. This is an extensively revised version of my article ''The Popularity of 'Valentine Day' : A Sociological Perspective'', *Economic and Political Weekly*, 49(19), 2014, pp. 19-21.
2. (a) 'History of Valentine's Day' viewed on 15 March 2018, https://www.history.com/topics/valentines-day/history-of-valentines-day. (b) There are significant regional variations including date and manner of its celebration. See (i) DeSouza, Katie(2013), ''Where Did Saint Valentine's Day Come from Anyway?'', viewed on 19 December 2013(/where-did-saint-valentines-day-come-from- anyway/), (ii) Dyk, Natalie

Van (2013), ''The Reconceptualisation of Valentine's Day in the United States: Valentine's Day as a Phenomenon of Popular Culture'', *Bridges: An Undergraduate Journal of Contemporary Connections,* 1(1), viewed on 19 December 2013 (http://scholars.wlu.ca/cgi/viewcontent.cgi?article=1002 & contextbridges contmpoy _connections), (iii) Haag, Pamela (2013), ''Valentine Day: Its Gory, Unromantic Secret History'', viewed on 19 December 2013 (http://bigthink.com/ harpys-review/valentines-day-its-gory-unromantic-secret-history), and (iv) ''Valentine's Day'', Wikipedia: *The Free Encyclopedia,* visited on 19 December 2013 (http://en.wikipedia. Org/ wiki/ Valentine's_Day).

3. Amadeo, Kimberly, ''Valentine's Day Celebrants Spending More in 2018: Shoppers Feeling the Love in 2018'' February 12, 2018, *The Balance*, viewed on 13 March 2018, https://www.thebalance.com/happy-valentine-s-day-retailers-feeling-the-love-3306043
4. ''Valentine's Day Market in India may cross Rs 22,000 Crore This Year'' viewed on 13 March 2018, https://retail.franchiseindia.com/article/whats-hot/trends/Valentine-s-Day-market-in-India-may-cross-Rs-22-000-crore-this-year.a2910/
5. See: http://news.oneindia.in/2011/02/07/rose-day- marks-the-start-of-valentine-week-2011- aid0116.html (viewed on 30 December 2013).
6. Of course, such sentiments are expressed elsewhere also. See (i) Glazov, Jamie (2010), ''Hating Valentine's'', viewed on 23 December 2013 (http://www.frontpagemag.com/2010/jamie-glazov/hating-valentine% E2% 80%99s/), (ii) ''Valentine's Day for All: A Marxist Defense of the Romantic Day'', viewed on 23 December 2013 (http://thevarsity.ca/2012/02/13/valen- tines-day-for-all/), and (iii) (a) ''Fatwas of Muslim Scholars Concerning Valentine's Day'', viewed on 26 December 2013 (http://www.islamweb.net/emainpage/index.php?page = articles &id=156435); also see (b) (http://jami- abinoria.org/months/valentine&islam.htm).
7. Kundu, Amitabh (2011): *Trends and Processes of Urbanisation in India* (London: Human Settlements Group International Institute for Environment and Development and New York: Population and Development Branch United Nations Population Fund).
8. Census (2011): *Rural Urban Distribution of Popultion,* Census of India (New Delhi: Ministry Home Affairs), viewed on 12 January 2014, http://censusindia. gov.in/2011-prov results/ paper2/data_files/india/Rural_Urban_2011.pdf
9. Uberoi, Patricia, ed. (1993): *Family, Kinship and Marriage in India* (Delhi: Oxford University Press).
10. Patel, Pravin J. (forthcoming). ''Declining Social Control and Rising Deviant Behaviour in India: Role of Shame and Guilt'', *South Asia Research.*
11. Lately, the Indian youth also have adopted the ''Friendship Day'' as a festival. See (i) http:// www.friendshipday.org/when-is-friendship-day html, and (2) http://www.timeanddate.com/ holidays/india/friendship-day, viewed on 30 December 2013.
12. Gupta, Giri Raj (1976): ''Love, Arranged Marriage and the Indian Social Structure'', *Journal of Comparative Family Studies,* 7(1), 75-85.

**ડૉ. પ્રવીણ જ. પટેલ**

પૂર્વ કુલપતિ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર
સેવાનિવૃત્ત પ્રોફેસર અને અધ્યક્ષ, ડિપાર્ટમેન્ટ ઑફ સોશ્યોલોજી, એમ. એસ. યુનિવર્સિટી ઑફ બરોડા.
1001, પવનવીર, પ્રતાપગંજ, વડોદરા- 390002
ફોન : 0265-2792841
email : pravin1943@gmail.com

# બાળશિક્ષણમાં પ્રદાન : ગિજુભાઈ બધેકા

**(૧૫. ૧૧. ૧૮૮૫ – ૨૩. ૦૬. ૧૯૩૯)**

**અજય પાઠક**

કલા, સાહિત્ય અને શિક્ષણના ક્ષેત્રમાં ભાવનગરની પ્રજાને વિશેષ ભાવ રહ્યો છે. તેથી ભાવનગરને કલાનગરી તરીકે પ્રેમપૂર્ણ ઉદ્‌ગારથી સંબોધવામાં આવે છે. ભાવનગરની પ્રજાના આ વિશેષ ભાવને પોષવા, સંકોરવામાં ભાવનગરના રાજવી, દીવાન તથા રાજ્ય-કારભારીઓનો ખાસ સહયોગ રહ્યો હતો. તેથી અહીં કેટલીક ઉત્તમ પ્રવૃત્તિઓ ફૂલીફાલી છે. તેમાં શિક્ષણક્ષેત્રે ખાસ ઉલ્લેખનીય પ્રવૃત્તિ તે નાનાભાઈ સ્થાપિત દક્ષિણામૂર્તિની શિક્ષણ વિષયક પ્રવૃત્તિ. શરૂઆતમાં પૂ. શ્રી નથુરામ શર્માની પ્રેરણાથી દક્ષિણામૂર્તિ છાત્રાલયની શરૂઆત થઈ હતી. ઉલ્લેખનીય વાત એ છે કે શ્રી હરગોવિંદભાઈ પંડ્યા શ્રીમન્નથુરામ શર્માના શિષ્ય હતા. તેમણે તથા તેમના ગુરુબંધુ શ્રી નૃસિંહપ્રસાદ કાલિદાસ ભટ્ટ બંનેએ ભેગા થઈને ધાર્મિક સંસ્કારોનું જુવાન પેઢીમાં સિંચન કરવાના હેતુથી ઈ. સ. ૧૯૧૦માં ભાવનગરની રેલવે સ્ટેશન નજીક આવેલી તખ્તસિંહજી ધર્મશાળામાં શ્રી દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવન નામની છાત્રાલય સંસ્થાની શરૂઆત કરેલી. ત્રણેક વર્ષમાં આ સંસ્થાને વધુ વિકસાવવી જોઈએ એમ સમજાતાં નૃસિંહપ્રસાદ (નાનાભાઈ) શામળદાસ કૉલેજની પ્રાધ્યાપક તરીકેની કામગીરી મૂકી સંસ્થામાં આજીવન સભ્ય બની જોડાયા. મોટા ભાઈ એટલે હરગોવિંદભાઈ. તેઓ ગિજુભાઈના મામા થાય. ઈ. સ. ૧૯૧૫માં સુરેન્દ્રનગર ખાતે વકીલાત કરતા ગિજુભાઈએ મામાની વિનંતીને માન આપીને દક્ષિણામૂર્તિનું બંધારણ ઘડી આપ્યું. પછીના વર્ષમાં સંસ્થાને વધારે વિકસાવવા માટે મામાએ ભાણેજને ઈજન આપ્યું કે તેઓ વકીલાત છોડી દક્ષિણામૂર્તિમાં જોડાય. ગિજુભાઈ વકીલાત છોડીને દક્ષિણામૂર્તિમાં આજીવન સભ્ય તરીકે તા. ૧૩-૧૧-૧૯૧૬ના રોજ જોડાયા. ત્યારે ગિજુભાઈની ઉંમર પૂરા ૩૧ વર્ષની હતી. તેમનામાં ધગશ હતી, પ્રચંડ પુરુષાર્થ કરવાની ટેવ હતી, પ્રયોગકારની વૈજ્ઞાનિક દૃષ્ટિ, કશુંક નવું કરી બતાવવાની તમન્ના, પ્રવર્તમાન શિક્ષણમાં ચાલી રહેલી અંધાધૂંધીમાંથી પ્રકાશ ફેલાવવાની સૂઝ એવમ્ શ્રદ્ધા, પોતાના મામાનો એટલે કે મોટા ભાઈના નામથી જાણીતા હરગોવિંદભાઈનો સંસ્કારવારસો અને મેડમ મૉન્ટેસોરીનાં પુસ્તકો. આટલી મૂડી સાથે એમણે શિક્ષણ ક્ષેત્રની કેડી પર પગ માંડ્યા. હૈયા-ઉકલતથી બાલશિક્ષણની એક નવી જ દિશા ખોલી આપી. શરૂઆતમાં ૩ વર્ષ વિનયમંદિરમાં કામ કર્યું, પછીથી બાલમંદિરમાં. ગિજુભાઈમાં રહેલી શક્તિઓને નાનાભાઈએ ઓળખી. મોટા ભાઈએ ગિજુભાઈની પાત્રતા વિશે પૂછતાં નાનાભાઈએ જણાવેલું 'મેં આ સંસ્થાનો દેહ ઘડ્યો છે, ગિજુભાઈ તેમાં પ્રાણ પૂરશે.' 'I Baptized with water. He will batize with life.' પછીના દોઢ-બે દાયકા પર્યંત ગિજુભાઈએ દક્ષિણામૂર્તિ બાલમંદિરના માધ્યમથી બાલશિક્ષણ ક્ષેત્રે જે પ્રભાવક કામગીરી કરી તેમાં નાનાભાઈના શબ્દો ચરિતાર્થ થયા છે. બાળ કેળવણીની તેમણે કંડારેલી કેડીને તેમણે જ રાજમાર્ગ સમી બનાવી. માત્ર વર્ગમાં જ નહીં, કુટુમ્બમાં, સમાજમાં, બાળક કેન્દ્રમાં છે તે વિચાર સ્થાપિત કર્યો, પ્રસાર્યો. નૂતન બાળશિક્ષણની પ્રવૃત્તિ, તેનો પ્રચાર, પ્રસાર આજેય ચાલે છે. ગિજુભાઈની વિચારધારા અને કાર્યથી પ્રભાવિત થઈ અનેક લોકો આ વિચાર તરફ આકર્ષાયા અને વિવિધ સ્વરૂપે સમાજમાં કાર્યરત થયા. જુગતરામભાઈનું નામ અને કામ આનું મોટું દૃષ્ટાંત છે. તેમણે ગિજુભાઈના આ કાર્ય પાછળ રહેલ દૃષ્ટિ અને તત્ત્વજ્ઞાનના મહત્ત્વને પિછાણ્યું, વખાણ્યું અને આનંદથી ગાયું :

**"બાલ મંદિરિયું, બાલ મંદિરિયું**
**અમારું સુંદર સોહાય, વાલું મારું બાલ મંદિરિયું."**

માત્ર ગુજરાતમાં જ નહિ, ગુજરાત બહાર મુંબઈમાં, ઇન્દોરમાં, રાજસ્થાનમાં ગિજુભાઈની બાળકેળવણીની સુવાસ પ્રસરી છે. આજેય તેમનું સ્મરણ ત્યાં જાગે છે. ગિજુભાઈએ કંડારેલી બાળકેળવણીની દિશામાં ત્યાં કાર્ય થાય છે.

ગિજુભાઈનો શિક્ષણ ક્ષેત્રે કયો ચમત્કાર હતો ? તેમણે બાળકોને પોતાની દુનિયા આપી. ભરપૂર સ્વતંત્રતા આપી. ગાંધીજીએ ભારતને સ્વતંત્રતા અપાવી તે પૂર્વે ગિજુભાઈએ બાળકોને સ્વતંત્રતા આપી. બે નામથી

ગુજરાત સુપેરે પરિચિત છે. કવિશ્રી કૃષ્ણાલાલ શ્રીધરાણી અને કવિશ્રી પ્રહ્લાદ પારેખ. બંને દક્ષિણામૂર્તિના આરંભકાળના વિદ્યાર્થીઓ. આજે બંને સદ્‌ગત છે. પણ તેમના એક સહાધ્યાયી કવિશ્રી પ્રેમશંકર ન. ભટ્ટ વિદ્યમાન છે. ઉં. વ. ૧૦૪ પૂરાં. તેઓ પ્રસંગોપાત્ત પોતાના આ સદ્‌ગત કવિઓ સાથેના દક્ષિણામૂર્તિના અભ્યાસકાળ દરમિયાન કરેલાં તોફાનો યાદ કરતા હોય છે. ગિજુભાઈને નાનપણથી જોડકણાં કરવાનો શોખ હતો, તેમાં ટીખળ ભરેલી અભિવ્યક્તિ હોય. શ્રીધરાણી, પ્રહ્લાદ અને પ્રેમશંકર પણ આવી ટીખળયુક્ત કવિતા કરતા થયા હતા. આ ત્રણે કવિઓ ગૂજરાત વિદ્યાપીઠમાં આગળ અભ્યાસાર્થે જોડાયા ત્યારે તેમને નવા વાતાવરણમાં સોરવતું ન હતું. ત્યારે સાબરમતી ટ્રેનના ડ્રાઇવર સાથે દક્ષિણામૂર્તિ નાનાભાઈ વ.ને જોડકણા દ્વારા ફરિયાદ પત્ર લખે છે એવું કાવ્ય શ્રીધરાણીએ રચેલું. દક્ષિણામૂર્તિમાં સ્વતંત્રતાનું જે વાતાવરણ ગિજુભાઈએ નિર્માણ કર્યું હતું તેવું વાતાવરણ અન્યત્ર મળવું મુશ્કેલ. તોફાન કરવાની કેવી સ્વતંત્રતા મળતી તેનું સાંભળેલું એક દૃષ્ટાંત આપું.

આંતરરાષ્ટ્રીય ફોટો-જર્નાલિસ્ટ સ્વ. કિશોર પારેખનું નામ જાણીતું છે. તત્કાલીન વડા પ્રધાન સ્વ. લાલબહાદુર શાસ્ત્રીજી રશિયા તાશ્કંદ-મંત્રણા માટે ગયા ત્યારે તેઓ સાથે હતા. મંત્રણા બાદ રાત્રે પોતાના નિવાસે શાસ્ત્રીજી સૂવાના ખંડમાં આમથી તેમ આંટા મારી રહ્યા હતા ત્યારે બહારથી બારીમાંથી શાસ્ત્રીજીની છબિ તેમણે લીધી હતી તે શાસ્ત્રીજીના જીવનની આખરી છબિ હતી. રાત્રે ઊંઘમાં જ શાસ્ત્રીજીનું નિધન થયું હતું. વર્તમાનપત્રમાં બીજા દિવસે કિશોર પારેખની આ છબિ પ્રસિદ્ધ થઈ હતી. તેનાથી કિશોર પારેખ રાતોરાત પ્રખ્યાત બની ગયા. કિશોર પારેખ ઘરશાળા એટલે કે દક્ષિણામૂર્તિ-બૃહદ્ પરિવારના વિદ્યાર્થી. ભારે તોફાની, ભારે તરવરિયા. એક વાર હરભાઈ પાસે જઈને તેમના માથા પર હાથ ફેરવીને કહે 'હરભાઈ, તમારો મૂંડો લપસણા જેવો લીસો છે.' આનો પ્રતિસાદ હરભાઈ મધુર સ્મિતથી જ આપી શકે. દક્ષિણામૂર્તિનું એ વાતાવરણ હતું. ધીંગામસ્તીની સ્વતંત્રતા, ટીખળ-તોફાનની સ્વતંત્રતા. બાળકની આ અભિવ્યક્તિ રોકવાની નહિ, ટોકવાની નહિ. બાળકને મારવાનું નહિ, વઢવાનું નહિ, તરછોડવાનું નહિ, અપમાનિત કરવાનું નહિ, ડોળા કાઢીને ડરાવવાનું નહિ; તેની શક્તિઓને પ્રેમથી અંકુરિત કરવાની રીત દક્ષિણામૂર્તિ પ્રબોધે છે. બાળક પ્રભુનો પયગંબર છે, બાળક ઈશ્વરનું રૂપ છે તેવો શુકપાઠ નહિ, રોજિંદું પળેપળનું તેવું આચરણ કરવાનું. મા-બાપ તરીકે પોતાના બાળક સાથે એવમ્ દક્ષિણામૂર્તિ બાલમંદિરના સમગ્ર બાલસમૂહ સાથે આવા પ્રેમ-વાત્સલ્ય ભાવથી વર્તવાનું. આ છે દક્ષિણામૂર્તિનો સંદેશ; નાનાભાઈ, ગિજુભાઈ, હરભાઈ, દર્શક, મૂળશંકરભાઈનો સંદેશ. વિશ્વશાંતિની ગુરુકિલ્લી બાળપણમાં મળેલા પ્રેમ-વાત્સલ્યમાં રહેલી છે તેમ આ કેળવણીના દ્રષ્ટાઓએ ભારપૂર્વક કહેલું છે, આચરેલું છે, ઘેર ઘેર સંદેશ પ્રસરાવવા મથામણ કરી છે.

ગિજુભાઈએ પોતાનો સંદેશ પ્રસરાવવા માટે પત્રિકાઓ કરી, ઘોડાગાડી ગામમાં ફેરવીને માઈક દ્વારા જાહેર વિનંતીઓ કરી. સમજુ અને શિક્ષિત મા-બાપોના હૃદયમાં સંચાર થયો. તેમનો સંદેશ હતો – બાળકો માટે આટલું તો અવશ્ય કરીએ –

**મા-બાપ તરીકે :**

- ઘરમાં બાળકનો પરિવારના એક સભ્ય તરીકે સ્વીકાર કરીએ.
- બાળકોને મારીએ નહિ, તરછોડીએ નહિ, લલચાવીએ નહિ, બીવડાવીએ નહિ, પણ તેના તરફ વહાલથી વર્તીએ અને તેને હૂંફ આપીએ.
- બાળકના સહઅસ્તિત્વના સ્વીકાર સાથે, તેને ખાવાપીવા, હરવા-ફરવા અને પહેરવા-ઓઢવામાં તેની પસંદગીને આવકારીએ.
- નાનાં બાળકો પણ આંખથી જોઈ શકે છે, વાંચી શકે છે, આપણા વર્તન-વહેવારોનું માનસ પારખી શકે છે. માટે ઘરનું વાતાવરણ શાંત-સ્વચ્છ અને સુમેળવાળું સર્જીએ.

**બાલશિક્ષક તરીકે :**

- શિક્ષણની પ્રવૃત્તિઓના કેન્દ્રમાં બાળક છે તે ન ભૂલીએ.
- બાળમાનસને પૂરું સમજીને બાળકની પ્રવૃત્તિઓ તથા તેના વર્તન-વહેવારને શિક્ષણની દૃષ્ટિએ સમજવા પૂરો પ્રયત્ન કરીએ.
- 'વ્યક્તિ તેટલી પ્રકૃતિ.' દરેક બાળક એકબીજા બાળકથી જુદું જ હોય છે. તેથી બે બાળકો વચ્ચે કદી સરખામણી ન કરીએ.
- બાળકની કક્ષાને ધ્યાનમાં રાખી, એની સમજ અને શક્તિ મુજબ અભ્યાસનું ભારણ આપીએ.
- ઘર અને શાળાનો જીવંત સંપર્ક રાખવા, વાલી વર્ગનો બાળકના વિકાસ માટે સંબંધ કેળવીએ.

આ પ્રચાર ઘોડાગાડી મારફત આખા ગામમાં થાય છે. ઘોડાગાડી ચલાવનાર ગાડીવાન બાળક ઘેરથી

બાલમંદિર આવે અને બાલમંદિરથી ઘેર જાય તે પ્રક્રિયામાં બાળક સાથેનું બાલમંદિરનું રોજેરોજ પ્રથમ સંપર્કબિન્દુ બને છે, તેમ અંતિમ સંપર્કબિન્દુ બને છે. તેથી ગાડીવાન બાલમંદિર પ્રવૃત્તિમાં ખૂબ જ મહત્ત્વની ભૂમિકાએ છે. દક્ષિણામૂર્તિના ગાડીવાન ગિજુભાઈની અનુકૃતિ સમાન બનીને ઘરેથી બાલમંદિર જતા રોવા લાગતા બાળકને યોગ્ય રીતે ગાડીમાં આવકારે છે, પોતાની નજીક બેસાડે છે, કોમળ વાક્યોચ્ચાર દ્વારા માના હાથમાંથી રોતા બાળકને લઈ લે છે, કોઈ વાર ભાગ પણ આપે છે. બાલમંદિરથી ઘેર મૂકવા જતાં સરસ રીતે 'આવ-જો'નો ઉપચાર કરે છે, રોતું રોતું ગયેલું બાળક હસતું-રમતું રોફ કરતું, પ્રસન્ન ચિત્તથી ઘરમાં પ્રવેશે છે ત્યારે એવું લાગે છે કે ગિજુભાઈની બાળકેળવણીનો એક જીવતો-જાગતો સ્ફુલિંગ ગૃહપ્રવેશ કરે છે. એ રીતે બાલમંદિરમાં જવાથી બદલાયેલું બાળક સમગ્ર કુટુમ્બને શાતા અર્પે છે. બાળક ગિજુભાઈનો એમ્બેસેડર છે. તે કુટુમ્બજીવનમાં નવી હવાનો સંચાર કરવામાં અણજાણપણે નિમિત્ત બને છે.

એક બીજું ચિત્ર જોઈએ. પ્રહ્‌લાદ, શ્રીધરાણી કે કિશોર પારેખ સમો કોઈ બાળકવિદ્યાર્થી લગભગ રોજ ગાડીવાનની બાજુમાં બેસવા સદ્‌ભાગી બનતો હોય છે. ગાડીવાનની ગાડી ચલાવવાની ક્રિયા તે ધ્યાનથી નિહાળતો રહે છે. ગાડીવાનની ચાબુક નજીકમાં ઊભી ભરાવેલી પડી હોય છે. બાળકને ચાબુકમાં રસ પડે છે. તે ગાડીવાન સામે શું, કેમ, શા માટે વગેરે બાલસહજ પ્રશ્નોથી વાતચીત કરે છે. ગાડીવાનને વાતચીતના અંતે ચાબુક રાખવી જરૂરી નથી એમ સમજાય છે. ઘોડો સરસ ચાલે છે, દોડે છે, માત્ર લગામના હળવા સ્પર્શથી તેને કેમ ચાલવું, વળાંકમાં વળવું વગેરે ખ્યાલ આવે છે. બિનજરૂરી ચાબુક બાલમંદિરનો ગાડીવાળો સંતાડી દે છે. દક્ષિણામૂર્તિના ગાડીવાનની ઘોડાગાડીમાં દેખાવ પૂરતી પણ ચાબુક રખાતી નથી. ભય પ્રેરે તેવી કોઈ વાત, કોઈ પ્રતીક, કોઈ ઇશારા આ પરિસરમાં ન હોય તે અહીં રહેલા સૌ સ્વીકારે છે, સમજે છે.

ચિત્ર-૩. ગાડીવાન કાળજીપૂર્વક એક પછી એક બાળકને ગાડીમાંથી ઉતારીને બાલમંદિરના શિક્ષકને સોંપે છે. મીઠા આવકાર સાથે ગિજુભાઈ કે તેમના સહકર્મચારીઓ/સાથીઓ બાળકને વહાલપૂર્વક સંભાળી લે છે. હથેળીના સ્પર્શથી બાળકના મસ્તક પર કે વાંસા પર શિક્ષક (ગિજુભાઈ અને / અથવા તારાબહેન, મોંઘીબહેન વગેરે વગેરે) વહાલ વ્યક્ત કરે છે, આ આવકારનો સ્પર્શ છે. બાળકો આવતાંવેંત રમકડાંની સમૃદ્ધ દુનિયામાં ખોવાઈ જાય છે. રમકડાં સાથેની બાળકની મોજમસ્તીમાંથી કુશળતાથી વાત વાળી લઈને ગિજુભાઈ તેમને સંગીતના સૂરોનો સ્વર્ગીય આનંદ અર્પે છે. હારમોનિયમ, ઢોલક, તબલાં, મંજીરા, ખંજરી વગેરેથી સમૃદ્ધ સાદું, સરળ બાળગીતોમાં રેલાતું સંગીત બાળક-હૃદયને સ્પર્શે છે. વળી તેમાં ભળે ગિજુભાઈ અને અન્યોની અભિનય કલા. આ બધું બાળકની ઇન્દ્રિયોને (આંખ, કાન, હાથ-પગનું હલન-ચલન) સંતર્પે છે. અહીં કોઈ નબળું બાળક ઊંઘમાં આવી જાય છે. તો તેવા બાળકને તેડીને વર્ગખંડમાં જ એક બાજુએ સ્વચ્છ, સુઘડ ઓછાડથી ઢંકાયેલું ગાદલું પાથરેલું છે. તેના પર આવા બાળકને સૂવરાવી દેવામાં આવે છે. સંગીત, અભિનય, બાળ-નાટક વગેરે રજૂ થયા બાદ નાસ્તો આવે. હલકો-ફૂલકો, બાળમંદિરના કર્મચારી દ્વારા જ બનાવાયેલ નાસ્તો બાળકોને આપવામાં આવે. નાસ્તા પછી આવે ગિજુભાઈની બાળ-વાર્તા. હાવભાવ સાથે, બાળકમય બનીને કહેવાતી વાર્તા એક અનોખું વિશ્વ ખડું કરે છે. બાળગીત, બાળનાટક, બાળવાર્તા એ ગિજુભાઈની બાળકેળવણીનું અનન્ય પાસું રહ્યું છે. બાળક વાંચતું થાય ત્યારે તેના હાથમાં સચિત્ર બાળવાર્તાનું પુસ્તક મુકાય. બાળક જાતે કબાટમાંથી પોતાને ગમતું પુસ્તક લઈ શકે તેવી વર્ગમાં જ ગોઠવણ હોય. ખાસ રીતે બનાવાયેલાં કબાટો વર્ગમાં હોય. નાની ખુરશી, નાનાં ટેબલ, પહોંચી શકાય તેટલી ઓછી ઊંચાઈએ રમકડાં, પુસ્તકો વગેરે ગોઠવાયાં હોય. આ મુદ્દે બાળક સ્વતંત્ર અને સ્વાયત્ત રીતે વર્તી/પ્રવર્તી શકે તેવો માહોલ હોય. પટાંગણમાં બાળકો હીંચકા ખાઈ શકે તેવા નાના-નાના હીંચકા, નાનાં-નાનાં લપસણાં વગેરે હોય જ્યાં મુક્ત મને બાળકો વિહાર કરી શકે. લીમડા જેવું મોટું વૃક્ષ હોય તેની ડાળીઓ વચ્ચે લાકડાનું પ્લૅટફૉર્મ બનાવ્યું હોય, તેને એક સીડીથી તથા એક લપસણાથી જોડ્યું હોય. ઝાડ પર ચડવાની ઇચ્છાને સહેજ મોટું થયેલું બાળક અમલમાં મૂકી શકે. ઝાડ પર ચડવાનો આનંદ અને પછીથી લપસવાનો આનંદ ! બાલમંદિરમાંથી ઘેર જવાનો સમય થાય ત્યારે લાઇનસર એક પછી એક બાળકને પ્રેમ/વહાલપૂર્વક તેના મસ્તક પર હાથ મૂકીને વિદાય આપવામાં આવે. બાળમંદિરમાં દરરોજ આમ આવકાર અને વિદાયનો સ્નેહસભર માહોલ સર્જાય. ગાડીવાન પોતાની ગાડીનાં બાળકોને સ્વીકારીને બાળકને ગાડીમાં બેસાડે. આખી પ્રક્રિયા આનંદની પ્રક્રિયા બની રહે, સૌ પ્રસન્ન હોય. મારઝૂડ નહિ, રોકકળ નહિ, વઢવા-ધમકાવવાનું નહિ, પરંપરાગત શાળાઓથી તદ્દન જુદું વાતાવરણ. આ છે ગિજુભાઈનું બાળકેળવણીમાં પ્રદાન.

ગિજુભાઈએ બાળશિક્ષણ માટે જે વાંચ્યું, વિચાર્યું

તેઓ મૅડમ મોન્ટેસોરીનાં પુસ્તકો/તેના વિચારો, પ્રયોગો, શૈક્ષણિક સાધનો એટલે કે રમકડાં વગેરેથી પ્રભાવિત. તેનો અમલ કર્યો. 'સમરહિલ'ના લેખક એ. એસ. નીલના શૈક્ષણિક પ્રયોગોથી પ્રભાવિત. વાર્તાકથનમાં તેને અનુસર્યા. ભારતીય સંસ્કૃતિ તથા સંસ્કાર સિંચન, ચારિત્ર્યઘડતર વગેરે જીવનમૂલ્યોનો મામાનો વારસો અને નાનાભાઈ જેવા લગભગ સમવયસ્ક, વલભીપુર-પચ્છેગામ જેવા એક જ વિસ્તારના રહીશનો સંપૂર્ણ સાથસહકાર અને સહભાગિતા. ગિજુભાઈનો બાળશિક્ષણ ક્ષેત્રે પ્રચંડ પુરુષાર્થ અને તમામ સાનુકૂળ વાતાવરણ. રાજ્યનો ટેકો, સમાજનોય ટેકો, કામ ઊગી નીકળ્યું. વળી દક્ષિણ આફ્રિકાથી ૧૯૧૫માં ગાંધીજી ભારત આવ્યા; ૧૯૨૦ની આસપાસ ગાંધીજીનો ભારતભરમાં ચોમેર ભારે પ્રભાવ ઊભો થયો. એ વાતાવરણમાં દક્ષિણામૂર્તિ પણ રંગાયું. આમ મોન્ટેસોરી + ભારતીય સંસ્કૃતિ + ગાંધીવિચાર સાથે દક્ષિણામૂર્તિનો વિકાસ થયો. દક્ષિણામૂર્તિ શૈલીનો પ્રભાવ-પ્રસાર વધ્યા. ગિજુભાઈએ પોતાના રંગે ઘણાને રંગ્યા. મનુભાઈ મોરારજી ભટ્ટ, નર્મદાબહેન રાવળ, મોંઘીબહેન બધેકા, તારાબહેન મોડક, જયાબહેન પારેખ, વિષ્ણુભાઈ ભટ્ટ, વિઠ્ઠલરાય આવસત્થી, ગિરીશ ભટ્ટ એવા સાથીઓને બાલશિક્ષણના તત્ત્વજ્ઞાન અને વ્યવહાર આત્મસાત્ કરાવ્યાં.

આ તત્ત્વજ્ઞાન ગિજુભાઈએ મૅડમ મોન્ટેસોરીનો અભ્યાસ કરીને પોતે આત્મસાત્ કરેલું. પોતે મૂળે વકીલ હતા. તેથી જે કેસ હાથ પર લે તેનો નિષ્ઠા અને પ્રામાણિકતાથી, સંવેદનશીલતાથી અભ્યાસ કરે તેવી તેમની ટેવ હતી. બાળશિક્ષણના કેસમાં આ ટેવ અખત્યાર કરીને તેઓ આરપાર નીકળી ગયા હતા. મોન્ટેસોરી અંગે તેમણે પુસ્તક લખ્યું છે. આ પુસ્તક લખતાં તેમણે પશ્ચિમમાં શિક્ષણવિચાર કઈ રીતે વિકાસ પામ્યો તેનોય પરિચય આપ્યો છે. કાન્તનો શિક્ષણવિચાર પુસ્તક પણ થયેલું હતું જ. શિક્ષણના કેન્દ્રમાં બાળક છે, તેની સ્વતંત્રતા, સ્વાધીનતા, તેનામાં પડેલી નૈસર્ગિક શક્તિઓનો વિકાસ અને પ્રેમ / વાત્સલ્ય સાથે એક વાતાવરણનું સર્જન ગિજુભાઈની દેન હતી. બાલમંદિર એટલે વિવિધ પુષ્પોનું ઉદ્યાન અને પોતાની ભૂમિકા માળીની. શૈક્ષણિક સાધનોમાં રમકડાં. મોન્ટેસોરીના આ સાધનો ત્રણ પ્રકારે કેળવણીની પ્રક્રિયા સર્જે છે. ૧. ઇન્દ્રિય શિક્ષણ, ૨. જીવનવ્યવહાર, ૩. મુક્ત વ્યવસાય. ગિજુભાઈની આ મુદ્દે ખૂબ શ્રદ્ધા છે.

શિક્ષણ આપવા માટે અનેકાનેક પદ્ધતિઓ છે. ગિજુભાઈની પદ્ધતિ આગવી છે. તે બાલદેવની ઉપાસના પદ્ધતિ છે. ગિજુભાઈના વિચારો, પ્રયોગો, તેમની વૈજ્ઞાનિક દૃષ્ટિ વગેરેમાંથી પ્રેરણા લઈને અનેક સ્થળોએ બાળકેળવણીનાં કામો થયાં છે. આજે પણ શરૂ છે. અમદાવાદમાં 'શ્રેયસ' સંસ્થા તેનું ઉત્તમ દૃષ્ટાંત છે. અન્ય સંસ્થાઓ પણ હશે. 'શ્રેયસ'માં હેમેન્દ્રભાઈ ભટ્ટ શૈક્ષણિક દૃષ્ટિએ ગિજુભાઈની ત્રીજી પેઢી ગણાય. હેમેન્દ્રભાઈના પિતા વિષ્ણુભાઈએ ગિજુભાઈ અને પછીથી જુગતરામભાઈ પાસે રહી બાળશિક્ષણના કાર્યને પોતાનું જીવન અર્પણ કરેલું. હેમેન્દ્રભાઈ શાપુર ખાતે (જિ. જૂનાગઢ) અધ્યાપન મંદિરમાં શિક્ષક હતા ત્યારે પૂ. મોરારિબાપુ PTCનો અભ્યાસ કરવા આવ્યા હતા. પછી હેમેન્દ્રભાઈ આશ્રમરોડ પર આવેલી મંદબુદ્ધિનાં બાળકોની શાળામાં શિક્ષક રહ્યા હતા. ત્યાર બાદ શ્રેયસમાં આજપર્યંત બાળકેળવણીમાં કાર્યરત છે. ભાવનગરમાં કવિશ્રી પ્રેમશંકર ન. ભટ્ટ (ઉં. વ. ૧૦૪) આજેય ગિજુભાઈ, નાનાભાઈની વાતો કરતાં ખીલી ઊઠે છે. તેમણે જર્મની જઈને બાળકેળવણીની વિશેષ તાલીમ લીધેલી. જોકે વ્યવસાય મિલમાં કર્યો, પરંતુ નિવૃત્તિ બાદ શિશુવિહાર સંસ્થા સંચાલિત મોંઘીબા બાલમંદિરમાં આચાર્ય તરીકે ૩૦-૩૫ વર્ષ કામ કર્યું, લગભગ ૯૦ વર્ષની ઉંમર સુધી કાર્યરત રહ્યા. ગિજુભાઈએ આપેલું મધુર સ્મિત આજેય તેમના હોઠ પર કાયમ રમે છે. હું તેમને મળું ત્યારે સહજ પૂછું કે, 'પ્રેમશંકરભાઈ તમારી તંદુરસ્તી અને આ મધુર સ્મિતનું રહસ્ય ક્યાં છે ?' તો એટલી જ પ્રસન્નતા સાથે કહે છે કે 'આ દક્ષિણામૂર્તિની ભેટ છે !' ગિજુભાઈ-નાનાભાઈની ભેટ છે.

આ શિશુવિહાર વિશેય બે વાત કહેવા જેવી છે. ગિજુભાઈએ દોઢ-બે દાયકા સુધી બાળશિક્ષણમાં કામ કર્યું. વાતાવરણ સર્જ્યું, સાહિત્ય સર્જ્યું, શિક્ષકો તૈયાર કર્યા, અધ્યાપન મંદિરો કર્યાં, પાઠ્યક્રમ અને પદ્ધતિ વિકસાવ્યાં, શિક્ષણપત્રિકા કરી, પછી થયું કે બાળક ઘરમાં કેળવાય, શાળામાં કેળવાય તેમ શેરીમાં પણ કેળવાતું હોતું હોય છે. પરંપરાગત શેરીજીવન તંદુરસ્ત હોતું નથી. તેથી અખાડા/ક્રીડાંગણની જરૂરિયાત સમજાઈ. શેરીએ શેરીએ, લત્તે લત્તે ક્રીડાંગણનો સંદેશ આપ્યો. ઈ. સ. ૧૯૩૯માં ગિજુભાઈનું અવસાન અને ઈ. સ. ૧૯૩૯માં શિશુવિહાર સંસ્થાની સ્થાપના. બૌદ્ધિકોની પ્રિય ભાષામાં કહેવું હોય તો બાળકેળવણીમાં આ સેકન્ડ વેવ – બીજું મોજું હતું. શાળા પછી મેદાન પર બાળકેળવણી (Formal and informal education) આ વિષયમાં રાજ્યનો પણ ટેકો. નવું ટાઉન પ્લાનિંગ થયું તેમાં લત્તે લત્તે – અડધા કિલોમીટરને અંતે એક વિશાળ જગ્યામાં ક્રીડાંગણ માટેની જોગવાઈ કરવામાં આવી. ક્રીડાંગણ ચલાવવા માટેનો નાનો ખર્ચ પણ

ફાળવવામાં આવ્યો. આ પ્રવૃત્તિ વિકસી. ગિજુભાઈની ઢબે જ શિશુવિહારના સ્થાપક માનભાઈ ભટ્ટ પ્રત્યેક બાળકના હાથ, નખ, કાન, વાળ, દાંત તપાસે. નખ વધેલા હોય તો ત્યાં જ કાતરથી બાળકના નખ કાપી આપે. ગિજુભાઈની કેળવણીનો આ પ્રભાવ, આ વિસ્તરણ. આજે તો શિશુવિહાર માત્ર ક્રીડાંગણ ન રહેતાં અનેકવિધ પ્રવૃત્તિઓ કરતી સામાજિક સંસ્થા બની રહી છે. હાલ તે એક ઉલ્લેખનીય પ્રવૃત્તિ હાથ ધરી રહી છે તે કુપોષિત બાળકોને જરૂરી વિટામિન્સવાળાં ફૂટપેકેટ/પાઉડર આપીને નૉર્મલ હેલ્થ લેવલ પર લાવવાનું કામ કરે છે, જરૂરી જાંચ-તપાસ, નિદાન, પોષક આહારની મદદ અને સામાન્ય તંદુરસ્તી સ્તર લાવવાનું કાર્ય આ પ્રવૃત્તિમાં રહેલ મુદ્દાઓ છે.

આ જ પ્રકારે બાળકોને શિક્ષણમાં પ્રવૃત્ત એવી 'શૈશવ' સંસ્થાને મારી વાતમાં ત્રીજું મોજું – થર્ડ વેવ તરીકે વર્ણવી શકું. ઈ. સ. ૧૯૯૪માં 'શૈશવ'ના ભાવનગર-યુનિટની સ્થાપના થઈ. પારુલ-ફાલ્ગુન નામે ભાવનાશીલ દંપતી તેમાં કાર્યરત છે. પછાત વિસ્તારનાં મજૂરી કરતાં બાળકોને સાંજના ભાગમાં ભણાવીને તૈયાર કરવાનું કામ આરંભમાં કર્યું. બાળશિક્ષણ, બાલસહભાગિતા તથા બાલઅધિકારના મુદ્દે હાલ 'શૈશવ' કામ કરે છે. ભાવનગરમાં ૫૩ બાલસેનાઓનાં Points છે. બાલઅધિકાર ક્ષેત્રે સઘન કામગીરી તરફ 'શૈશવ'ની ગતિ છે. સરકાર, સમાજ, બાળક તથા બાળકનું કુટુંબ – સૌને સાથે રાખીને વિવિધ પ્રયોગો દ્વારા શૈશવ કામ કરે છે. તેમણે બાલ સંરક્ષણ નીતિની પુસ્તિકા કરી છે. આ વાતની સાથે જ જેનું સ્મરણ થાય છે તે છે કૈલાસ સત્યાર્થી. 'બચપન બચાવો આંદોલન'માં આદિવાસી વિસ્તારમાં પ્રવૃત્ત છે અને વિશ્વકક્ષાએ શાંતિ નોબેલ પારિતોષિક અર્પણ કરીને તેમનું બહુમાન થયું છે. બાળકો પ્રતિ હિંસા ન થાય તેની ખેવના કરતું આ આંદોલન જાણે ગિજુભાઈનો નવો અવતાર તો નહિ એવું અચરજ જન્મે છે. અહીં સ્મરણ કરીએ ૧૯૩૦-૩૨ની લડત દરમિયાન ગિજુભાઈએ ધીરે ધીરે ગામેગામ ને શહેરે શહેરે બાળકોની 'વાનરસેના' અને સાવ નાનાં બાળકોની 'માંજરસેના'ની પ્રવૃત્તિઓ ઉપાડી હતી. માંજરસેના ને વાનરસેના સવારે પ્રભાતફેરી કાઢે, સભાની જાહેરાતો કરે, સરઘસમાં મોખરે ચાલે, દારૂનાં પીઠાં અને પરદેશી કાપડની દુકાને પિકેટિંગ કરે, દુકાનદારો અને પોલીસો તોબા પોકારે, સુરત મુકામે ગુજરાતભરના વાનરોની એક વાનર પરિષદ ભરીને વડા વાનર તરીકે ગિજુભાઈએ એનું સુંદર સંચાલન કર્યું હતું.

ગિજુભાઈ ગાંધીયુગના જ ફરજંદ ગણાય. તેથી તેમને જરૂર વિચાર આવે કે ભારતનાં લાખો ગામડાં સુધી મોન્ટેસોરી પદ્ધતિને અમલી બનાવવી હોય તો કઈ રીતે કામ ગોઠવવું ? ગિજુભાઈ અને તારાબહેન મોડકે પ્રયોગો કર્યા. દક્ષિણામૂર્તિની સામેની વાડીઓના ખેડૂતો અને મજૂરોનાં બાળકો માટે તથા હરિજનવાસમાં બાલવાડીઓ શરૂ કરી. ગિજુભાઈને તો અચાનક ઈશ્વરે બોલાવી લીધા, પરંતુ તેમના સાથીદાર જુગતરામભાઈએ વેડછી-મઢીના આદિવાસીનાં બાળકોમાં બાલવાડીની પ્રવૃત્તિ વિકસાવી અને તારાબહેન મોડકે બોરડી (જિ. થાણા)માં ગ્રામ બાલશિક્ષા કેન્દ્રની સ્થાપના કરી આંગણવાડી, ફળિયાવાડી વિકસાવી ગિજુભાઈના સ્વપ્નને પૂરું કર્યું.

હવે થોડાં off shorts નોંધીએ – નવાંકુરો : મોન્ટેસોરી સ્વયં એક ડૉક્ટર હતાં. મંદબુદ્ધિનાં બાળકો અંગે કામ કરતાં જે સફળતા મળી તેમાંથી સામાન્ય બાળકો અંગે એવી જ પદ્ધતિએ કામ કરવાનું તેમને સૂઝ્યું. ગિજુભાઈએ તેમાં પોતાના રંગો પૂર્યા. બાળકેળવણી અંગેની નવી દિશા ખૂલી. એક શાંત અહિંસક ક્રાંતિ થઈ.

બાળકેળવણી અંગેની સામાજિક સંવેદના જાગ્રત થતાં મંદબુદ્ધિ બાળકો માટેની સ્કૂલ, તેના શિક્ષકો તૈયાર કરવા માટેની કૉલેજ, તેવાં બાળકોનાં રિહેબિલિટેશન માટેના નાના કોર્સિસ, તેવાં બાળકોનાં મા-બાપ માટેના કોર્સિસ, તેમને માટે કસરતનાં સાધનો અને તે સાધનો પર કેમ કામ કરવું તે અંગે તાલીમ વગેરેની વ્યવસ્થાઓ નિર્માણ પામી છે. મંદબુદ્ધિ બાળકોમાં પણ જુદાજુદા પ્રકારો હોય છે. ભાવનગરમાં અંકુર નામની સ્કૂલ આ દિશામાં સારું કામ કરે છે. PNR સોસાયટી નામે સંસ્થાના નેજા નીચે આ શાળા, કૉલેજ ચાલે છે.

અંધ બાળકો, બહેરાં-મૂંગાં બાળકોના શિક્ષણની સુંદર સ્કૂલો વર્ષોથી ભાવનગરમાં કાર્યરત છે. તેના શિક્ષકો તૈયાર કરવા માટેની કૉલેજ પણ છે.

એક ઉદ્યોગપતિ (નિશીથ મહેતા) ભાવનગરમાં માત્ર વિકલાંગ વ્યક્તિને કામે લગાડીને પોતાનો ઉદ્યોગ ચલાવે છે.

હવે Slow Learnersની વાત જોઈએ. મેઇન સ્ટ્રીમમાં જે બાળકો ભણે છે તેમાં અભ્યાસમાં પાછળ રહી જતાં બાળકોનાં કારણો/ઉપચારો અંગે વિચારાવા લાગ્યું છે. શિક્ષકો, આચાર્યો, મા-બાપો, શાળાઓ પોતપોતાની રીતે અભ્યાસમાં પાછાં પડતાં બાળકો અંગે પ્રયત્નશીલ રહેતાં હોય છે. મારો વિશેષ રસ આવાં અભ્યાસમાં પાછળ રહેતાં બાળકો અંગે કારણો અને ઉપચારોમાં રહ્યો છે. વર્ગખંડમાં સમૂહમાં અપાતું શિક્ષણ પ્રત્યેક બાળકને પહોંચતું નથી. તેનાં અનેક કારણો હોઈ શકે. એમાંના એક કારણની ચર્ચા

આમિર ખાનની ફિલ્મ 'તારેં જમીં પર'માં નિરૂપાઈ છે. પણ આવાં અન્ય કારણો પણ છે. ડૉ. સ્વરૂપ રાવલ (સ્વરૂપ સંપત) આ દિશામાં પોતાના અભ્યાસમાં સારી ચર્ચા કરે છે. શિક્ષકો/મા-બાપોએ ડૉ. સ્વરૂપ સંપતનું પુસ્તક લર્નિંગ ડિસેબિલિટીઝ ઇન અ નટશેલ જોવા જેવું છે. તેણે લર્નિંગ ડિસેબિલિટીઝને ચાર ભાગમાં વહેંચી છે. Dyslexia, Dysgraphia, Dyscalculia અને Dyspraxia. આવાં બાળક નોર્મલ છે, મંદબુદ્ધિ નથી. મંદબુદ્ધિની સ્કૂલ તેને સ્વીકારશે નહિ. નોર્મલ બાળકો સાથે અભ્યાસમાં તે ક્રમશ : મંદ રહે છે. તેની ડિસેબિલિટીઝ unrecognized રહે છે. આખરે તે ડ્રોપઆઉટ થાય છે. આપણે મુખ્યત્વે તમામ વિચાર/ચર્ચા આર્થિક રીતે કરવા ટેવાઈ ગયા છીએ. તેથી આર્થિક પછાત વિસ્તારોમાં ચેરિટીનું કામ ઘણું વિકસ્યું છે. તે જરૂર આવકાર્ય છે. પણ ડિસેબિલિટીઝને પારખવી, નિદાન કરવું, તે અંગેના ઉપચારો ગોઠવવા, નોર્મલ બાળકોની સ્પર્ધામાં તેને ટકાવી રાખવાં, વિશેષ સપોર્ટ સિસ્ટમ ઊભી કરવી વગેરે મુદ્દા પ્રસ્તુત બને છે. અભ્યાસમાં પાછળ રહી જતાં બાળકો તરફ શૈક્ષણિક દૃષ્ટિબિંદુથી હજુ કાર્યારંભ થવો બાકી છે. ક્ષમતાલક્ષી શિક્ષણની વ્યવસ્થામાં આવાં લાક્ષણિક રીતે ક્ષમતાહીન બાળકો તરફ હજુ આપણું ધ્યાન ગયું નથી. પશ્ચિમમાં સો એક વર્ષથી આ દિશામાં સંશોધનો થતાં રહ્યાં છે. મહારાષ્ટ્રમાં એટલે કે મુંબઈમાં આવાં ક્ષમતાહીન બાળકો માટે શૈક્ષણિક ઉપક્રમો રચવા તરફ વાલીઓ, શિક્ષણકારો, સરકાર વગેરે તૈયાર થયાં છે. ડૉ. સ્વરૂપ સંપત તેમાં કડીરૂપ ભૂમિકા ભજવી શક્યાં છે. ગિજુભાઈની કેળવણીની દિશામાં આ મહત્ત્વનું કદમ ગણાય.

એટલું સારું છે કે શિશુવિહાર જેવી સંસ્થા નિયમિતરૂપે શાળાનાં બાળકોની દૃષ્ટિ ચકાસણી – એટલે કે આંખની તપાસ હાથ ધરી ચશ્માં વિતરણનું કામ કરે છે. આ જ રીતે સાંભળવાની ક્ષમતાની ચકાસણી પણ નિયમિત રૂપે થવી જોઈએ. વર્ગમાંની બેઠક વ્યવસ્થામાં પણ નિયમિતપણે ફેરફાર થતા રહેવા જોઈએ જેથી તમામ બાળકો શિક્ષકના ધ્યાનમાં આવતાં રહે.

ગિજુભાઈએ મા-બાપ માટે ખાસ્સા સંદેશ આપેલા. હવે તે વિચારને શ્રી હસમુખ પટેલ **Parenting for Peace** કાર્યક્રમ દ્વારા આગળ વધારે છે. ગુજરાતમાં ૧૦ યુનિટ કાર્યરત છે.

શિક્ષણ વિષયક ગિજુભાઈએ લખેલાં પુસ્તકો અંગે ઉલ્લેખ કરવો જોઈએ.

તેમણે લખેલાં શિક્ષણશાસ્ત્રનાં ૧૫ પુસ્તકો પૈકી 'મોન્ટેસોરી પદ્ધતિ', 'વાર્તાનું શાસ્ત્ર ભાગ ૧, ૨', 'દિવાસ્વપ્ન', 'મા-બાપ થવું આકરું છે' ખૂબ મહત્ત્વનાં ગણાય.

શિક્ષણની પુસ્તિકાઓ ૧૨ છે, તે પૈકી 'શહેરમાં મોન્ટેસોરી પદ્ધતિ', 'બાળકની અપૂર્ણતાઓ અને તેના ઉપાયો', 'વાર્તા કહેનારને' જરૂર વાંચવી જોઈએ.

અક્ષરજ્ઞાન યોજનાની પાંચ પુસ્તિકાઓએ ગિજુભાઈને ઘણો યશ અપાવ્યો છે. 'કેમ શીખવવું', 'ચાલો વાંચીએ', 'આગળ વાંચો-પહેલી ચોપડી, બીજી ચોપડી, ત્રીજી ચોપડી' વગેરે પુસ્તિકાઓએ પણ ખૂબ ધ્યાન ખેંચ્યું છે.

ચિંતન સાહિત્યમાં – શાંત પળોમાં અવશ્ય જોવું જોઈએ. ગિજુભાઈનું હૃદય એમાં ઠલવાયું છે. તેમાં સાહિત્ય અને શિક્ષણનો સંગમ છે. અધ્યાત્મની છાંટ છે.

ગિજુભાઈએ વિવિધ ઉપક્રમો રચીને ચૈતન્યની અનેક દીવીઓ પ્રગટાવી. બાળકો માટે કામ કરનારા અનેક આજીવન કાર્યકરોની ભેટ આપી. ગિજુભાઈની મહત્તા પોતે ઉત્તમ બાલશિક્ષણ બન્યા તેમાં જ નથી, પરંતુ સમગ્ર સમાજને બાળકો પ્રત્યે જોવાની, વર્તવાની નવી દૃષ્ટિ આપી અને પોતાની પાછળ અગણિત કાર્યકરોની વણજાર ઊભી કરી તેમાં જ તેમની ખરી મહત્તા રહેલી છે. ચિલ્ડ્રન યુનિવર્સિટી સ્થાપવા અંગેનું ગિજુભાઈનું એક સ્વપ્ન હતું.

ગિજુભાઈ વિશે લખાયેલાં પુસ્તકોમાં બે પુસ્તકો ઉલ્લેખનીય ગણાય. ૧. બાલશિક્ષણ પ્રણેતા : ગિજુભાઈ. લે. રામનારાયણ નાગરદાસ પાઠક. ૨. ગિજુભાઈનું કેળવણીમાં પ્રદાન. લે. ભારતલાલ પાઠક.

ડૉ. સ્વરૂપ સંપતના લર્નિંગ ડિસેબિલિટીઝ ઇન અ નટશેલ PhDના નિબંધના પુસ્તકનું આમુખ લખતાં જાણીતા અભિનેતા આમિર ખાન જણાવે છે કે That one smile on your child's face is worth a million PhD.s'. છેને ગિજુભાઈનો નવો અવતાર આ શબ્દોમાં ?

ગિજુભાઈનું એક કાવ્ય જોઈએ :

**ઘડીભર રાજદ્વારી પ્રપંચ છોડી દે ને તારા બાળક સાથે રમ.**
**ઘડીભર વકીલી કાવાદાવા છોડી દે ને તારા બાળક સાથે રમ.**
**ઘડીભર વેપારની ગડમથલ છોડી દે ને તારા બાળક સાથે રમ.**
**ઘડીભર કાવ્ય-સંગીતને છોડી દે ને તારા બાળક સાથે રમ.**
**ઘડીભર ભાઈબંધ મિત્રોને છોડી દે ને તારા બાળક સાથે રમ.**
**ઘડીભર પ્રભુભજનને પણ છોડી દે ને તારા બાળક સાથે રમ.**
**ઘડીભર જીવન સમગ્ર વીસરી જા ને તારા બાળક સાથે રમ.**
**ઘડીભર ગડમથલિયા જગતને ફેંકી દે ને તારા બાળક સાથે રમ.**

**[શાંત પળોમાં, પૃ. ૬૬-૬૭]**

દક્ષિણ આફ્રિકાના દારેસલામમાં ભરાયેલા બાલશિક્ષણ સંમેલનના પ્રમુખસ્થાનેથી શ્રી 'દર્શક' ગિજુભાઈને અર્પેલી અંજલિમાંથી એક-બે વાત નોંધીએ : 'વર્તમાન ગુજરાતના ઘડતરમાં મારા નમ્ર મતે ચાર મહાપુરુષોએ ફાળો આપ્યો છે. મહાત્મા ગાંધીજી, સરદાર વલ્લભભાઈ પટેલ, ગિજુભાઈ અને મેઘાણીભાઈ.... એમના કામની સફળતાનો આંક કાઢીએ તો તેમના મૃત્યુ પછી તે ઊલટો વધ્યો છે... ગુજરાતની કોઈ નિશાળમાં આજે શિક્ષા થઈ શકતી નથી. ગુજરાતમાં બાળકેળવણીએ – બાળવાડીએ શિક્ષણના માળખામાં અફર સ્થાન લઈ લીધું છે. બાલસાહિત્યના સર્જન માટે દર વરસે સરકાર અનેક પ્રયત્ન કરે છે; બાલક્રીડાંગણો ઊભાં કરવાં તે પંચાયતોની એક ફરજ ગણાવા માંડી છે. સૌરાષ્ટ્રનાં નાનાં ગામડાંઓમાં પણ બાલક્રીડાંગણો ઊભાં થતાં જાય છે. એટલે આપણી કહેવત ગિજુભાઈના કામને આપણે લાગુ પાડી શકીએ કે 'હાથી જીવતો લાખનો પણ મૂઓ સવા લાખનો'. એનો અર્થ એ કે 'કોઈ પણ સાચો વિચાર એના પ્રવર્તક સાથે મરતો નથી.' [પૃ. ૧૯૩-૧૯૪ ગિજુભાઈનું કેળવણીમાં પ્રદાન, ભારતલાલ પાઠક]

ગિજુભાઈને અંજલિ આપતાં રામનારાયણ વિશ્વનાથ પાઠકે યોગ્ય કહ્યું છે કે 'તેમણે બાળકેળવણી હાથમાં લીધી ત્યાં સુધી એ પ્રશ્ન ઉપર થોડા કેળવણીકારો સિવાય કોઈ વિચાર કરતું ન હતું. અને તેમણે એ વિષયમાં પ્રવેશ કર્યા પછી ગુજરાતનો લગભગ દરેક વિચાર કરી શકે તેવો માણસ તેને વિશે વિચાર કરતો થઈ ગયો છે. એ સફળતાની પાછળ ગિજુભાઈની અથાગ અને અથાક મહેનત રહેલી છે. (પૃ. ૧૯૬, એજન) રામનારાયણ વિ. પાઠક ગિજુભાઈના બાળપણના સહાધ્યાયી તથા ગિજુભાઈના મુંબઈમાં કાયદાનો અભ્યાસ કરવાના સમયના રોજ મળનારા મિત્ર હતા. તે સમયે તેમની સાથે મિત્રવર્તુળમાં મહાદેવ દેસાઈ, રવિશંકર રાવળ પણ ખરા.

ગિજુભાઈને અંજલિ આપતાં તેમના સમર્થ સહકાર્યકર હરભાઈ ત્રિવેદીએ કહ્યું છે કે, 'એમનો પત્રવ્યવહાર, એમનું સાહિત્ય સર્જન, એમનું અધ્યાપનકાર્ય અને એમની ઇતર પ્રવૃત્તિઓ બધું જ એમના માટે એક સાધના જેવું હતું. પોતાના આત્માની ઉન્નતિ અને આત્મજ્ઞાન એ સાધના દ્વારા જ સાધી શકવાના છે એવી તેમને અખંડ શ્રદ્ધા હતી. એ શ્રદ્ધાએ જ એમની સાધનાને સફળ બનાવી છે અને સમગ્ર ગુજરાત પાસે એક સાચા સાધકનું અનુકરણીય જીવન ભેટ કર્યું છે, (એજન પૃ. ૧૯૭)

Maria Montesori એ અંજલિ આપતાં જણાવ્યું છે કે, 'I never knew him. I wish I had, for he was a great lover of the child. No obstacle stopped him in his endeavour to bring them freedom and happiness. I admire all those who strive for the child along my lives: and if one has done so to the deteriment to his interest, to the sacrifice of his life, that one is worthy of being remembered. May he live long in the hearts of the 'Soldiers of the Child.' (એજન, પૃ. ૧૯૫)

ગિજુભાઈને વિદ્યાર્થી અવસ્થાથી સાહિત્યના વાચનનો શોખ હતો, પરંતુ બાળશિક્ષણમાં કાર્યારંભ કર્યો તે પછીથી તેમણે મોન્ટેસોરીનાં પુસ્તકો, તેમના વિશેનાં પુસ્તકો, એ. સ. નીલનાં પુસ્તકો અને તેમના જેવા કેળવણીકારોના સાહિત્યનો ઊંડો અભ્યાસ કર્યો હતો. વિવેકાનંદના વિચારો તથા ભારતીય સંસ્કૃતિની પરંપરાઓનો અભ્યાસ કર્યો હતો. ગાંધીજી અને ગાંધીવિચારને વરેલા વિદ્વાનોના વિચારોનો અભ્યાસ કર્યો હતો અને તેના પરિપાકરૂપે પોતાનું પ્રત્યક્ષ કાર્ય સંપન્ન કર્યું હતું. ગિજુભાઈ કહે છે : 'જેઓ ચોપડી વાંચીને જ્ઞાન લેવાની મુરાદ રાખે છે તેઓ મહેતાજી થશે. જેઓ બાળકને વાંચીને જ્ઞાન મેળવશે તેઓ કેળવણીશાસ્ત્રી થશે. બાળક માત્ર કેળવણીકાર માટે સમર્થ, અદ્વિતીય અને મહાનગ્રંથ છે.' (એજન) તેઓ કહે છે : 'પળે પળે નાનાં બાળકોમાં વસતા મોટા આત્માનું હું દર્શન કરું છું. એ દર્શન મારામાં એ પ્રેરણા ઉપજાવી રહ્યું છે કે બાળકોના અધિકારોની સ્થાપના કરવાને જ હું જીવતો રહું અને એ કામ કરતાં જ હું મરી ખૂટું.' (ગિજુભાઈ લે. રામનારાયણ વિ. પાઠક, પૃ. ૧૪)

સમગ્ર વિશ્વની વિચારગતિ બાળકોના અધિકારોની સ્થાપના માટેની આજે જોવા મળે છે. ગુજરાત પણ તેમાં કદમતાલ મિલાવે છે. બાળકલક્ષી અનેક પ્રવૃત્તિઓમાં ગિજુભાઈનો વિચાર જાણે અંકુરિત થઈ રહ્યો હોય તેવું દશ્ય રચાયું છે.

**(ફાર્બસ ગુજરાતી સભા ત્રૈમાસિક, પુસ્તક ૮૧, અંક ૩,૪ : સાર્ધ શતાબ્દી વિશેષાંક - મીમાંસાપર્વ : ૩ પૃ. ૨૧૫-૨૨૩માંથી સાભાર)**

**(અજય પાઠક, ૪૩૨/એ, તપોવન, જૂના એરોડ્રામ રોડ, ભાવનગર- ૩૬૪૦૦૧**

# લગભગ અશક્યને શક્ય બનાવનાર સ્ટીવન હૉકિંગ *(Stephen Hawking)*

વિઠ્ઠલભાઈ અં. પટેલ

**પ્રસ્તાવના**

સ્ટીવન હૉકિંગની વૈજ્ઞાનિક તરીકેની સફળતા – અને તેમનું લગભગ ૭૫ વર્ષ જીવતા હોવાનું માનવામાં આવે તેવી વાત નથી. જ્યારે સ્ટીવન ૨૧ વર્ષના હતા ત્યારથી તેમને Lon Gehrig રોગ થયેલો હોઈને ડૉક્ટરે જણાવ્યું હતું કે તે બે વર્ષ જીવશે. લૂ ગેરિંગ બેઈઝબૉલના જાણીતા ખેલાડી હતા. તેમને આ રોગ જેનું અંગ્રેજી નામ 'Amyotrophic Lateral sclarosis (ALS)' છે, તે થયેલો. આના કારણે ઘણી વખત આ રોગ લૂ ગેરિંગ કે ALS રોગ તરીકે ઓળખાય છે. આ રોગની કોઈ દવા નથી (હાલ પૂરતી). આવું કહ્યા પછી લગભગ પચાસ વર્ષ સુધી સ્ટીવન દુનિયાની પ્રસિદ્ધ યુનિવર્સિટી કેમ્બ્રિજમાં દરરોજ જતા અને Ph.D.ના વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપતા અને પોતાનું સંશોધનનું કામ કરતા.

માર્ચ ૧૪, ૨૦૧૮ના રોજ લૂ ગેરિંગના કારણે સ્ટીવનનું નિધન થયું, જે ડૉક્ટરના કહેવા પ્રમાણે પચાસ વર્ષ પહેલાં બનવાનું હતું. સ્ટીવનની રાખ વેસ્ટ મિનિસ્ટર એબીમાં દફનાવવામાં આવશે. એબી (Abbey) ચર્ચ લંડનના વેસ્ટમિનસ્ટર (Westminster) પરામાં આવેલું છે. ૧૭૨૭માં સર આઈઝેક ન્યૂટનને ત્યાં દફનાવવામાં આવેલા. તેમની બાજુમાં ૧૮૮૨માં ચાર્લ્સ ડાર્વિનને દફનાવવામાં આવેલા. અણુશાસ્ત્રીઓ અર્નેસ્ટ રુધરફૉર્ડ (Earnest Rutherford)ને ૧૯૩૭માં અને જોસેફ જોન થૉમસનને (Joseph John Thomson) પણ ત્યાં દફનાવવામાં આવેલા. આવા મોટા સન્માનને પાત્ર સ્ટીવન હૉકિંગની જિંદગી જોઈએ.

**કુટુંબ અને બાળપણ**

સ્ટીવનનો જન્મ વિચારકોના (Thinkers) કુટુંબમાં થયેલો. તેમનાં સ્કૉટિશ માતા ઇસોબેલ (Isobel) ૧૯૩૦ની આજુબાજુમાં ઑક્સફર્ડ યુનિવર્સિટીમાં ભણેલાં. તે સમયમાં બહુ જ ઓછી બહેનો કૉલેજમાં ભણતી. તેમના પિતા ફ્રેન્ક (Frank) પણ ઑક્સફર્ડના સ્નાતક હતા અને ઉષ્ણકટિબંધીય (tropical) રોગાના નિષ્ણાત હતા અને તબીબી (medical) સંશોધક હતા.

સ્ટીવનનો જન્મ એવા સમયે થયેલો કે જ્યારે કુટુંબ પાસે ખાસ પૈસા ન હતા. તેઓ ઉત્તર લંડનના પરામાં રહેતા જે 'હાઈ ગેટ (High gate)' તરીકે ઓળખાય છે. સ્ટીવનના જન્મ સમયે તેમનો દેશ ઇંગ્લૅન્ડ જર્મનીની સામે બીજું વિશ્વયુદ્ધ લડી રહ્યો હતો. જર્મની લંડન અને લંડનની આસપાસ બૉમ્બમારો કરે રાખતું. આથી ઈસોબેલને તે સમયે પ્રસૂતિ માટે ઑક્સફર્ડ સહીસલામત જગ્યા લાગી. આથી ઈસોબેલ તેમની પ્રસૂતિ માટે ઑક્સફર્ડ આવ્યાં અને સ્ટીવનનો જન્મ જાન્યુઆરી ૮, ૧૯૪૨માં ઑક્સફર્ડમાં થયેલો. જર્મનીના બૉમ્બમારાના કારણે લંડન અને લંડનની આસપાસના વિસ્તારને ઘણું નુકસાન થયેલું. ઘણો ભાગ નાશ પામેલો, પણ હૉકિંગનું ઘર હજુ ઊભું જ હતું. તેમના ઘરના ભોંયતળિયામાં મધપૂડો હતો, આથી બધાં બાળકો મધમાખીઓ વચ્ચે મોટાં થયેલાં. સામાન્ય રીતે અમેરિકામાં કુટુંબો કૂતરાંઓ અને બિલાડીઓ પાળતાં હોઈને, બાળકો કૂતરાંઓ અને બિલાડીઓ વચ્ચે મોટાં થતાં હોય છે. સ્ટીવન અને તેના મિત્રો જર્મન બૉમ્બથી થયેલા ખાડાઓમાં રમતા. સ્ટીવનની બે બહેનો મેરી (May) અને ફિલિપા (Phillpa) ૧૯૪૫ અને ૧૯૪૭માં જન્મેલી.

૧૯૫૦માં ફ્રેન્ક હૉકિંગની નોકરીની જગ્યા બદલાઈ આથી ઉત્તર લંડન બહાર સેન્ટ આલ્બાન્સમાં (st. Albans) રહેવા આવ્યા. આ નવું ઘર પુસ્તકોથી

ભરેલું હતું અને બધાં બાળકો પુસ્તકો વાંચ્યા કરતાં. કોઈ કોઈ વખત જમવાના સમયે જમતાં જમતાં બધાં કોઈ પણ જાતના અવાજ વગર શાંતિથી પુસ્તકો વાંચતાં હોય. તેઓ મોટા, અસ્તવ્યસ્ત અને સારી રીતે ન સાચવેલા ઘરમાં રહેતા. લંડનમાં ભાડા માટે વપરાતી ગાડીને ગાડીમાં ફેરવીને વાપરતા. સેન્ટ આલ્બાન્સમાં આઠ વર્ષના સ્ટીવન્સે 'આલ્બાન્સ હાઈસ્કૂલ ફૉર ગર્લ્સ'માં પ્રવેશ મેળવ્યો અને સ્ટીવન્સે પરીક્ષામાં સરસ પરિણામ મેળવતાં ત્યાંની જાણીતી સ્કૂલ આલ્બાન્સ સ્કૂલમાં દાખલ થયા. આ સમયે આ શાળા ૧૦૦૦ વર્ષ જૂની હતી. સ્ટીવન્સના જણાવ્યા પ્રમાણે વર્ગમાં તેમના ગ્રેડ લગભગ અડધે જ રહેતા. ત્યાંથી આગળ ભાગ્યે જ જવાતું. તેમનું કામ ગડબડિયું હતું અને અક્ષરો પણ શિક્ષકો માટે ઉકેલવા અઘરા હતા. આ સ્કૂલમાં તેમના છથી સાત મિત્રો હતા. ઘણી વખત વિશ્વની ઉત્પત્તિ અને પ્રકાશની ઘણી ચર્ચાઓ કરતા સ્ટીવનના ગણિતના શિક્ષક ડિક્રાન ટાહ્યાએ (Dikran Tahta) સ્ટીવનને સંખ્યાઓમાં (Numbers) રસ લેતો કર્યો. સ્ટીવનને ગણિતના પ્રશ્નો ઉકેલવામાં રસ પડવા માંડ્યો. સ્કૂલનાં છેલ્લાં બે વર્ષોમાં તેમને ગણિત અને ભૌતિકશાસ્ત્રનો ખાસ અભ્યાસ કરવો હતો. પણ તેમના પિતાજીની ઇચ્છા હતી કે સ્ટીવન તેમની જેમ ડૉક્ટર બને, પણ સ્ટીવન તેમની જાતને ડૉક્ટર તરીકે જોઈ ન શકતા. ગણિતનો અભ્યાસ કરીને શિક્ષક કે પ્રોફેસર થવાય. એ સિવાય બીજો કોઈ ઉપયોગ ન જોતાં રસાયણશાસ્ત્રનો ગણિતના બદલે અભ્યાસ કરવા કહ્યું. ભૌતિકશાસ્ત્ર સ્ટીવન માટે ખૂબ જ સરળ અને દેખી શકાય તેવું હોઈને કંટાળાજનક (Boring) હતું જ્યારે રસાયણશાસ્ત્રમાં અણુધાર્યું ઘણું બનતું હોઈને સ્ટીવનને મજા પડતી. સ્ટીવન એવું વિચારતા કે વિશ્વને લગતા તેમના પ્રશ્નોના જવાબ ભૌતિકશાસ્ત્ર અને ખગોળશાસ્ત્રમાંથી મળશે.

સ્ટીવનના ગ્રેડ મધ્યમ હતા અને તેમને તેમના પિતા અને માતાની જેમ ઑક્સફર્ડ યુનિવર્સિટીમાં ભણવા જવું હતું. ઑક્સફર્ડમાં સરસ ગ્રેડ હોય તો પણ દાખલ થવું અઘરું છે. સ્ટીવને ઑક્સફર્ડમાં દાખલ થવાની પરીક્ષા આપી અને તે પરીક્ષામાં ભૌતિકશાસ્ત્રમાં લગભગ પૂરેપૂરા ગુણ હતા. આથી તેમને ઇન્ટરવ્યૂ માટે બોલાવ્યા અને ઇન્ટરવ્યૂમાં પ્રોફેસર ઉપર સરસ છાપ પાડવાથી તેમને સ્કૉલરશિપ સાથે ઑક્સફર્ડ યુનિવર્સિટીમાં દાખલ કરવામાં આવ્યા.

### ઑક્સફર્ડ અને કેમ્બ્રિજ

સ્ટીવન ઑક્સફર્ડમાં ભણવા ગયા ત્યારે સત્તર વર્ષના હતા. તેમની સાથેના ઘણા વિદ્યાર્થીઓ લશ્કરમાં જઈને આવેલા હતા અને સ્ટીવન કરતાં ઘણાં ઉંમરલાયક હતા. તે વખતે ભૌતિકશાસ્ત્રમાં ત્રણ જ નવા વિદ્યાર્થીઓ હતા. એ સમયે વિદ્યાર્થીઓ અભ્યાસના કામને હલકું ગણતા. સારા ગ્રેડ માટે મહેનત કરનારને 'ગ્રે મેન (Gray man)'નો માર્ક લાગતો, જે ઑક્સફર્ડના શબ્દભંડોળમાં ખરાબ સંસ્કારિતા દર્શાવે છે. આથી તમે ખૂબ જ હોશિયાર હોવા જોઈએ કે જેથી ખાસ મહેનત વગર તમને બધું આવડી જાય. પહેલા વર્ષમાં સ્ટીવને કાલ્પનિક સાયન્સનાં પુસ્તકો જ વાંચ્યાં અને વાળ વધાર્યા. મોટા અવાજે સંગીત સાંભળ્યું અને ક્લાસમાં જવાનું ટાળ્યું. તેમના માટે વર્ગમાં જે ભણાવવામાં આવતું તે સરળ હોઈને ઘણી વખત કંટાળાજનક લાગતું ઑક્સફર્ડમાં ભૌતિકશાસ્ત્ર અને ગણિત ભણવાનું સ્ટીવન માટે ખૂબ જ સરળ હતું. ભાગ્યે જ પુસ્તકોનો સહારો લીધો હોય કે વર્ગમાં કોઈ નોંધ કરી હોય. એ જમાનામાં ભૌતિકશાસ્ત્રનો અભ્યાસક્રમ પણ એ રીતે ગોઠવેલો કે જેથી ઓછામાં ઓછું કામ કરવાનું રહે. શરૂઆતમાં એક પરીક્ષા આપી અને બીજી પરીક્ષા ત્રણ વર્ષના અંતે આવશે. સ્ટીવને બધું ગણીને લખ્યું છે કે તેમણે ૧૦૦૦ કલાક મહેનત કરેલી જે રોજના એક કલાક બરાબર થાય.

છેલ્લી આખરી (Find) પરીક્ષામાં સૈદ્ધાંતિક (Theortical) પ્રશ્નોના જ જવાબ આપ્યા અને બીજા બાકીના પ્રશ્નોના બરાબર તૈયારી ન કરેલી હોવાના કારણે ન આપ્યા. આમ છતાંયે તે ફર્સ્ટ ક્લાસ અને સેકન્ડ ક્લાસની બૉર્ડર ઉપર હોઈને તેમને ફર્સ્ટ ક્લાસ કે સેકન્ડ ક્લાસ આપવો તે માટે તેમનો ઇન્ટરવ્યૂ લેવામાં આવ્યો. ઇન્ટરવ્યૂમાં તેમના ભવિષ્યના પ્લાન માટે પૂછ્યું. તેમણે જણાવ્યું કે તેમને સંશોધન કરવું છે. જો ફર્સ્ટ ક્લાસ આવશે તો તે કેમ્બ્રિજ જશે અને જો સેકન્ડ ક્લાસ આવશે તો તે ઑક્સફર્ડમાં જ રહેશે. તેમણે સ્ટીવનને ફર્સ્ટ ક્લાસ

આપ્યો. આવું આપણા ત્યાં બને ખરું ?

ફાઈનલ પરીક્ષા પછી લાંબા વૅકેશનમાં તેમને ઈરાન ફરવાની ગ્રાન્ટ મળી. ઈરાન અને ઈરાનની આસપાસના પ્રદેશમાં ફર્યા અને ત્યાં જ્યારે ૭.૧નો ધરતીકંપ થયો ત્યારે ત્યાં હાજર હોવા છતાં ભાષાના કારણે ધરતીકંપની ખબર ઘણી મોડી પડી.

કેમ્બ્રિજમાં ઑક્ટોબર ૧૯૬૨માં ગ્રેજ્યુએટ વિદ્યાર્થી તરીકે આવ્યા. ફ્રેડ હોયલ (Fred Hoyle) બ્રિટનના ખૂબ જ મોટા જાણીતા ખગોળશાસ્ત્રી હતા. તેઓ વિશ્વ સ્થિર (Steady) તેમ માનતા અને તેનો બચાવ પણ કરતાં વિશ્વની ઉત્પત્તિ, ''મોટા ધડાકાથી (Big Bang)' થઈ તે શબ્દ બિગ બેન્ગ તેમણે આપેલો, પણ તેઓ વિશ્વ પ્રસરે (expand) છે તેમાં માનતા ન હતા, હોયલ ઘણા કામમાં રહેતા હોઈને સ્ટીવનની ખાસ ઇચ્છા હોયલની જોડે કામ કરવાની હોવા છતાંય હોયલ સ્ટીવનને તેમના વિદ્યાર્થી તરીકે લઈ ન શક્યા. ડેનિસ સિયામાની (Dennis Sciema) જોડે સ્ટીવનને કામ કરવાનું થયું. શરૂઆતમાં સ્ટીવનને થોડોક રંજ થયો, પણ પછી તો પ્રો. સિયામાની જોડે બરાબર ફાવી ગયું.

સ્ટીવને જ્યારથી વર્ગમાં જવાનું શરૂ કર્યું, ત્યારથી તેમને લાગ્યું કે તેમની તબિયત બગડતી લાગી, તેઓ એકવીસ વર્ષના હતા અને તેમને તેમની તબિયતની ખબર ન હતી.

કેમ્બ્રિજમાં નવા વર્ષની શરૂઆતમાં નવી ડૉર્મમાં સ્ટીવને સ્ટીવને રહેવાનું શરૂ કર્યું. પાડોશીઓને ઓળખવા માટે તે પાર્ટીમાં ગયા. સ્ટીવનની બહેનની બહેનપણી જેન વાઈલ્ડે (Jane Wilde) તેમનું ધ્યાન ખેંચ્યું અને બંને જણે વાતો કરવાનું શરૂ કર્યું. સ્ટીવનના ઘરની જોડે જ સેન્ટ આલ્બન્સમાં જેન મોટી થયેલી, જેનનાં માતા અને પિતા ખ્રિસ્તી ધર્મના ધર્મ પ્રચારક હતાં. સ્ટીવન સામાન્ય રીતે છોકરીઓની નજીકમાં શરમાળ હોય છે, પણ સ્ટીવનને જેન રૂપાળી અને બુદ્ધિશાળી લાગેલી હોઈને તેની જોડે વાતો કરવાનું ચાલુ રાખ્યું. જેનને સ્ટીવન રૂપાળો અને રમૂજી લાગ્યો. જેન તે સમયે હાઈસ્કૂલમાંથી ગ્રેજ્યુએટ થયેલી અને યુનિવર્સિટી ઑફ લંડનમાં ભણવા જવાની હતી.

૧૯૬૨ની નાતાલની રજાઓમાં સ્ટીવનના કુટુંબે સ્ટીવનના તોતડાતા શબ્દો સાંભળ્યા અને તેમનું અસ્થિર રીતે ચાલવાનું જોયું. આ જોતાં જ તેમના પિતા તજજ્ઞ ડૉક્ટરની પાસે લઈ ગયા. હૉસ્પિટલમાં દાખલ કર્યા. ઘણી જાતના ટેસ્ટ કર્યા પછી ડૉક્ટરે સ્ટીવન અને તેમના કુટુંબને જણાવ્યું કે સ્ટીવનને 'એમીઓટ્રૉપિક લેટરલ સ્ટરોસિસ (Amyotrophic lateral Sclarosis)' ટૂંકમાં ALS નામનો રોગ થયો છે. આ રોગ મગજને અને સ્વૈચ્છિક સ્નાયુઓને જોડતી ચેતનાને (nerves) નબળી કરે છે. સ્વૈચ્છિક સ્નાયુઓ (Voluntary muscles) આપણને વજન ઉપાડવામાં કે લખવામાં મદદ કરે છે. સ્ટીવનને તેના સ્વૈચ્છિક સ્નાયુઓ કામ કરતા બંધ થશે તેનો ડર લાગવા લાગ્યો. અસ્વૈચ્છિક સ્નાયુઓ (Involuntary mascles) જેવા કે જે હૃદયને ચાલુ રાખવામાં મદદ કરે છે તેને મગજ જોડે જોડતી ચેતાને કોઈ તકલીફ ન પડે. સ્ટીવનને મટાડી ન શકાય તેવો રોગ થયો છે જે તેમને થોડાંક વર્ષોમાં મારી નાખશે તેનું ભાન થયું એ એક મોટો આઘાત હતો. સ્ટીવન હૉસ્પિટલમાં હતા ત્યારે તેમની સામેની પથારીમાં તેમની નજર સમક્ષ એક વિદ્યાર્થી લકુમિઆથી (Leukemia) (લોહીનું કૅન્સર) મૃત્યુ પામ્યો. આના ઉપરથી સ્ટીવનને થયું કે ઘણા બધા લોકો છે કે જે તેમના કરતાં પણ વધારે ખરાબ પરિસ્થિતિમાં હોય છે. માથા ઉપર મૃત્યુનો ભય હોવા છતાંય, તેમણે નક્કી કર્યું કે જે કંઈ સમય હોય તેમાં તે શક્ય હોય તેટલી વધારે મહેનત કરશે.

શું બનશે તેની ખબર ન હોઈને, ડૉક્ટરના કહેવા પ્રમાણે સ્ટીવન કેમ્બ્રિજ જઈને સાપેક્ષવાદ અને ખગોળશાસ્ત્રમાં તેમનું સંશોધન કરવા લાગ્યા. સ્ટીવન અને જેન એકબીજાને મળતાં રહ્યાં પણ સ્ટીવને ALSની વાત જ જેનને ન કરી. જેનને બીજી મિત્ર દ્વારા સ્ટીવનના આ રોગની ખબર પડી. સ્ટીવન અને જેન એકબીજાને એટલો બધો પ્રેમ કરતાં હતાં કે લૂ ગેરિંગ પણ તેમને પ્રેમ કરતાં અટકાવી ન શક્યો. સ્ટીવને આખરે ઑક્ટોબર ૧૯૬૪માં જેનને તેમની સાથે લગ્ન કરવાની દરખાસ્ત મૂકી. જેનને પૂરેપૂરો ખ્યાલ હતો કે લૂ ગેરિંગ સ્ટીવનને આખરે તકલીફમાં મૂકશે. આમ છતાંયે જેને લગ્નની હા પાડી અને જુલાઈ ૧૪, ૧૯૬૫ના રોજ તેમનાં લગ્ન થયાં.

હવે સ્ટીવનને નોકરી શોધવાની અને પૈસા કમાવવાની જરૂરિયાત જણાઈ. ઑક્સફર્ડમાંથી બેચલરની ડિગ્રી મળેલ અને હવે તેમને ગંભીરતાપૂર્વક વૈજ્ઞાનિક તરીકે ઓળખાવવું હોય તો કેમ્બ્રિજમાંથી Ph.D.ની ડિગ્રી મેળવવાની રહી અને આ માટે થીસિસ લખવાનો રહ્યો.

જ્યારે સ્ટીવન ગ્રેજ્યુએટ વિદ્યાર્થી તરીકે કેમ્બ્રિજ યુનિવર્સિટીમાં દાખલ થયા ત્યારે વિશ્વની ઉત્પત્તિ કઈ રીતે થઈ તેની ચર્ચા ચાલતી. મોટા ધડાકા સાથે (The Big Bang) ઉત્પત્તિ થઈ કે શરૂઆતથી જ સ્થિર પરિસ્થિતિમાં (Steady state) છે. ફ્રેડ હોયલ અને તેમના વિદ્યાર્થીઓ વિશ્વ સ્થિર પરિસ્થિતિમાં છે તેમ માનનારા હોવા છતાં The Big Bang શબ્દ તેમણે વાપરવો શરૂ કરેલો. તે સમયે સામાન્ય રીતે આવા બધા માટે આઇન્સ્ટાઈનનાં જટિલ (Complex) સમીકરણોના ઉકેલ મેળવવા માટે પ્રયત્ન કરવામાં આવતો. કોઈ કોઈ વખત ઉપયોગી સમીકરણોના ઉકેલો મળતા. રોજર પેન્રોઝે (Roger Penrose) નવી રીત દાખલ કરી જેમાં આવા ઉકેલો મેળવવા જરૂરી ન રહે. આના બદલે સામાન્ય ગુણધર્મો જેવા કે ગુરુત્વાકર્ષણ બળ આકર્ષક છે વગેરેનો ઉપયોગ કરીને પેન્ટરોને બતાવ્યું કે જ્યારે મૃત્યુ પામતો તારો (જેનું બધું બળતણ (Nuclear Fuel) વપરાઈ ગયું છે) ગુરુત્વાકર્ષણના બળના કારણે સંકોચાતો સંકોચાતો અમુક ચોક્કસ ત્રિજ્યાએ આવશે, ત્યારે તે ચોક્કસ ત્રિજ્યા વિશિષ્ટ (Singularity) છે. આ વિશિષ્ટ ત્રિજ્યાએ જગ્યા અને સમયનો અંત આવે છે અને આની ઘનતા ખૂબ જ મોટી છે.

આ નાની ત્રિજ્યાનો વિશિષ્ટ પદાર્થ વિશિષ્ટ બિંદુ (Singular Point) તરીકે પણ ઓળખાય છે. આ વિશિષ્ટ બિંદુ શ્યામ પોલાણનું (Black Hole) કેન્દ્ર છે. આ વિશિષ્ટ પદાર્થના દ્રવ્યનું કલ્પનામાં ન આવે તેટલું વજન છે અને તેનું કદ નાનું છે. દ્રવ્ય અને ગુરુત્વાકર્ષણ વચ્ચે સંબંધ હોઈ આ વિશિષ્ટ બિંદુ ખૂબ જ શક્તિશાળી બળ ધરાવે છે. ખૂબ જ શક્તિશાળી ગુરુત્વાકર્ષણ બળ હોવાથી આ શ્યામ પોલાણમાંથી કશું જ બહાર નીકળી શકતું નથી. અરે પ્રકાશનું કિરણ પણ !! (અપવાદ ! જો સાચું હોય તો હૉકિંગ કિરણોત્સર્ગ)

એક રાત્રે બધા વૈજ્ઞાનિકો જોડે કેમ્બ્રિજ પાછા આવતાં સ્ટીવનને વિચાર આવ્યો કે પેન્રોઝે દર્શાવેલી ક્રિયા 'મોટા ધડાકા (Big Bang)' માટે ઊલટાવાય તો શું ? વિશ્વની શરૂઆત જ શ્યામ પોલાણથી થઈ હોય અને પછી વિશ્વ પ્રસર્યું હોય. મોટો ધડાકો એની મેળે જ થયો હોય તો વિશ્વની શરૂઆત કરવામાં પ્રભુની જરાયે જરૂર ન ગણાય. વિસ્તરતા વિશ્વની ફિલ્મને ઊંધી (backward) દિશામાં ફેરવો તો વિશિષ્ટ બિંદુનું અસ્તિત્વ ઇતિહાસમાં હશે કે જ્યાંથી અવકાશ (space) અને સમયની શરૂઆત કોઈ જગ્યાએથી થઈ હશે. આ વિચાર ઉપર સ્ટીવને તેમનો Ph.D.ની થીસિસ તૈયાર કરીને ઑક્ટોબર ૧૯૬૫માં કેમ્બ્રિજ યુનિવર્સિટીને સોંપી અને કેમ્બ્રિજ યુનિવર્સિટીએ ફેબ્રુઆરી ૧૯૬૬માં થીસિસ Ph.D.ની ડિગ્રી માટે માન્ય કર્યો.

'વિસ્તરતા વિશ્વોના ગુણધર્મો (Properties of Expanding Universes'ની થીસિસનાં ચાર પ્રકરણો છે. પહેલા પ્રકરણમાં હોયલ-નારલિકર (Hoyle - Narlikar)નું અનુમાન વિશ્વ સ્થિર પરિસ્થિતિમાં છે તેનો અભ્યાસ છે. જયંત નારલિકર બનારસ યુનિવર્સિટીના જાણીતા ગણિતશાસ્ત્રી વી. વી. નારલિકરના પુત્ર થાય. જયંત નારલિકર હોયલના હાથ નીચે કામ કરીને કેમ્બ્રિજ યુનિવર્સિટીમાંથી Ph. D. થયા. વિશ્વ સ્થિર પરિસ્થિતિમાં હોય તો વિશ્વ વિસ્તરે છે તે અનુમાન બહુ જ મોટો પ્રશ્ન ઊભો કરે છે તેની ચર્ચા પહેલા પ્રકરણમાં છે. બાકીનાં ત્રણ પ્રકરણોમાં વિસ્તરતા વિશ્વના પ્રશ્નો છે.

બીજું પ્રકરણ એક જ પ્રકારના (homogeneous) અને દરેક દિશામાં સરખી રીતે (isotropic) પ્રસરતા વિશ્વના ખલેલો (perturbations) જોડે સંકળાયેલું છે. આનો ઉપસંહાર એ છે કે શરૂઆતના નાના ખલેલોના વિકાસથી તારાવિશ્વોની રચના ન થઈ શકે. આ અંદાજથી (approximation) ગુરુત્વાકર્ષણના કિરણોત્સર્ગ (Radiation)ના સંપ્રસારણની (Propagetion) અને શોષણની (absorption) તપાસ પણ કરી છે.

ત્રીજા પ્રકરણમાં અનંતસ્પર્શી વિસ્તરણથી (Asymptotic expansion) વિસ્તરતા વિશ્વના ગુરુત્વાકર્ષણના કિરણોત્સર્ગની તપાસ કરી અને

અનંતસ્પર્શી જૂથ મેળવ્યાં છે.

ચોથું પ્રકરણ વિશ્વશાસ્ત્રના નમૂનાઓનાં વિશિષ્ટ બિંદુઓની ઘટના જોડે કામ કરે છે અને એવું બતાવ્યું છે કે વિશિષ્ટ બિંદુઓ અનિવાર્ય છે.

સ્ટીવને, ડૉ. પેન્રોઝે અને બીજા સહકાર્યકરોએ શ્યામ પોલાણોના વર્તનને લગતાં અને શ્યામ પોલાણમાં કોઈ વસ્તુ પકડાઈ તો તેના ભયાનક ભાવિને લગતાં પ્રમેયોની શ્રેણી પ્રસિદ્ધ કરી.

સ્ટીવને ફક્ત Ph.D.ની ડિગ્રી ન મેળવી, પણ કેમ્બ્રિજ યુનિવર્સિટી તરફથી સરસ સંશોધનના નિબંધ માટે 'આદમ્સ ઇનામ' (Adams Prize) અપાય છે. તે પણ રોજર પેન્રોઝની સાથે સ્ટીવનને પણ મળ્યું. સાથે સાથે કેમ્બ્રિજ યુનિવર્સિટીએ ભણાવવાની નોકરી પણ આપી, જે સ્ટીવને આનંદપૂર્વક સ્વીકારી. ગુરુત્વાકર્ષણ ભૌતિકશાસ્ત્ર (Gravitational Physics) વિભાગમાં ભણાવતા અને વિદ્યાર્થીઓને ખાસ કહેતા કે ગમે તેવો મૂર્ખામીભર્યો સવાલ પૂછતાં જરાયે ન અચકાતા.

જેનને સ્ટીવનની કાળજી રાખવાની અને સાથે સાથે તેમની ડિગ્રી માટેનું ભણવાનું પૂરું કરવાનું. સાથે સાથે નવા આવનારા બાળકની તૈયારી કરવાની. મે ૧૯૬૭ માં રૉબર્ટનો (Robert) અને નવેમ્બર ૧૯૭૦માં લુસી (Lucy)નો જન્મ થયો.

જેમ જેમ હૉકિંગની વૈજ્ઞાનિક તરીકે ખ્યાતિ વધતી ગઈ તેમ તેમ લૂ ગેરિગ પણ આગળ વધતો ગયો. અત્યાર સુધી લાકડીના ટેકે ચાલતા તે પણ ૧૯૬૯માં બંધ થઈ ગયું અને ૧૯૬૯થી પૈડાવાળી ખુરશીમાં (Wheelchair) બેસીને જવું પડતું. સાથે સાથે તેમના હાથ પણ કામ કરતા ન હોઈને લખવાનું અને ગણિત ગણવાનું પણ લગભગ બંધ થઈ ગયું. સ્ટીવનને બધુ મગજમાં રાખીને ગણવાનું રહ્યું.

૧૯૭૧થી સ્ટીવને શ્યામ પોલાણો (Black Holes) ઉપર કામ કરવાનું શરૂ કર્યું, કારણ કે શ્યામ પોલાણોની કોઈ ખાસ માહિતી ન હતી. સામાન્ય રીતે ઘણા બધા વૈજ્ઞાનિકો એમ માનતા કે શ્યામ પોલાણમાંથી કંઈ બહાર જઈ શકતું નથી. સ્ટીવને વિશ્વશાસ્ત્રની પરિષદમાં (Casmology Conference) આ પરિણામો જાહેર કર્યાં ત્યારે પરિષદના પ્રમુખે એમ જણાવ્યું કે બુદ્ધિ કે તર્કની વિરુદ્ધ આ પરિણામો છે. હાજર રહેલા સર્વેને મોટો આંચકો લાગેલો. પરંતુ આખરે હૉકિંગ સાચા નીકળ્યા અને શ્યામ પોલાણ જે ઊર્જા બહાર કાઢે છે તે ઊર્જા હૉકિંગ ઊર્જા તરીકે ઓળખાય છે. આ ઊર્જા હજી શોધાઈ નથી.

આ જ વર્ષે વૈજ્ઞાનિકોએ હૉકિંગની પ્રતિભા ઓળખીને તેમને રૉયલ સોસાયટીના (Royal Society) ફેલો તરીકે ચૂંટ્યા. રૉયલ સોસાયટી ત્રણસો વર્ષ જૂની છે અને વિજ્ઞાનની પહેલી સોસાયટી છે. આ સોસાયટી વિજ્ઞાનની શોધોનું અને વિજ્ઞાનીઓની કાર્યસિદ્ધિઓનું (Achievements) બહુમાન કરે છે. આ સોસાયટીના પ્રમુખ તરીકે ન્યૂટન ઘણાં વર્ષ રહેલા. આના ફેલો હોવું તે બ્રિટનમાં ખૂબ જ માનને પાત્ર ગણાય છે. ફક્ત ૩૨ વર્ષની નાની વયે સ્ટીવન FRS બન્યા. આપણા ગણિતશાસ્ત્રી રામાનુજનનું પણ ફેલો ઑફ રૉયલ સોસાયટી બનાવીને બહુમાન કરેલું. હાલમાં આપણા નોબલ પ્રાઇઝ મેળવનાર વેન્કટરામન રામક્રિશનન (Venkantraman Ramakrishnan) રૉયલ સોસાયટીના પ્રમુખ છે.

આ બધા સંશોધનના કારણે ૧૯૭૪માં 'કેલિફૉર્નિયા ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નૉલૉજી (California Institute of Technology) (CAL TECH)' એ સરસ ઘણો વધારે પગાર, બધી સગવડતાવાળું મોટું ઘર, (ઇલેક્ટ્રિક) વિદ્યુત ચાલતી પૈડાવાળી ખુરશી અને એમની શારીરિક અગવડતાઓ ધ્યાનમાં રાખીને સરસ સગવડતાવાળી ઑફિસ આપીને તેમનું બાદશાહી બહુમાન કર્યું. હવે બધાં સમીકરણો અને વિશ્વનું ચિત્ર મગજમાં રાખતા થયા અને તેમણે અદ્‌ભુત યાદશક્તિ કેળવી. ૧૯૭૫માં કેમ્બ્રિજ પાછા આવ્યા ત્યારે મોટા ઘરમાં જમીનના માળે વિશાળ મેદાન જ્યાં બાળકો રમી શકે તેવું એપાર્ટમેન્ટ યુનિવર્સિટીએ તેમને આપ્યું. ૧૯૭૭માં કેમ્બ્રિજ યુનિવર્સિટીએ તેમને પ્રોફેસર બનાવ્યા.

## લુકેસિઅન પ્રોફેસર (Lucasian Professor)

૧૯૭૯માં કેમ્બ્રિજ યુનિવર્સિટીના પ્રોફેસરોએ સ્ટીવન હૉકિંગને લુકેસિઅન પ્રોફેસર બનાવવા માટે મત આપ્યા. ગણિત અને વિજ્ઞાનના શિક્ષક માટે આ મોટામાં

મોટું સન્માન ગણાય છે. ન્યૂટન પણ ઘણાં વર્ષો લુકેસિઅન પ્રોફેસર ઑફ મેથેમેટિક્સ રહેલા. સ્ટીવનને લુકેસિઅન પ્રોફેસર તરીકે ચૂંટાવવાનો ખૂબ જ ગર્વ હતો. રેવરન્ડ હેન્રી લુકાસ (Reverand Henry Lucas)ના વસિયતનામામાં (will, વિલ) આ જગ્યા માટે રાખેલા ફંડમાંથી ૧૬૬૩માં આ જગ્યાની સ્થાપના થઈ. રેવરન્ડ હેન્રી લુકાસ યુનિવર્સિટી તરફથી ચૂંટાયેલા પાર્લામેન્ટના સભ્ય હતા. આઈસેક બેરો (Isaac Barrow) સૌથી પહેલા લુકેસિઅન પ્રોફેસર હતા. બધા લુકેસિઅન પ્રોફેસરોને કોઈ ખાસ નોટમાં સહી કરવાની હોય છે અને આ છેલ્લી સહી સ્ટીવને કરી. આ પછી લખવાનું પણ બંધ થઈ ગયું. આ જ વર્ષે ત્રીજા બાળક ટીમનો (Tim) જન્મ થયો. ટીમ સ્ટીવન જોડે રમતો પણ તેને તેના પિતા શું બોલે છે તેની ખબર પડતી ન હતી, છતાં તેને તેના પિતા જોડે મજા પડતી. ઘણી વખત તેના પિતાની પૈડાવાળી ખુરશીમાં બેસીને મજા કરતો.

### માંદગી

સ્ટીવનને બહાર ફરવાનું ખૂબ જ ગમતું. ૧૯૮૧માં મોસ્કોમાં ભૌતિકશાસ્ત્રની ચર્ચા માટે સ્ટીવનને આમંત્રણ મળ્યું. ઘણા રશિયન વૈજ્ઞાનિકો જોડે ભૌતિકશાસ્ત્રની ચર્ચાઓ કરી અને મિત્રો પણ બનાવ્યા. ૧૯૮૫માં સ્વિટ્ઝરલૅન્ડના વૈજ્ઞાનિકો જોડે કામ કરવા ત્યાં ગયા અને ત્યાં તેમને ન્યુમોનિયા થયો. આના કારણે તે ખૂબ નબળા પડી ગયા. આના કારણે ખોરાક ગળવો અઘરો થયો અને કોઈ કોઈ વખત ગૂંગળાઈ જતા. જેન સ્વિટ્ઝરલૅન્ડ પહોંચ્યાં પણ તે પહેલાં સ્ટીવન મોતના કિનારે પહોંચેલા. સ્ટીવનને કૃત્રિમ શ્વાસોચ્છ્વાસ ચાલુ રાખવાના સાધન જોડે જોડીને જીવતા રાખેલા. ડૉક્ટરો કશું કરી શકે તેમ ન હોઈને કૃત્રિમ શ્વાસોચ્છ્વાસ ચાલુ રાખવાનું સાધન બંધ કરવા દેવાની રજા માગી. જેને બ્રિટન લઈ જવાનું કહ્યું. બ્રિટન લાવ્યા પછી બ્રિટનના ડૉક્ટરોએ સ્ટીવન જાતે શ્વાસ લઈ શકે તે માટે સ્ટીવનના ગળામાં કાણું પાડ્યું. સ્ટીવન જાતે શ્વાસ લેવા માંડ્યા પણ હવા તેમની બોલવાની નળીમાં (Vocal Chord) જતી બંધ થઈ આથી તેમનું બોલવાનું કાયમ માટે બંધ થઈ ગયું. થોડોક વખત લખીને જણાવતા, પણ આ બધું ધીરું અને અઘરું હતું. બીજો કોઈ રસ્તો શોધવાનો રહ્યો.

જ્યારે સ્ટીવનને હૉસ્પિટલમાંથી ઘેર લાવ્યા ત્યારે સ્ટીવન બોલી પણ ન શકતા, જાતે માંડ માંડ ખાઈ શકતા અને પથારીમાંથી માંડ બહાર નીકળી શકતા. તેમને ચોવીસે કલાક મદદની જરૂર રહેતી. બ્રિટનના નિયમ પ્રમાણે જો તમારે ચોવીસે કલાક મદદની જરૂર હોય તો તમારે નર્સિંગ હોમમાં રહેવા જવું પડે. જેનને બાળકો સ્ટીવન વગર મોટાં થાય તે મંજૂર ન હોઈને સ્ટીવનને ઘેર રાખવાનો નિર્ણય લેવાયો. આખરે જેને આ માટે ધર્માદાની સંસ્થાઓ પાસે માગણી રજૂ કરી. કોઈ અમેરિકન ફાઉન્ડેશને સ્ટીવન માટે ચોવીસે કલાક માટેની ત્રણ નર્સોનો ખર્ચ ઉપાડી લીધો. ત્રણ પાળીની ત્રણ નર્સોએ સ્ટીવનની કાળજી રાખવા માંડી.

સ્ટીવનની કાળજી લેનાર નર્સોની હાજરી સ્ટીવન અને જેનના સંબંધોમાં વચ્ચે આવવા માંડી. સ્ટીવન અને જેન એકલાં મળી ન શકતાં. સ્ટીવન નર્સોની જોડે હસીને વાતો કરે તે જેનને ઓછું ગમતું.

આ સમયે જેનને એવું લાગતું કે સ્ટીવનનું મૃત્યુ નજીક આવી રહ્યું છે. સ્ટીવનના ગયા પછી બાળકોની કોણ કાળજી રાખશે તેની જેનને ચિંતા હતી. જેન ઘણાં વર્ષો પહેલાં કોઈ ચર્ચના સંગીત ગાનારાઓના (ગ્રૂપમાં) જૂથમાં જોડાયેલાં. આ સંગીત ગાનારાઓના જૂથના નેતા જોનેથન જોન્સ (Jonathan Jones) જેનના મિત્ર બની ગયેલા. આવા પ્રસંગે જોનેથન જેનને ઘર કામમાં મદદ કરાવવા આવતા અને કોઈ વખતે સ્ટીવનના ત્યાં રહેતા. બંને જણ સ્ટીવનની આમન્યા રાખતાં. સ્ટીવનથી આ બંનેનો નજીકનો સંબંધ સહન ન થઈ શકતો હોઈને ૧૯૯૦માં તેમને મદદ કરતી નર્સ ઈલેઇન મેસનની (Elaine Mason) જોડે રહેવા ગયા.

### પુસ્તકો

સ્ટીવનનો ખ્યાલ ૧૯૮૨માં વિશ્વસંબંધી લોકપ્રિય પુસ્તક લખવાનો હતો. એમનો ખ્યાલ તેમની પુત્રી લુસીના ભણતરની સ્કૂલ ફી કમાવવાનો હતો. આ ઉપરાંત સ્ટીવનનો ખ્યાલ આ વિશ્વને સમજતાં-સમજતાં આપણે કેટલે આવ્યા છીએ તે બધાને સમજાવવાનો પણ હતો. આથી તેમણે લખવાનું શરૂ કર્યું. તેમના માટે આ કામ ઘણું અઘરું હતું. જાતે લખી ન શકતા, કમ્પ્યૂટરોની મદદથી લખીને તેમના મિત્રના સંબંધી ઝકરમેનને

(Zuckerman) આપી. ઝકરમેને આની નકલો ઘણા બધા પ્રકાશકોને મોકલી આપી. સ્ટીવને પ્રકાશક તરીકે બેન્ટમ બુક્સ (Bantam Books) નામની કંપની પસંદ કરી. બેન્ટમ બુક્સ કંપનીના તંત્રી પીટર ગુઝાર્ડીને (Peter Guzzardi) રસ હોઈને બેન્ટમે આ પુસ્તક પ્રસિદ્ધ કરવાનો વિચાર કર્યો. પીટર ગુઝાર્ડીએ તેમનું કામ ખૂબ જ ગંભીરતાથી લીધું. વિજ્ઞાનના વિદ્યાર્થી ન હોય તેવા સમજી શકે તેવું આ પુસ્તક હોવું જોઈએ તેમ તે માનતા. તે વિજ્ઞાનના વિદ્યાર્થી ન હોવાથી ઘણા પ્રશ્નો પૂછીને ઘણા બધા સુધારા-વધારા કરાવ્યા. સ્ટીવનને કોઈ કોઈ વખત થતું કે આનો અંત નહિ આવે. પણ આખરે ગણિત વગર અને અઘરા વિજ્ઞાન વગરનું પુસ્તક 'A Brief History of Time : From the Big Bang to Black Holes' તૈયાર થઈ ગયું. આખરે એપ્રિલ ૧, ૧૯૮૮ના દિવસે પ્રસિદ્ધ થયું. બેન્ટમને પણ પુસ્તકની માંગ જોઈને ઘણું જ આશ્ચર્ય થયું. છાપાંઓ દર અઠવાડિયે સૌથી વધારે વેચાતાં પુસ્તકોની નોંધ રાખે છે. ન્યૂયૉર્ક ટાઇમ્સની (New York Times) નોંધ પ્રમાણે ૧૪૭ અઠવાડિયાં સુધી અમેરિકામાં વધારેમાં વધારે આ પુસ્તકની નકલો વેચાઈ જ્યારે લંડન ટાઇમ્સની (london Times) નોંધ પ્રમાણે ૨૩૭ અઠવાડિયા સુધી વધારેમાં વધારે આ પુસ્તકની નકલો વેચાઈ. આ પુસ્તકની એક કરોડ નકલો વેચાઈ છે અને ચાલીસ જુદીજુદી ભાષાઓમાં આ પુસ્તકના અનુવાદ થયા છે. આ પુસ્તકે સ્ટીવનને લોકપ્રિય વૈજ્ઞાનિક બનાવ્યા. તેમણે બધાં થઈને કુલ્લે ૧૫ પુસ્તકો લખ્યાં છે.

૧૯૭૩માં પહેલું પુસ્તક "ધી લાર્જ સ્કેલ સ્ટ્રક્ટર ઑફ સ્પેસટાઇમ (The Large Scale Structure of Space - Time)" જી. એફ. આર ઇલિસ (G. F. R. Ellis) સાથે લખ્યું છે. આ ટેક્નિકલ પુસ્તક છે અને કેમ્બ્રિજ યુનિવર્સિટીએ પ્રસિદ્ધ કર્યું છે. તેમની પુત્રી લુસી સાથે પણ બાળકો માટે પુસ્તકો લખ્યાં છે.

### પ્રકીર્ણ

સ્ટીવને તેમની ૬૦મી જન્મજયંતી ગરમ હવા ભરેલા બલૂનમાં બેસીને આકાશમાં ઊડીને ઊજવેલી. એટલું જ નહિ, એ જ અઠવાડિયામાં વિદ્યુતશક્તિથી (Electirc - Powerd) ચાલતી પૈડાવાળી ખુરશીને ખુણાની આસપાસ વધારે ઝડપથી ચલાવતા અથડાઈ પડીને પગનું હાડકું ભાંગેલું.

૨૦૦૭માં તેમની ૬૫મી જન્મજયંતીના દિવસે કેનેડી સ્પેસ સેન્ટર, ફ્લોરિડાની મુલાકાત લેતાં તેમણે બોઇંગ ૭૨૭માં બેસીને વજન વગરનાનો અનુભવ કરેલો.

તેઓ ટેલિવિઝનના જાણીતા પ્રોગ્રામો The Simpsons, Star Trak : The Next Generationમાં મહેમાન તરીકે હાજર રહેલા. સ્ટીવનને આ બધાનો સરસ શોખ હતો. ૨૦૧૨માં અમેરિકન ટેલિવિઝનના પ્રોગ્રામ The Big Bang Theoryમાં પણ મહેમાન તરીકે આવેલા.

તેમને વિજ્ઞાનનાં ઘણાં બધાં ઇનામો મળેલાં. સ્ટીવને તેમની બુદ્ધિવિષયક જિંદગીની સાથે-સાથે ધંધાકીય અને જિંદગીનાં લક્ષોને જરાક વધારે ધક્કો માર્યો હશે.

### નીડર વક્તા

કેમ્બ્રિજમાંથી Ph.D. થયા તે સમયે વિયેટનામની લડાઈ ચાલતી હતી. તેના વિરુદ્ધમાં વિદ્યાર્થીઓએ રેલી કાઢેલી અને તેમાં સ્ટીવન લંગડાતા પગે લાકડીના ટેકે સૌથી આગળ ચાલેલા. પૈડાવાળી ખુરશીઓ યુનિવર્સિટીના દરેક મકાનોમાં સરળતાથી જઈ શકે તે માટે જરૂર પડે યોગ્ય વ્યક્તિઓનું ધ્યાન દોરતા અને યુનિવર્સિટી પાસે અપંગ માણસો મકાનોમાં સરળતાથી આવજા કરી શકે તેવા રસ્તાઓ અને બારણાંઓ કરાવતા. અપંગ માણસો માટે મકાનોની નજીકમાં ગાડી પાર્ક કરવા માટે જગ્યા આપવા માટે માગણીઓ મૂકતા. હવે બધી જગ્યાએ અપંગ માણસો સરળતાથી આવજા કરી શકે તેના ઉપર સ્ટીવનના કારણે ધ્યાન આપતા થયા છે. ઇરાકની લડાઈ વખતે પણ તે તેમનો વિરોધ દર્શાવવા બધાની જોડે જોડાયેલા. સમાજમાં અન્યાય થતો લાગે ત્યારે પોતાની જાતનો વિચાર કર્યા વગર અન્યાયની સામે લડતા.

### વિદ્યાર્થીઓ

તેમના હાથ નીચે ઘણા વિદ્યાર્થીઓ Ph.D. થયા છે અને તેમના વિષયોમાં નામના મેળવી છે. તેમના

વિદ્યાર્થી હોવાનું જરાયે સહેલું ન હતું. તેમને ચીડવનાર વિદ્યાર્થીના પગ ઉપર તેમની પૈડાંવાળી ખુરશી ચલાવવા માટે જાણીતા હતા. વિદ્યાર્થીઓ માટે હૉકિંગને મળવાનો અનુભવ જરાયે સહેલો ન હતો. મોટા ભાગે આપખુદ હતા. વિદ્યાર્થીઓને તેમને મનમાં ફાવે તે રસ્તે, કોઈ પણ જાતના તર્ક વગર જવાનું કહેતા.

આપણે બધાયે ઘણી વખત જોયું છે કે શારીરિક ખામીનું વળતર કુદરત કોઈ અલૌકિક શક્તિ આપીને વાળે છે. આવી અલૌકિક શક્તિથી સ્ટીવન વિશ્વમાં મુક્ત રીતે ફરતા, કોઈ કોઈ પ્રસંગે સામાન્ય માનવીઓ ન જોઈ શકે તેવું જોઈ શકતા. આ રીતે જોવું તે થોડુંઘણું સાચું છે. જે લોકો હૉકિંગને ઓળખે છે તે સાચા માનવીની પ્રભુત્વશાળી હાજરીની કદર કરતા. તેમની જિંદગી માટેની ઊંડી લિજ્જત, વિનોદી સ્વભાવ અને તેમની અસાધારણ નિર્ધારશક્તિ હોવા છતાંયે તેમનામાં સામાન્ય માણસની નબળાઈઓ અને દેખીતી તાકાત તેમનામાં હતી. લોકપ્રિય વૈજ્ઞાનિક તરીકેનો ભાગ ભજવવામાં તેમને ખૂબ જ આનંદ થતો. તેમનાં જાહેર ભાષણોમાં વિશાળ જનતા તેમને સાંભળવા આવતી. હૉકિંગને પૈડાંવાળી ખુરશીમાં બેસી રહેવું પડતું, બોલવા-ચાલવામાં પણ તકલીફ. આવું બધું હોવા છતાં જિંદગી પ્રત્યે હકારાત્મક રીતે જોતા. તેમને તેમનું કામ ગમતું, બીજા વૈજ્ઞાનિકો જોડે કામ કરવું ગમતું. તેમને તેમનાં બાળકોમાં ખૂબ રસ હતો અને તેમની મોટરથી ચાલતી પૈડાંવાળી ખુરશી તેમના બાળકોની આસપાસ ફેરવીને આનંદ કરાવતા.

આ બધામાં ધારો કે સ્ટીવન જાણીતા મોટા પ્રોફેસર ન હોત, તોપણ તેમનાં પત્ની જેને અસાધ્ય રોગવાળા માણસ સાથે જિંદગીનાં ઘણાં વર્ષો કાઢ્યાં, બાળકો મોટાં કર્યાં અને જાતે Ph.D. થયાં તે પણ એક મોટી પ્રેમ કહાણી જ છે. અસાધ્ય રોગ સાથે લગભગ પંચોતેર વર્ષ સુધી સફળતાપૂર્વક નીડર પ્રોફેસરની જિંદગી જીવીને આપણને બધાને જિંદગીમાં આવેલા સંજોગોમાં ફરિયાદો કર્યા સિવાય પૂરેપૂરું મન મૂકીને કામ કરવાની પ્રેરણા આપીને પ્રોફેસર હૉકિંગ ૧૪ માર્ચ, ૨૦૧૮ના રોજ વિદાય થયા !!

આ લેખ નીચેના પુસ્તકોના આધારે લખ્યો છે.

(૧) Hawking, Stephen. My Brief History, Barstam Book, New York, 2013.

(૨) Edwards, Chris. All About Stephen Hawking. Blue River Press, Indianapolis, Indiana, 2017.

(૩) Senker, Cath. Against The odds Stephen Hawking. Heinemann - Raintree, Chicago, Ilinois, 2016,

(૪) Hawking, Stephen. Properties of expanding Universes, Ph. D. Thesis, University of Cambridge, UK, 1966.

**વિઠ્ઠલભાઈ અં. પટેલ**

**'સ્વરાજ' નરસિંહજીના મંદિર પાસે,**

**ઉવારસદ રોડ,**

**મુ. પો. શેરથા, તા. જિ. ગાંધીનગર-૩૮૨૩૨૩**

**મો. ૯૪૨૮૦૧૯૦૪૨**

આપણા અવતારપુરુષો ગુરુ-શિષ્યપરંપરામાં ઘડાયા અને આપણા આદર્શ બની ગયા. ગુરુ-શિષ્યપરંપરા 'શું વિચારવું' એ નહીં, પણ 'સ્પષ્ટપણે કેવી રીતે વિચારવું' એની મોકળાશ છે. ગુરુ-શિષ્યપરંપરામાં એકત્વ છે, નિરાંત છે એટલે ઊંડાણ છે અને તેથી ખરું હીર બહાર આવવાની અપાર શક્યતા છે.

ગુરુને તમારે શોધવાના છે, તમે શોધી લો પછી ગુરુ તમને સ્વીકારે તે બીજું પગથિયું અને એક વખત ગુરુ-શિષ્યપરંપરામાં અન્યોન્ય પરોવાયા એટલે દ્વૈત ઘટતું જાય અને દિવ્ય વધતું જાય. તમારે ગુરુના ઘરે રહેવાનું છે. ગુરુ, ગુરુ-કુટુંબ કે ગુરુચીંધ્યું વિશ્વ તમારું જીવનક્ષેત્ર બની રહે છે. ગુરુના પડછાયા થઈ તમે જીવો છો. ઊઠતાં-બેસતાં-જાગતાં-સૂતાં ગુરુસૂચનાનું પાલન કરવાનું છે અને ગુરુએ ચીંધેલા સ્વાધ્યાયની સાધના કરવાની છે. શાસ્ત્ર કાળથી જે સર્વસ્વીકૃત હતી તે ગુરુ-શિષ્ય પરંપરા પુનઃ પ્રતિષ્ઠા પામી રહી છે. ફાઇન આર્ટ કે પરફૉર્મિંગ આર્ટનાં ક્ષેત્રોમાં તો આ એકમાત્ર ઉત્તમ પરંપરા છે, કારણ એમાં શિક્ષણ નથી હોતું, કેળવણી હોય છે!

**ભદ્રાયુ વછરાજાની**

# ગ્રંથસૌરભ

**મણિભાઈ પ્રજાપતિ**

**પ્રતિભા વંદના : ચાણસ્માનું ગૌરવ-૨ :** Pratibha Vandana : Proud of Chanasma-2 / સંપાદકો : મનુભાઈ જે. પટેલ અને ચંદુલાલ હી. પટેલ. ચાણસ્મા : મહાત્મા ગાંધી વિનયમંદિર, 2018. ૧૧, ૮૬ પૃ.

પ્રસ્તુત ગ્રંથમાં 'કુલં પવિત્રં, જનની કૃતાર્થા, વસુન્ધરા ભાગ્યવતી ચ તેન' (સ્કંદપુરાણ, માહેશ્વરખંડ – ૫૫/૧૩૯) અર્થાત્ કુળને પવિત્રતા, જનનીને કૃતાર્થતા અને માતા વસુન્ધરા-વતનને ગૌરવ બક્ષનાર ચાણસ્મા નગર (હાલના પાટણ જિલ્લાના તાલુકા મથક અને આ પૂર્વે મહેસાણા જિલ્લાના તાલુકા મથક)ના વતનપ્રેમી ૪૪ પ્રતિભાપુરુષોને નગરની સદ્કાર્યોને વરેલી અગ્રણી સંસ્થા 'મહાત્મા ગાંધી વિનયમંદિર'ના ઉપક્રમે સન્માનિત કરવામાં આવેલા તેમનું ચરિત્રકીર્તન કરવામાં આવ્યું છે. આ પૂર્વે આ એક અસાધારણ વિચારબીજને 'ચંચળબા જેકીશનદાસ મેમોરિયલ ટ્રસ્ટ' અને 'શાંતાબહેન શંભુપ્રસાદ પુરુષોત્તમદાસ ચેરિટેબલ ટ્રસ્ટ', ચાણસ્માના મૅનેજિંગ ટ્રસ્ટી અને જાણીતા કેળવણીવિદ્ શ્રી મનુભાઈ જે. પટેલ દ્વારા ક્રિયાન્વિત કરીને વર્ષ ૧૯૯૮માં ચાણસ્માના ૨૧ 'ઘરદીવડા'ઓની 'પ્રતિભાવંદના' કરવામાં આવી હતી. આ બંને ગ્રંથોમાં ચાણસ્મા અને ચાણસ્મા પંથકના વતનીઓ ઉપરાંત ચાણસ્માની શાળામાં અભ્યાસ કર્યો હોય કે ચાણસ્મા પોતાની કર્મભૂમિ હોય તેઓ પૈકી પોતપોતાના રસક્ષેત્રોમાં કઠોર પુરુષાર્થ થકી અસાધારણ સિદ્ધિ હાંસલ કરવાની સાથે સાથે વતનમાં કે વતનથી દૂર – સુદૂર રહે રહે વતનના વિકાસ માટે સતત ચિંતિત અને પ્રયત્નશીલ બની રહેવાની સાથે ઉદારચેતા હૃદયે આર્થિક સહયોગ આપ્યો હોય કે માતૃભૂમિ માટે શહીદી વહોરી હોય કે વતનની પ્રતિષ્ઠા કાજે પ્રાણોને હોડમાં મૂકનાર પસંદગીના કુલ ૬૫ હયાત તથા દિવંગત મહાનુભાવોનો પરિચય જે તે પ્રતિભા સંબંધી પ્રાપ્ત માહિતી તથા વૈવિધ્યપૂર્ણ ક્ષેત્રોમાં પ્રદાનના આધારે સરેરાશ ૩૫૦થી ૬૦૦ જેટલા શબ્દોમાં આપવામાં આવ્યો છે. અને તે પણ 'માહિતીના સંક્ષિપ્ત કે વિસ્તરણ કરવામાં પ્રતિભાની મૂળપ્રભાને ક્ષતિ ન પહોંચે તેનો ખ્યાલ રાખવા' સાથે.

અહીં સમાજજીવનનાં વિવિધ ક્ષેત્રોના અગ્રણી પ્રતિભાપુરુષો ઉદા. તરીકે નગરસેવકો, શ્રેષ્ઠીઓ, સાધુ-સંતો, શિક્ષણવિદ્દો, શિક્ષકો, અધ્યાપકો, આચાર્યો, ગ્રંથપાલ, પત્રકાર, ઇજનેરો, ઉદ્યોગપતિઓ, દાતાઓ, શહીદો, સર્વોદય કાર્યકરો, રાજકીય નેતાઓ, એડવોકેટ વગેરે પૈકીના સન્માનિત મહાનુભાવનું ચરિત્રકીર્તન વિશ્વકોશીય અધિકરણ સમ અધિકૃત અને વિશ્વસનીય રીતે કરવામાં આવ્યું છે. જેમાં પ્રત્યેક મહાનુભાવની સંક્ષિપ્ત જીવનરેખા, શિક્ષણ, વ્યાપક પરિપ્રેક્ષ્યમાં નોંધપાત્ર પ્રવૃત્તિઓ અને પ્રદાન, સેવાકાર્યો, પ્રાપ્ત માન-સન્માનો, દાનશીલ પ્રકૃતિ વગેરેને આવરી લેવાની સાથે સાથે પ્રત્યેક પ્રતિભાપુરુષની વ્યક્તિગત ખાસિયતો, ગુણરાશી વગેરેનું વર્ણન કરતાં તેને અનુરૂપ જાણીતા એકાધિક કવિઓ / શાયરોની સૂક્તિરૂપ પસંદગીની કાવ્યપંક્તિઓની ગૂંથણી કથયિતવ્યને અસરકારક અભિવ્યક્તિ આપવાની સાથે સાથે સાહિત્યિક સંસ્પર્શનો અનુભવ પણ કરાવે છે, જે સંપાદકોની અધ્યયનશીલતા અને રસ-રુચિની પ્રતીતિકારક બની રહે છે. અહીં ઉદ્ધૃત સૂક્તિઓનું સ્વતંત્ર સંકલન / પ્રકાશન પણ બહુવિધ રીતે ઉપયોગી બની રહે તેવું છે. પ્રત્યેક મહાનુભાવના શાબ્દિક ચરિત્રાલેખનની સાથે સાથે જ તેમનો મોટા કદનો નયનરમ્ય ફોટો તથા તેમના દાનથી ઊભી કરવામાં આવેલી સમાજસેવી સંસ્થાઓનાં ભવનો કે તેમનાં કાર્યાલયો કે કાર્યક્ષેત્રો સાથે સંબંધિત પસંદગીના એકાદ / બે ફોટોગ્રાફ્સ પણ આપવામાં આવ્યા છે. પરિણામસ્વરૂપે પ્રત્યેક ચરિત્રચિત્રણ લેખન અને ચિત્રકળા / ફોટોગ્રાફીકળાના સુભગ સમન્વયથી હૃદ્ય થઈ પડ્યું છે. પ્રત્યેક ચરિત્રની સમકાલીન સામાજિક – સાંસ્કૃતિક – આર્થિક સ્થિતિનો ચિતાર, પડકારોનો સામનો અને મેળવેલ સફળતા વગેરે બાબતોનો સમાવેશ તેના વાચક માટે ઉદ્દીપક બની રહે છે. ઉદા. તરીકે ગામની પ્રતિષ્ઠાનો ચળકાટ ચકચકિત રાખવા માટે કસળદાસ જેકરણદાસ પટેલ અને નાથાલાલ ચતુરદાસ રામીના દિલધડક

પરાક્રમોની ગાથાઓ રૂંવાડા ઊભાં કરાવી દે તેવી પ્રભાવક અભિવ્યક્તિથી સભર છે. આ સાથે આ બધા ચરિત્રાંકનોના માધ્યમથી ગામના સામાજિક સમરસતા, ભાઈચારો, આર્થિક, ધંધા-ઉદ્યોગ, સાંસ્કૃતિક, સામાજિક, ધાર્મિક, શૈક્ષણિક સંસ્થાઓની સ્થાપના અને તેનો વિકાસ, સ્વાતંત્ર્ય સંગ્રામની પ્રવૃત્તિઓ, સર્વોદય પ્રવૃત્તિ, પુસ્તકાલય પ્રવૃત્તિ, છાત્રાલયો, અખાડા પ્રવૃત્તિ, અદ્યતન મેડિકલ સેવાઓ, ચાણસ્માના વતનીઓનું દેશ-પરદેશમાં સ્થળાંતર અને તેમના ધંધા-ઉદ્યોગો વગેરે બાબતોની આધારભૂત સામગ્રી પણ મળી રહે છે, જે ચાણસ્માના ભાવિ ઇતિહાસકારો માટે આધારસ્રોત બની રહેશે.

આ ગ્રંથની એક આગવી અસાધારણ વિશેષતા અને સંપાદકો / પરામર્શ સમિતિની નૈતિક હિંમતને ઉજાગર કરી આપતી બાબત એ છે કે અહીં પસંદ કરવામાં આવેલ પ્રતિભાઓ તેમના હોદ્દા, ઉચ્ચ ડિગ્રી, આર્થિક સમૃદ્ધિ, રાજકીય નેતૃત્વ કે જ્ઞાતિવિશેષને ધ્યાને લીધા સિવાય તેમની વતનપરસ્તી, વતન માટે ઘસાઈ છૂટવાની ભાવના, દાનવીર પ્રકૃતિ, ઉદાહરણસ્વરૂપ ત્યાગભાવના કે મૂઠી ઊંચેરી આગવી પ્રતિભાનો આધાર લેવામાં આવ્યો છે. જેની પ્રતીતિ પ્રતિભાઓના ચરિત્રકીર્તનના વાચન થકી સહજમાં થાય છે. ઉદા. તરીકે પ્રતિભા વંદના-૧માં સમાવિષ્ટ ચરિત્રો પૈકી ૨૧ વર્ષની વયે ૧૯૪૨ની ક્રાંતિમાં રાષ્ટ્ર કાજે અડાસમાં શહીદી વહોરનાર મણિભાઈ પુરષોત્તમદાસ પટેલ (૧૯૨૨), શહીદ વીર મણિભાઈ પટેલના ૧૯ વર્ષનાં વિધવા પત્નીએ વડીલોના આગ્રહ છતાં પુનર્લગ્ન ન કરતાં ચાણસ્મામાં જ પોતાની જાતને જનસેવામાં સમર્પિત કરી આયખું પસાર કર્યું, ચાણસ્મા સુધરાઈ તથા કેળવણી મંડળના પ્રમુખ તરીકે દીપસ્તંભ સમાન સેવાઓ આપનાર નીડર વ્યક્તિત્વથી સંપન્ન ભગુભા (૧૮૯૮), ચાણસ્મા તાલુકા પુસ્તકાલયમાં સતત ૩૬ વર્ષ સુધી ગ્રંથપાલ તરીકે ઉદાહરણસ્વરૂપ સેવાઓ આપનાર શ્રી મંગુભાઈ વીરચંદદાસ પંચાલ (૧૯૧૭), ૧૫ ઑગસ્ટ ૧૯૪૭ના રોજ ભારત આઝાદ થતાં ચાણસ્મા નગરમાં સૌપ્રથમ વખત જેમના વરદહસ્તે ધ્વજંવનદ રાખવામાં આવ્યું હતું તે સર્વોદયયાત્રી સ્વ. ચીમનલાલ આત્મારામ ભાવસાર (૧૯૧૬), જ્યારે પ્રતિભા વંદના-૨માં સમાવિષ્ટ ચરિત્રો પૈકી સ્વ. શ્રી કસળદાસ જેકરણદાસ પટેલ અને સ્વ. શ્રી નાથાલાલ ચતુરદાસ રામી જેવા ભડવીરોએ ચાણસ્માના મહાજન દ્વારા વર્ષો પૂર્વે પાટણના નગર શેઠ રતન શાહને ભેટવા પાર્શ્વનાથની પ્રતિમા મહેમાન તરીકે આપેલી તે સમયાન્તરે ચાણસ્માના મહાજનની આગ્રહભરી વિનંતી છતાં પાટણના નગર શેઠે પરત કરવાની માંગણી ઠુકરાવી ત્યારે શેઠના ગૃહ દેરાસરમાંથી જાનના જોખમે પ્રતિમા ઉઠાવી લાવી ચાણસ્માના મહાજનને સોંપનાર, હૉસ્પિટલ માટે પોતાની સો વીઘા જેટલી જમીન વગેરે વેચીને એકાદ કરોડથી અધિકનું દાન આપનાર દાનવીર ખેડૂતપુત્ર શ્રી કાનજીભાઈ બેચરદાસ પટેલ, ઘેઘૂર વડલા સમ વ્યક્તિત્વથી સંપન્ન દાનવીર શ્રી શંભુપ્રસાદ પુરુષોત્તમદાસ પટેલ કે જેમના પુત્રોએ એક કરોડથી અધિકનું દાન કર્યું છે, ઉચ્ચ ટૅક્નિકલ શિક્ષણથી સંપન્ન થઈ ગ્રામોદ્ધાર - લોકજાગૃતિ માટે સંકલ્પબદ્ધ બની રહેલ આદર્શ ઘેલી બેલડી તુલા - સંજય, રૂપપુર ગામના ભગ્નાવશેષ સમ ઐતિહાસિક તળાવનો જીર્ણોદ્ધાર કરી હજારો વીઘાં જમીનને સિંચાઈનો લાભ અપાવનાર અમેરિકા નિવાસી ઇજનેર શ્રી ખોડાભાઈ પટેલ, પ્રાથમિક શાળાના શિક્ષક - આચાર્ય સ્વ. કરુણાશંકર મો. વ્યાસ, માધ્યમિક શિક્ષક - આચાર્ય નાથાલાલ જેઠારામ સથવારા, શહીદવીર સ્વ. પ્રવીણકુમાર તુરી, ગાયત્રી ઉપાસક કથાકાર પ્રો. ડૉ. મમતાબહેન રામી, ચાણસ્માની હાઈસ્કૂલના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને બાજુના ગામ સેવાળાના વતની તથા મૅનેજમેન્ટ વિદ્યાક્ષેત્રના પ્રતિભાશાળી પ્રોફેસર અને પાટણ યુનિવર્સિટીના કુલપતિ પ્રો. ડૉ. બાબુલાલ પ્રજાપતિ, કોડીનારના વતની પરંતુ ચાણસ્માની પ્રાથમિક - માધ્યમિક શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી પદ્મભૂષણ ડૉ. ધીરુભાઈ ઠાકર વગેરે.

એક ખાસ ધ્યાનાર્હ અને શ્લાઘનીય બાબત એ કે પ્રસ્તુત ગ્રંથના બંને સંપાદકો એવા આ દષ્ટિપૂત સમારોહના પ્રેરણાદાતા શ્રી મનુભાઈ જે. પટેલ અને શ્રી ચંદુલાલ હી. પટેલ કે જેમનું ગુજરાતના માધ્યમિક શિક્ષણ ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન હોવાની સાથે જાણીતા કેળવણીવિદ હોઈ પ્રસ્તુત સન્માનના અધિકારી હોવા છતાં આ સન્માનથી – પ્રસિદ્ધિ અને પ્રલોભનથી દૂર રહ્યા છે. આ ઉપરાંત પ્રસ્તુત ગ્રંથના 'સંપાદકીય'માં અભિવ્યક્ત કરેલ તેમની લાગણી 'ઘર દીવડાઓ પણ ઘર ખૂણાઓને અજવાળવામાં પોતાની ક્ષમતાનો પરિચય આપે છે તેને બિરદાવવા રહ્યા. જો એમાં ચૂક થાય તો આપણું નગુણાપણું જ પ્રગટ થાય. ચાણસ્મા અને ચાણસ્માના સહવાસમાં આવનારી સર્વ પ્રતિભાઓનો અજવાસ આપણા સૌને પ્રેરક બની રહેશે. તેને ગુણગ્રાહી બનાવવાનો આ નમ્ર પ્રયાસ સૌ સુજ્ઞજનોને આવકાર્ય બની રહેશે તેવી શ્રદ્ધા છે. ચાણસ્માને ગૌરવ અપાવતી હજી પણ

દેશ-વિદેશમાં વસતી ઘણી બધી પ્રતિભાઓની ગૂંથણી કરવાની બાકી રહે છે... આ પ્રકારનું સંકલન કરી ભાવિ પેઢીને પ્રેરક બનવાનો, ઐતિહાસિકતા જાળવવાનો હેતુ પણ અભિપ્રેત છે.'' પણ દ્રષ્ટવ્ય બની રહે છે. આવા આ દષ્ટિપૂત અને ઉમદા ભાવનાથી સંપન્ન સંપાદકો આપણા શત્ શત્ અભિવંદનાના અધિકારી બની રહે છે.

નોંધવું રહ્યું કે ઉચ્ચ ગુણવત્તા ધરાવતા A4 સાઇઝના આર્ટપેપર ઉપર આનુસંગિક ફોટોગ્રાફ્સનું દષ્ટિભૂત સંકલન સહિતનું ફોર કલરમાં સુરુચિપૂર્ણ કલાત્મક મુદ્રણ, ધ્યાનાકર્ષક કવર અને ટકાઉ બાંધણી અભિનંદનીય બની રહે છે. આ સાથે નોંધવું રહ્યું કે અહીં સન્માનિત મહાનુભાવોના અને દિવંગતોના વારસદારોનાં પત્રવ્યવહારનાં સરનામાં બહુવિધ દષ્ટિએ ઉપયોગી હોવા છતાં તેનો અભાવ જોવા મળ્યો છે, જેની પૂર્તિ આગામી પ્રતિભાવંદનામાં કરવામાં આવે તેવી અપેક્ષા બની રહે છે.

**મણિભાઈ પ્રજાપતિ**

❖

**તમારા બાળકને ઓળખો :** (બાળક - વાલી - ઘર - શાળા સંબંધ) / સંપાદક : મનસુખ સલ્લા. અમદાવાદ : ગુજરાતી કેળવણી પરિષદ, ૨૦૧૮. XII, ૧૭૧ પૃ. કિંમત રૂ. ૭૫.૦૦

સામ્પ્રત સમયમાં શાળાએ જતાં કે શાળામાં પ્રવેશ મેળવવાની વયે પહોંચેલાં બાળકોનાં મમ્મી-પપ્પા સવિશેષતઃ તેમનાં બાળકોના ભાવિ શિક્ષણ (ગુજરાતી કે અંગ્રેજી માધ્યમ, સરકારી કે સ્વવિત્ત ધોરણે ચાલતી શાળામાં પ્રવેશ, અનિવાર્ય બની રહેલ ટ્યૂશન પ્રથા, પરીક્ષાનો ભય અને ચિંતા વગેરે), અત્યાધુનિક, ટેક્નૉલૉજી - મોબાઈલ, લેપટોપ વગેરેના અત્યધિક ઉપયોગથી ગ્રસ્ત, અસામાન્ય વર્તણૂક વગેરે સમસ્યાઓથી અસમજંસ સ્થિતિમાં મુકાયેલાં જોવા મળે છે. જ્યારે બીજી બાજુ વાલીઓનું બાળકો પ્રતિ એકાધિકારપૂર્વકનું વર્તન, બાળકોની વ્યથા – વેદના કે લાગણીની ઉપેક્ષા, બાળકોની રસ કે રુચિને ધ્યાને લીધા સિવાય પોતાનાં અરમાનો બાળકો પાસે પૂર્ણ કરાવવાની ઘેલછા, વાલીઓમાં જાગૃતિ અને સાચી દિશાના જ્ઞાનનો અભાવ વગેરે પણ જોવા મળે છે. પરિણામસ્વરૂપે અત્ર તત્ર પારિવારિક વિસંવાદિતાની – અજંપાભરી સ્થિતિ પેદા થતી જોવા મળે છે. આ સ્થિતિના સ્વસ્થ ઉકેલ સારુ – વ્યાપક પરિપ્રેક્ષ્યમાં કેળવણીના ઉમદા ધ્યેયોની પરિપૂર્તિ અર્થે વાલી, શાળા અને શિક્ષકોને પોતાની ભૂમિકા પ્રશસ્ત કરી આપવાના હેતુસર આપણા ઉત્સાહી અને કર્મઠ શિક્ષણવિદ્ શ્રી મનસુખભાઈ સલ્લા અને આવા ધ્યેયોને વરેલા અન્ય ઉમદા શિક્ષણવિદો દ્વારા 'શિક્ષણ પર્વો'નું પ્રસંગોપાત્ત આયોજન કરવામાં આવે છે. આ કેળવણીયજ્ઞમાં લોકશિક્ષક પૂજ્ય મોરારિબાપુ અને 'ગુજરાતી કેળવણી પરિષદ'ની ઊર્જાશીલ સક્રિયતા પણ ધ્યાનાર્હ બની રહે છે.

પ્રસ્તુત ગ્રંથ 'તમારા બાળકને ઓળખો' એ વાલી જાગૃતિ દિશા તરફનો પ્રયાસ છે, કે જેમાં વાલીઓને માર્ગદર્શન – 'વિચારીદીક્ષા' આપતા, આત્મનિરીક્ષણ કરવા પ્રેરતા, મમ્મી-પપ્પાના સ્થાને 'મા-બાપ' કઈ રીતે થવું, બાળમાનસને સમજવા – બાળકોને સાંભળવા માટે પ્રેરતા, વાણી અને વર્તણૂક – આચરણથી રોલ મોડલ બની રહેવા, વાલી – સંતાન તેમજ શાળા અને વાલીના સંબંધોનો ખ્યાલ સ્પષ્ટ કરતા બાળઉછેર અને શિક્ષણ સંબંધી હાથ ધરેલા પ્રયોગો અને તેની ફળશ્રુતિ વગેરે વિશેના ૩૧ લેખો ગ્રંથસ્થ છે. ખાસ ધ્યાનાર્હ બાબત એ કે આ બધા લેખોના લેખકો સિદ્ધહસ્ત અને પ્રયોગશીલ કેળવણીકારો, શિક્ષણચિંતકો, શ્રેષ્ઠ અધ્યાપકો – સંશોધકો, હાડે શિક્ષકનો જીવ, બાળસાહિત્ય અને બાળમનોવિજ્ઞાનના અભ્યાસીઓ – લેખકો, શિક્ષણ સંચાલકો વગેરે વિભિન્ન વર્ગોના અગ્રણીઓ છે કે જેમણે અહીં પોતાના અનુભવોનો અર્ક રજૂ કર્યો છે અથવા પોતાના પ્રયોગો – સંશોધનો – અધ્યયન – અધ્યાપનના અંતે પ્રાપ્ત નિષ્કર્ષો રજૂ કર્યા છે. બીજા શબ્દોમાં કહેવું રહ્યું કે અહીં સૈદ્ધાન્તિક ચર્ચાના / આદર્શના સ્થાને અનુભૂત સત્ય રજૂ કરવામાં આવ્યું છે. પરિણામસ્વરૂપે આ બધાં તારણો વધારે પ્રતીતિકારક બની રહ્યાં છે. આ બધા લેખોનું પરિશીલન કરતાં બધાં જ લેખકોનો એક સૂર સ્પષ્ટ ઊપસી આવે છે કે બાળવિકાસમાં વાલીઓની ભૂમિકા સૌથી મહત્ત્વપૂર્ણ હોવા છતાં વાલીઓની સભાનતાનો અભાવ જોવા મળે છે. આ સંદર્ભે ઉદા. તરીકે આપણા પ્રથિતયશ ચિંતક, કેળવણીવિદ્ શ્રી ગુણવંત શાહે આ પુસ્તકની પ્રસ્તાવના 'ઘર એ જ યુનિવર્સિટી'ના પ્રારંભમાં ત્રણ વિધાનો : 'સંસ્કૃત શબ્દકોશમાં 'મંદિર' શબ્દનો અર્થ છે 'ઘર'. મારી દષ્ટિએ 'ઘર' એટલે યુનિવર્સિટી. માણસ ઘર નામની યુનિવર્સિટીમાં જે પામે છે, તે કદી પણ કોઈ યુનિવર્સિટીમાંથી પામતો નથી''માં વાલીઓને પોતાના 'ઘર'ને જ 'શાળા'માં પરિવર્તિત કરવા જણાવ્યું છે. અર્થાત્ શાળા પાસે જે અપેક્ષાઓ રાખવામાં આવે છે તેની પ્રથમ પૂર્તિ ઘરમાંથી કરવી જોઈએ. જ્યારે શબ્દાન્તરે આ બાબતનો સ્પષ્ટ

અભાવ હોવાની વાત જાણીતા શિક્ષણવિદ્ ભદ્રાયુ વછરાજાનીએ કહી છે : 'મમ્મી-પપ્પા હોવું એ Biological Processનું પરિણામ છે, પણ 'માતા-પિતા' હોવું એ Emotional Responsible Process પછી પ્રાપ્ત થતું બહુમાન છે ! મને જરા પણ ક્ષોભ નથી એવું કહેવામાં કે આજે મમ્મી-પપ્પાઓનો ફુગાવો છે પણ માતા-પિતાઓનો દુકાળ છે' જે એક હકીકત બની રહી છે.

થોડાક લેખોનું હાર્દ જોઈએ : ગ્રંથારંભેનો પ્રથમ લેખ આર્ષદ્રષ્ટા કેળવણીકાર મનુભાઈ પંચોળી 'દર્શક' કૃત 'વિશ્વશાંતિની ગુરુકિલ્લી' એ ગ્રંથની સુચિંતનીય ભૂમિકાસ્વરૂપ છે કે જેમાં માતા-પિતા કે બાળકોને સમજતાં પૂર્વે બાલશિક્ષણશાસ્ત્ર અને બાલશિક્ષણશાસ્ત્રીઓનું માહાત્મ્ય હૃદયસ્પર્શી ઉદાહરણો થકી રજૂ કરવામાં આવ્યું છે, તેમજ બાલશિક્ષણને કલાની ઉપાસના ગણાવીને વાલીઓ, શિક્ષકો અને બાળકોને સાથે મળીને આ ઉપાસના કરવી જોઈએ તેવું તેમનું સ્પષ્ટ મંતવ્ય રહ્યું છે. મનસુખ સલ્લાએ તેમના બંને લેખોમાં પ્રવર્તમાન સમયમાં વાલીઓનું વિષયશિક્ષણ અને પ્રવૃત્તિશિક્ષણને અખંડ ન જોવાનું વલણ, શિક્ષણની ગુણવત્તાના આગ્રહ માટે સંગઠિત ન થતાં માત્ર ફી વધારાના વિરોધ માટે એકઠા થવું, બાળકોના શિક્ષણ માટે બાલમંદિરથી જ વાલીઓની સક્રિયતાનો અભાવ, શાળામાં યોજાતા વાલીમિલનો પ્રતિ ઉદાસીનતા, શાળા પસંદગીના માપદંડોથી અનભિજ્ઞતા વગેરેને ધ્યાને લઈને બાલઉછેર અને બાલશિક્ષણ સંદર્ભે વાલીશિક્ષણને પ્રાથમિક આવશ્યકતા ગણાવી છે. આ જ રીતે ઉષાબહેન જાનીએ અમેરિકામાં યોજવામાં આવતા 'પેરેન્ટસ એઝ ટીચર્સ' તેમજ બાળકોને બાલ્યવયથી પુસ્તકપ્રેમી અને વાંચતાં કરવા જેવા ફળદાયી કાર્યક્રમોમાં સહભાગી થવાની પ્રસન્નતા સાથે તેની મહત્તા દર્શાવી છે. ભદ્રાયુ વછરાજાની અને શ્રીમાતાજીએ વાલીઓને બાળઉછેર સંદર્ભે સૂચવેલ 'સપ્તપદી'ના સાંગોપાંગ પાલનથી ઘણું સિદ્ધ કરી શકાય. પી. જી. પટેલ આજના પાર્ટટાઇમ મમ્મી-પપ્પાને અખંડ વાલી બની રહેવા માટે બાળક સાથે વહાલસોયું વર્તન રાખવાની સાથે સાથે બાળકો કુટુંબથી જોડાયેલાં બની રહે તે માટે પ્રસંગોપાત્ત કુટુંબમેળાના આયોજન તેમજ પ્રતિદિન એકાદ વખત સહભોજન કરવા જણાવે છે. આ અનુભવસિદ્ધ વાતનો અમલ અનિવાર્ય બની રહે છે. મહેન્દ્ર ચોટલિયાએ આજે બાળકો સાથે વધતા જતા અંતરનાં કારણોની ચર્ચા કરીને તેને છૂમંતર કરવા સારુ બાળમાનસને સમજવા, આજ્ઞા-નિષેધો ન થોપવા, બાળકની નબળી કડીઓ અન્યોની હાજરીમાં બાળકને ન ગણાવવા, હકારાત્મક અભિગમ રાખવા વગેરે વિશે બાળમનોવિજ્ઞાનીના અભિગમથી અધ્યયન કરીને પ્રસ્તુત કરેલ વિશ્લેષણ સુચિંતનીય છે. માધવી શાહ તેમના લેખમાં રજૂ કરેલ હોમ સ્કૂલિંગનો પ્રયોગ કે જેઓ છેલ્લા નવ વર્ષથી અન્ય વાલીઓના સહયોગથી સફળતાપૂર્વક કરી રહ્યા છે અને તેના ફોર્મલ સ્કૂલથી ઘણાં સાચાં પરિણામો હાંસલ કર્યાં છે તે માટે તેમની ધ્યેયસાધના અને લગન તેમજ આ અન્વયે બાળકોને જીવનઘડતરલક્ષી કૌશલ્યોના વિકાસ માટે વિવિધ પ્રવૃત્તિઓ કરાવવી, વિષયો શીખવવાની રીત પ્રયોગાત્મક રાખવી, સમૂહ પ્રવૃત્તિઓ, વિવિધ પ્રવાસો અને હેતુલક્ષી શિબિરોનું આયોજન, અભ્યાસક્રમ કે પરીક્ષાનું કોઈ બંધન નહીં વગેરે દૃષ્ટિપૂત પ્રવૃત્તિઓ અભિનંદનીય બની રહે છે. રમેશ સંઘવીએ બાળઉછેરમાં નિયમન અને સ્વાતંત્ર્યની અર્થસભર ચર્ચા કરીને બાળઉછેરનું કાર્ય કુંભકારનો ઘડા સાથેનો વ્યવહાર સાથે સરખાવીને વાલીઓને ચેતાતંત્ર ધરાવતાં બાળકોનો ઉછેર હૂંફાળા સ્પર્શ સાથે કરવા જણાવ્યું છે. બાળ સાહિત્યના સર્જક ઈશ્વર પરમારે બાળકની સર્જનાત્મકતાના વિકાસ માટે વાલીને બાળકના રસક્ષેત્રને અનુરૂપ વાતાવરણ પૂરું પાડવા અને તેની લાગણીઓ સમજવા વ્યવહારુ સૂચનો કર્યાં છે, જે ધ્યાને લેવા જેવાં છે.

અહીં ગ્રંથસ્થ પ્રત્યેક લેખ તેના વાચકની વૈચારિક ચેતનાને સચેતન કરવાની સાથે તેને કાર્યાન્વિત કરવા પ્રેરે તેવો હૃદ્ય છે. આ ઉપરાંત લેખોના અંતમાં ખાલી રહેલ જગ્યામાં બાળકો અને બાળ કેળવણીનું માહાત્મ્ય, બાળવિકાસમાં માતા-પિતાની ભૂમિકા, કેળવણીનું હાર્દ વગેરે રજૂ કરતી દેશ-વિદેશના આર્ષદ્રષ્ટા શિક્ષણચિંતકોની પસંદગીની સૂક્તિરૂપ ચિંતનકણિકાઓ મૂકવામાં આવી છે, જે ધ્યાનાર્હ બની રહે છે. આ સાથે જ નોંધવું રહ્યું અહીં ગ્રંથસ્થ પ્રત્યેક લેખ પણ બાળકને સમજવા માટે વાલી માટે દિશાસૂચન કરતા એકાધિક સુચિંતનીય સૂક્તિરત્નોથી ભરેલો છે. આ પૈકી કેટલાંકનો આસ્વાદ માણીએ :

જીવનઘડતર એ મોટામાં મોટી કલા છે. આરસમાં મૂર્તિઓ કંડારવા કરતાંય તે મહત્ત્વનું ને અઘરું કામ છે. બાલશિક્ષણ એ કલાની આવી ઉપાસના છે. એની ઉપાસના

આપણે સૌ શિક્ષકો, વાલીઓ અને વિદ્યાર્થીઓ સાથે મળીને કરીએ. **મનુભાઈ પંચોળી 'દર્શક'**

જો વાલીઓ માનતા હોય કે પરીક્ષાનું ઊંચું પરિણામ પૂરતું છે અને ચારિત્રઘડતર માટેની પ્રવૃત્તિઓ નકામી છે તો એ ખ્યાલ અધૂરો અને અણસમજવાળો છે. સાચું તો એ છે કે વિષયશિક્ષણ અને પ્રવૃત્તિઓ / કાર્યક્રમોને અખંડ રીતે જોવાં જોઈએ.

**મનસુખ સલ્લા**

બાળકોની બુદ્ધિમત્તાને આદરથી જુઓ, તેના પર ભરોસો રાખો. માત્ર ભણતરના જોરે બાળકની બુદ્ધિમત્તાને માપવા જેવી નથી. નિશાળમાં સારા માર્કસ-ગ્રેડ આવે એટલે છોકરું હોશિયાર અને ખરાબ માર્ક્સ-ગ્રેડ આવે એટલે છોકરું ઠોઠ, એ માન્યતા ખોટી છે, વાહિયાત છે.

**દીપક સોલિયા**

પરિવારમાં થતો આપસમાં વ્યવહાર અને તેથી રચાતું પારિવારિક વાતાવરણ બાળકના જીવનઘડતરમાં ખૂબ અગત્યનો ભાગ ભજવે છે. બાળકને જોઈતાં પોષણ, પ્રેમ અને પ્રોત્સાહન પરિવાર આપે છે.

**ઈશ્વર પરમાર**

બાળકોને અપમાન અને નિરાશાના જે અનુભવો આપણાં ઘરોમાં, શેરીઓમાં ને શાળામાં થાય છે તે બાળકો ભૂલી જતાં નથી. નાનાં હોવાથી તે મૂંગાં રહે છે, પણ તેમના ચિત્તના ચોપડામાં તે સમાજને ખાતે ઉધારી નાખે છે. મોટું થતાં હિસાબ સરભર કરવા તત્પર બને છે.

**ગુલાબભાઈ જાની**

અમે અનુભવ્યું કે બાળક એક વાર 'કઈ રીતે શીખવું' એ શીખી જાય તો પછી આત્મવિશ્વાસ સાથે તે ગમે તે બાબત શીખી શકે છે. પણ જો રટણ કરતાં / ગોખતાં શીખે તો આગળ જઈને ક્યાંક ને ક્યાંક અટકી જઈ શકે છે. **માધવી શાહ**

બાળકની જીદ સાથે કામ પાડવા માટે સમજાવટથી ઉત્તમ બીજો માર્ગ નથી. બાળક પોતાની વાત સમજાવી શકતું નથી માટે જીદનો આશરો લે છે. તમારામાં સમજાવવાની ક્ષમતા નહિ હોય તો તમે પણ સામે જીદ કરશો. **હસમુખ પટેલ**

કોઈ પણ શબ્દકોશની બહારના (અપ) શબ્દો વાપરનારા બીજાના કાન ઉપર તો જુલમ કરે છે સાથે સંતાનની જીભ ઉપર પણ જખમ કરે છે. બાળક બોલી ન શકે તે કમનસીબી કહેવાય પણ બાળકને સૌમ્ય અને સભ્ય વાણીકૌશલ્ય શીખવવામાં મા-બાપ નિષ્ફળ જાય તો તે એક કરુણાંતિકા છે. શબ્દશૈલીની જેમ જીવનશૈલીનાં ઘણાં પ્રકરણો બાળક ઘરમાંથી જ શીખે છે.

**આચાર્ય ઉદયવલ્લભસૂરિ**

પોતાનાં અધૂરા સપનાંઓનો બોજ પોતાના સંતાન પર લાદીને તેને સ્ટ્રેસ અને ટેન્શન થાય તેવા વિચાર, વાણી અને વર્તન વાલીએ ન કરવાં જોઈએ. એક સ્વપ્ન સાકાર ન થાય તો જિંદગી અટકી જતી નથી એવી સમજ બંનેએ કેળવવી પડશે. **છાયાબહેન પારેખ**

જો માતાપિતા બાળકો સાથે ગુણવત્તાયુક્ત સમય પસાર કરે તો ટીવી-મોબાઈલ જેવાં યંત્રો ક્યારેય બાળકોના વિકાસને અવરોધી શકે નહીં. બાળક સાથે સંવાદ કરી શકાય તેવો સમય ફાળવીએ. સાથે સાથે બાળકોનાં પસંદગીનાં ક્ષેત્રો, કાર્યક્રમો અને વિષયો બાબતે સતત સક્રિયતાથી રસ લઈએ.

**ઉમા અને દીપક તેરૈયા**

બાળકને સાવ નાનપણથી વાંચતાં કરવાં, પુસ્તકોને પ્રેમ કરતાં શીખવવાં, માતાપિતાને કેળવવાં એ માટેની સરસ વ્યવસ્થા જરૂરી છે.

**ઉષાબહેન જાની**

બાળકના શૈક્ષણિક વિકાસમાં શાળા અગત્યનું ઘટક ત્યારે જ બને જ્યારે શાળા અને વાલી વચ્ચેના સંપર્કો સમન્વયકારી હોય. **ચંદ્રકાંતભાઈ વ્યાસ**

આ બધી ગુણરાશિથી પ્રભાવિત થઈને આ ગ્રંથને આવકરતાં ગુણવંત શાહે નોંધેલા શબ્દો : ''આ પુસ્તક ગુજરાતના વાલીઓ માટે એક પાઠ્યપુસ્તક બની રહે એવું સમૃદ્ધ થયું છે. વાલીઓને જ્યાં સુધી વિચારદીક્ષા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી 'ઘર' નામની યુનિવર્સિટી જામે તેમ નથી. આ પુસ્તકની વિચારસમૃદ્ધિ વિવિધ લેખકોના મૌલિક વિચારોને કારણે ઘર નામની યુનિવર્સિટીને અર્થપૂર્ણ બનાવે એટલી સક્ષમ છે. આ પુસ્તકને શગ મોતીડે વધાવું છું અને એનો પ્રસાર 'નગરી નગરી દ્વારે દ્વારે' થાય એવી શુભકામના પ્રગટ કરું છું'' આપણો જીવનમંત્ર બની રહે તેવી અભીપ્સા બની રહે છે. આવા સત્ત્વશીલ અને ઉપયોગી ગ્રંથના સંપાદકશ્રી મનસુખ સલ્લા આપણા અભિનંદનના અધિકારી બની રહે છે.

**મણિભાઈ પ્રજાપતિ**

# સંસ્થા સમાચાર

## કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ

ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી વિજય રૂપાણીના સાંનિધ્યમાં 'કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ'નું આયોજન જિલ્લા વહીવટી તંત્ર, ગાંધીનગર દ્વારા શ્રીમતી આર. જી. ગર્લ્સ માધ્યમિક શાળા, સેક્ટર-૨૩, ગાંધીનગરના સહયોગમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળના 'શેઠશ્રી ખીમજી વિસરામ સંસ્કાર ભવન'માં તા. ૨૨ જૂન, ૨૦૧૮ના રોજ કરવામાં આવ્યું. આ પ્રસંગે સર્વ વિદ્યાલય કેળવણી મંડળના પ્રમુખશ્રી ડૉ. કનુભાઈ પટેલ, મંડળના ચેરમેન શ્રી વલ્લભભાઈ પટેલ, ગાંધીનગરના ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોર, કડી સર્વ વિશ્વવિદ્યાલયના ડાયરેક્ટર ડૉ.ગાર્ગી રાજપરા, જિલ્લા કલેક્ટરશ્રી એસ. કે. લાંગા, જિલ્લા વિકાસ અધિકારીશ્રી હિતેશ કોયા વગેરે મહાનુભાવોની ઉપસ્થિત રહી હતી. પ્રાર્થનાથી કાર્યક્રમનો શુભારંભ કર્યા બાદ વિદ્યાર્થીઓ દ્વારા યોગાસનનું નિદર્શન કરાવવામાં આવ્યું હતું, તેમજ એક વિદ્યાર્થિની અને એક વિદ્યાર્થીએ અનુક્રમે 'બેટી બચાવો' અને 'જળ એ જ જીવન' વિશે પોતાનાં સુચિંતનીય 'અમૃતવચનો'ની રસલ્હાણ કરાવી હતી. આ 'પ્રવેશોત્સવ' અંતર્ગત ૨ સરકારી, ૧૦ અનુદાનિત અને ૧ દિવ્યાંગો માટેની શાળા સહિત ૧૩ શાળાઓને આવરી લેવામાં આવી હતી, જેમાં આંગણવાડી, ધોરણ ૧ અને ૯ માં એક હજારથી વધુ વિદ્યાર્થીઓને માનનીય મુખ્યમંત્રીશ્રીએ શાળા પ્રવેશનો પ્રારંભ કરાવ્યો હતો.

માનનીય મુખ્યમંત્રીશ્રી વિજય રૂપાણીએ આંગણવાડીમાં પ્રવેશ મેળવેલ બાળકોને રમકડાં અને દફતર તથા ધોરણ-૧ અને ૯ માં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓને પુસ્તકો અર્પણ કર્યાં હતાં, તેમજ વિવિધ સિદ્ધિઓ મેળવનાર વિદ્યાર્થીઓને સ્મૃતિચિહન અર્પણ કરી સૌને અભિનંદન સહ હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી. પ્રસંગોચિત ઉદ્‌બોધનમાં તેમણે જણાવ્યું હતું કે ગુજરાત રાજ્યના શહેરી વિસ્તારોમાં શાળાપ્રવેશ ઉજવાઈ રહયો છે ત્યારે અમે નિર્ધાર કર્યો છે કે ગુજરાતનું કોઈ બાળક એવું ન હોય કે શાળાએ જતું ન હોય. અગાઉ ૨૦% થી અધિક બાળકો શાળા પ્રવેશ મેળવતાં ન હતાં, તેમજ તેમના ડ્રોપ-આઉટનું પ્રમાણ પણ ઘણું હતું, પરંતુ ૧૦૦% પ્રવેશ અને શૂન્ય ડ્રોપ- આઉટ થાય અને છેવાડાનું બાળક પણ શાળા પ્રવેશ વગર ન રહી જાય તેમજ ૨૦૨૨ સુધીમાં રાજ્યનો સાક્ષરતા દર ૧૦૦% કરવા માટે અમે સઘન પ્રયાસો હાથ ધર્યા છે. આજના મંગળપ્રવેશે બાળકો તેજસ્વી બને, ભવિષ્યના સારા નાગરિક બની ખૂબ આગળ વધે, પોતાના કુટુંબની, ગામની અને દેશની સેવા કરે તેવી શુભેચ્છાઓ પાઠવું છું. આજનો દિવસ વાલી માટે પણ આનંદ અને ગૌરવનો દિવસ છે, કેમ કે પોતાનું બાળક હવે શાળામાં જતું થયું છે. એક સમય હતો કે બાળકને રોકકળ કરતી સ્થિતિમાં ઢસડીને શાળાએ લઈ જવામાં આવતું હતું, જ્યારે આજે સ્થિતિ સાવ બદલાઈ ગઈ છે. આજનું વર્ક કલ્ચર જ વિશિષ્ઠ છે. વિદ્યાર્થીઓને આવશ્યક સગવડો પૂરી પાડવા માટે અને માળખાગત સુવિધાઓ પૂરી પાડવા સરકાર પ્રતિવર્ષ ૨૫ કરોડ રૂપિયા જેટલી રકમ ખર્ચે છે. સરકારી શાળાઓ ખાનગી શાળાઓ સાથે હરીફાઈમાં ઊભી રહે તે હેતુ શિક્ષણની ગુણવત્તા સુધારવા સરકારે સંકલ્પ કર્યો છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે શિક્ષણના અભાવે વિકાસ અટકી જાય છે ત્યારે વાલીઓએ પણ બાળકના શિક્ષણમાં રસ લેવો જોઈએ. માનનીય મુખ્યમંત્રીશ્રીએ પ્રાસંગિક ઉદ્‌બોધન દરમ્યાન 'સર્વ વિદ્યાલય'ના જ્યોતિર્ધરો સર્વશ્રી પૂ. છગનભા, શ્રી દાસકાકા અને શ્રી માણેકલાલ પટેલસાહેબની દૂરંદેશિતાપૂર્ણ સેવાપરાયણ કર્મઠતાની નોંધ લઈને જણાવ્યું હતું કે આ સંસ્થા 'કર ભલા હોગા ભલા'ના ધ્યેય સાથે સ્થપાયેલી છે કે જેના

વિશાળ કેમ્પસમાં પ્રાથમિકથી કોલેજ/યુનિવર્સિટી સુધીના શિક્ષણની સગવડ છે. કાર્યક્રમના અંતમાં આચાર્યા શ્રીમતી સુધાબેન પટેલે હૃદયોલ્લાસ સાથે આભારવિધિ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ધોરણ ૯ ની વિદ્યાર્થિની નિકિતા દેસાઈએ ખૂબ જ પ્રભાવક અને પ્રશસ્ય રીતે કર્યું હતું. પ્રવેશોત્સવનો કાર્યક્રમ સંપન્ન થયા બાદ માનનીય મુખ્યમંત્રીશ્રીના વરદ્હસ્તે શાળા પરિસરમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

## જળ બચાઓ અભિયાન

કડી નગરપાલિકા અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના સંયુક્ત ઉપક્રમે જળ બચાવો અભિયાન અને ભૂગર્ભ ગટર આયોજન અંગે સરદાર પટેલ સોસાયટી ખાતે સર્વ વિદ્યાલયના ચેરમેન શ્રી વલ્લભભાઈ એમ. પટેલ અને કડી નગરપાલિકાના પ્રમુખશ્રી કનુભાઈ પટેલે દસ દિવસીય જન જાગૃતિ અભિયાનની શરૂઆત કરાવી. આ પ્રસંગે કડી નગરપાલિકાના ચીફ ઓફિસર શ્રી અલ્પેશભાઈએ નાગરિકોને રાજ્ય સરકારની સુજલામ સુફલામ જળ અભિયાન યોજના અંતર્ગત પાણીનું મહત્ત્વ સમજાવી જરૂરી પાણીનો ઉપયોગ કરવા અને ભૂગર્ભ ગટરનો સુચારુ ઉપયોગ કરવા – કચરો, કાગળ, કિચન વેસ્ટ, પૂંઠા ભૂગર્ભ ગટરમાં ન જાય તે અંગેની – સમજ આપી હતી. કડી નગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી જશુભાઈ પટેલે જૂની ગટર વ્યવસ્થા અને નવી ગટર વ્યવસ્થા, રોજિંદા પાણી વપરાશમાં કરકસર કરવા, ભીનો અને સુકો કચરાના નિકાલ અંગે, ગટરો ઉભરાવાથી સ્વાસ્થ્ય ઉપર પડતી અસરો વગેરે જેવી બાબતો વિશે જાગૃતિ ફેલાવતો સંદેશ આપ્યો હતો. કડી નગરપાલિકાના અધિકારીઓ અને સર્વ વિદ્યાલયના વિદ્યાર્થીઓએ શેરી નાટક અને પ્રોજેક્ટરથી વિડીયો દ્વારા નાગરિકોને જળ બચાવવા આગ્રહભરી વિનંતી કરી હતી. આ અભિયાનમાં શ્રી હિમાંશુભાઈ ખમાર, નગરપાલિકાના કોર્પોરેટરો, નગરપાલિકાના શ્રી કલ્પેશભાઈ આચાર્ય, સર્વ વિદ્યાલય કેમ્પસની કોમર્સ કૉલેજના પ્રિ. ડૉ. કપિલભાઈ ત્રિવેદી, ડૉ. બાબુભાઈ પટેલ, ડૉ. ચંદ્રેશભાઈ પટેલ વગેરે જોડાયા હતા. અભિયાન દરમિયાન સર્વ વિદ્યાલયની કોમર્સ કૉલેજના અને જુદીજુદી શાળાઓના વિદ્યાર્થીઓએ બેનરો, પેમ્ફલેટ્સ, પોસ્ટરો, સૂત્રોચ્ચાર સાથે કડી શહેરની સોસાયટીઓ અને મહોલ્લા વિસ્તારોમાં ફરી જળ બચાવો અને ભૂગર્ભ ગટર યોજના વિષે નાગરિકોને સવિનય માહિતગાર કર્યા હતા. નોંધપાત્ર છે કે આ અભિયાન દરમિયાન વિદ્યાર્થીઓ સાથે ફરી રહેલી સર્વ વિદ્યાલય કેમ્પસની ટોયટ્રેન આકર્ષણનું કેન્દ્ર બની હતી.

## પ્લાસ્ટિક મુક્તિથી પર્યાવરણ બચાવો

૫ જુન વિશ્વ પર્યાવરણ દિવસે મહેસાણા જિલ્લા કલેકટરશ્રી એચ.કે.પટેલ, ધારાસભ્યશ્રી કરશનભાઈ સોલંકી, કડી નગરપાલિકાના પ્રમુખશ્રી કનુભાઈ પટેલ, સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેનશ્રી વલ્લભભાઈ પટેલ વગેરેની ઉપસ્થિતિમાં કડી શહેરમાં પ્લાસ્ટિક મુકિતથી પર્યાવરણ બચાવો રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. રેલીમાં સર્વ વિદ્યાલય કેમ્પસના વિદ્યાર્થીઓની વેશભૂષા, ટોય ટ્રેન અને અશ્વ સવારો કડી શહેરના નાગરિકોના આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. પ્લાસ્ટિક હટાવો દેશ બચાવો અને પર્યાવરણ બચાવોના નારાઓ થી સમગ્ર વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. જિલ્લા કલેકટરશ્રી એચ. કે. પટેલે જણાવ્યું હતું કે માનવજીવન જેના પર નિર્ભર છે, તે છે પાણી. પીવાના પાણી નો સૌથી મોટો સ્ત્રોત છે ભૂગર્ભ જળ. જેને ચિંતાજનક રીતે ખતરો છે. પ્લાસ્ટિકના હાનિકારક કેમિકલ્સથી જે પાણી જીવન આપે છે, એને બચાવવા પ્લાસ્ટીકનો ઉપયોગ ટાળવા અપીલ કરી હતી. નગરપાલિકા પ્રમુખ કનુભાઈ પટેલે સૌ સાથે મળી પર્યાવરણનું જતન કરીએ અને પ્લાસ્ટિકના નુકશાન થી પતન અટકાવવા અપીલ કરી હતી. સર્વ વિદ્યાલય કેળવણી મંડળના શ્રી વલ્લભભાઈ પટેલે શિક્ષણના પાયામાં જ સ્વચ્છતા વણી લેવા સૂચન કર્યું હતું અને સર્વ વિદ્યાલય પરિવારની સમાજ પ્રત્યેની પ્રતિબદ્ધતા દોહરાવી હતી. કલ્પેશભાઈ આચાર્યએ વિદ્યાર્થીઓ, કોર્પોરેટરશ્રીઓ, શૈક્ષણિક સ્ટાફને પર્યાવરણ બચાવવાનો સંકલ્પ સાથે શપથ લેવડાવ્યા હતા, અને રેલીને સફળ બનાવવામાં સહભાગી થવા બદલ તમામ સંસ્થાઓનો આભાર માન્યો હતો.

## રમતગમત

એસ. જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળા, ગાંધીનગરની ધોરણ : ૮/ઈ ની વિદ્યાર્થીની ફ્લોરા

નિલયકુમાર એન્જિનિયરે ગાંધીનગર ડિસ્ટ્રીક્ટ બેડમિન્ટન એસોસિએશનના નેજા હેઠળ આલોકા સ્પોર્ટ્સ એકેડેમી, લવારપુર ખાતે યોજાયેલ આલોકા બેડમિન્ટન ચેમ્પિયનશીપ સમર - ૨૦૧૮ (ઓપન ગુજરાત) માં અંડર-૧૩ ગર્લ્સ સિંગલમાં પ્રથમ સ્થાન સાથે ટ્રોફી, પ્રમાણપત્ર અને રૂ.૫૦૦૦/- રોકડ ઈનામ મેળવ્યું. અભિનંદન.

## વિશ્વ યોગ દિન

તા. ૨૧ જૂન 'વિશ્વ યોગ દિન' નિમિત્તે શ્રીમતી આર. જી. પટેલ માધ્યમિક અને શ્રીમતી એસ. બી. પટેલ ઉચ્ચ માધ્યમિક કન્યા શાળા, શ્રી જે. બી. પ્રાથમિક શાળા અને એસ. જી. એસ. વી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળાઓમાં યોગ દિનની ઉજવણી સંબંધિત શાળાઓના પરિસરોમાં કરવામાં આવતાં સમગ્ર શાળા-પરિવાર જોડાયો હતો. આ ઉપરાંત શ્રીમતી આર. જી. માધ્યમિક કન્યા શાળાની ૨૫૦ વિદ્યાર્થિનીઓ અને ૭ શિક્ષકોએ ગાંધીનગરના સેન્ટ્રલ વિસ્ટાના મેદાનમાં આયોજિત યોગદિનની ઉજવણીમાં ભાગ લીધો હતો.

## શિક્ષક સજજતા તાલીમ શિબિર

મેઘના નિરંજન શિશુ વિદ્યાવિહાર અને આઈ. એન. પટેલ શિશુ વિદ્યાવિહાર, કડીના શિક્ષકો માટે ત્રણ દિવસીય 'શિક્ષક સજ્જતા તાલીમ શિબિર'નું આયોજન કરવામાં આવતાં તજજ્ઞ તરીકે શ્રી અમૃતભાઈ સુથાર, ડૉ. બાબુભાઈ પટેલ તથા શ્રી શૈલેષભાઈ પ્રજાપતિએ સેવાઓ આપી હતી. શિક્ષકની વિભાવના, શિક્ષકની પરિભાષા, પપેટ તથા ટી.એલ.એમ.ની બનાવટ તેમજ તેનો ઉપયોગ કયારે અને કેવી રીતે કરવો તેના વિશે શ્રી અમૃતભાઈ સુથારે, શિક્ષણ પદ્ધતિ તથા બાળ પુષ્પો અને શિક્ષકનો સંબંધ તેમજ શિક્ષણમાં ભણતર, ગણતર અને ઘડતરનું મહત્ત્વ, કા. પા. કાર્ય અને બાળકોને જાણી સમજી શિક્ષણ કેવી રીતે આપવું તેના વિશે ડૉ. બાબુભાઈ પટેલે, જ્યારે આર્ટ એન્ડ ક્રાફ્ટ તથા પેપર કટિંગવર્કની પ્રાયોગિક રીતે સમજણ શ્રી શૈલેષભાઈ પ્રજાપતિ એ આપી હતી. આ ઉપરાંત એસ.જી. એસ.વી. (ગાંધીનગર) તથા શિવહરી (કડી) અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળાના શિક્ષકો માટે તાલીમ શિબિરનું તા. ૪-૮ જૂન, ૨૦૧૮ દરમ્યાન આયોજન કરવામાં આવ્યું હતું.

## સમર કૅમ્પ

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા સમર કૅમ્પનું આયોજન તા. ૧૯થી ૨૪-૦૪-૨૦૧૮ દરમિયાન સવારે ૮.૦૦થી ૧૧.૩૦ સુધી કરવામાં આવ્યું. આ કૅમ્પમાં ૧૧૦૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ વિદ્યાર્થીઓને વયજૂથ પ્રમાણે ત્રણ વિભાગોમાં વિભાજિત કરીને વિવિધ પ્રવૃત્તિઓના માધ્યમથી પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. પ્રથમ વિભાગમાં બાલમંદિરથી ધોરણ-૨ સુધીનાં બાળકો માટે રીંગ થ્રો, ફુગ્ગા ફોડ, સંગીતખુરશી, બોટિંગ, સાયકલિંગ, ટ્રોય ટ્રેન, કાર્ટૂન ફિલ્મ, એજ્યુકેશન પઝલ, બાસ્કેટ બૉલ, પપેટ શો, ડાન્સ, બાળગીત, બાળવાર્તા, મેજિક શો; બીજા વિભાગમાં ધોરણ-૩થી ૬ના વિદ્યાર્થીઓ માટે કેટેગરી વાઈસ સાપ સીડી, દડાની ગેમ, પાણીની ગેમ, રિંગ ગેમ, રેતીની ગેમ, માટીકામ, ક્રાફ્ટ એરોબિક, કેલિગ્રાફી, કરાટે અને ડાન્સ, ડ્રોઈંગ અને યોગ, જ્યારે વિભાગ-૩માં ધોરણ-૭થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે રાઇફલ શૂટિંગ, એડવેન્ચર, ઝોન, વૉલી બૉલ, મિકેનિક ગેમ, ચેસ, કેરમ, અંકોડી, બ્યુટીશિયન, ટેબલ ટેનિસ, સ્કેટિંગ વગેરે પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

સર્વ વિશ્વવિદ્યાલય વૃત્ત : કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરનું દ્વિમાસિક વૃત્તપત્ર
**વર્ષ : ૮, અંક : ૭, મે-જૂન, ૨૦૧૮, સળંગ અંક : ૪૫**
સંપાદક : **મણિભાઈ પ્રજાપતિ**
પ્રકાશક : **કુલસચિવ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, સેક્ટર-૧૫, ગાંધીનગર-૩૮૨૦૧૬ ફોન : ૨૩૨૪ ૪૬૯૦**
ટાઈપસેટિંગ અને મુદ્રક : **શારદા મુદ્રણાલય, ૨૦૧, તિલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૦૬ ફોન : ૨૬૫૬ ૪૨૭૯**

યુપીએસસી દ્વારા ૨૦૧૭માં લેવાયેલ સનદી સેવાઓની પરીક્ષા (Civil Services Examination)માં મમતા આઈ. એ. એસ. ટ્રેનિંગ સેન્ટર, ગાંધીનગરના ત્રણ વિદ્યાર્થીઓ તેમના નામ સામે દર્શાવેલ ક્રમે પાસ થયા, જ્યારે ૨૦૧૬માં લેવાયેલ પરીક્ષામાં બે વિદ્યાર્થીઓ પ્રતીક્ષા યાદીમાં સ્થાન પામ્યા હતા, જેમની સમયાન્તરે તેમના નામ સામે દર્શાવેલા હોદ્દા ઉપર નિયુક્તિ કરવામાં આવી.



**દેવેન હરીશભાઈ કેશવાલા**

**(૧૯૮૫)**

AIR - 702 in CSE-2017, વતન : પોરબંદર, શિક્ષણ : બી.કોમ, એમ.બી.એ. વૈકલ્પિક વિષય : પબ્લિક એડમિનિસ્ટ્રેશન. ત્રીજો પ્રયત્ન.



**રિયાઝ શફીકભાઈ સરવૈયા**

**(૧૯૯૨)**

AIR - 801 in CSE-2017, વતન : ભાવનગર, શિક્ષણ : બી. ટેક. (ઈ.સી.) વૈકલ્પિક વિષય : ગુજરાતી સાહિત્ય. પાંચમો પ્રયત્ન.



**મોહિત બંસીધર પંચાલ**

**(૧૯૮૯)**

AIR - 846 in CSE-2017, વતન : ગાંધીનગર, શિક્ષણ : બી. ઈ. (આઈ. ટી.). વૈકલ્પિક વિષય : ગુજરાતી સાહિત્ય. પાંચમો પ્રયત્ન.



**ડૉ. ચિરાગ હરેશકુમાર ભોરણિયા**

**(૧૯૮૯)**

Wait Rank 13 in CSE-2016, નિયુક્તિ : IIS (Indian Information Service), વતન : મોરબી, શિક્ષણ : બી.ડી.એસ., વૈકલ્પિક વિષય : ગુજરાતી સાહિત્ય. ચોથો પ્રયત્ન.



**હિમાલા મહેશ જોશી**

**(૧૯૮૬)**

Wait Rank 82 in CSE-2016, નિયુક્તિ : AFHQ (Armed Forces Head Quarters), વતન : જૂનાગઢ. શિક્ષણ : બી.બી.એ., એમ.એ.(ટાટા ઇન્સ્ટિટ્યૂટ ઑફ સોશ્યલ સાયન્સિસ, મુંબઈ). વૈકલ્પિક વિષય : સમાજશાસ્ત્ર. પાંચમો પ્રયત્ન.

**Sarva Vishwavidyalaya Vṛtta : Bimonthly News Letter of Kadi Sarva Vishwavidyalaya, Gandhinagar**
**Year 8, Issue No. 3 May-June2018**
**Editor : Manibhai Prajapati**
**Published by Registrar, Kadi Sarva Vishwavidyalaya, Sector-15,**
**L.D.R.P. Engineering College Campus, Gandhinagar-382016**
**Printed by : Sharda Mudranalay, 201, Tilakraj, Panchwati 1st lane, Ambawadi, Ahmedabad-6**



ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી વિજય રૂપાણીને સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેન શ્રી વલ્લભભાઈ એમ. પટેલ સર્વ વિદ્યાલય પરિસર, સેકટર-૨૩, ગાંધીનગરમાં તા. ૨૨ જૂન, ૨૦૧૮ ના રોજ આયોજિત 'કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ' પ્રસંગે આવકારી રહયા છે તે પ્રસંગની તસવીર.

